# ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 14 ● પ્રકરણ : 03 ● સળંગ અંક : 159 | 26 જૂન 2008 | વાર્ષિક લવાજમ : £25 / £40

## અધોળનો આદમી, બને સવાશેરીઓ ઈન્સાન

○ દાઉદભાઈ એ. ઘાંચી

રવિશંકર મહારાજ, દાદાની સાથે પડેલ એક પ્રસંગ, કૉલેજ અધ્યાપકની મારી કારકિર્દીનાં પ્રારંભનાં વર્ષોની, એક ચિરંજીવ સાંસ્કૃતિક ઘટના બનેલી છે. એનું સ્મરણ થતાં આજે પણ જાણે કે હું વ્યાવસાયિક, મનોવૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક, એમ ત્રિવિધ દૃષ્ટિએ, પુનઃ પુનઃ દીક્ષિત થતો હોઉં એમ લાગ્યા કરે છે.

વર્ષ ૧૯૬૨ના ઑગસ્ટ મહિનાની વાત છે. ત્યારે હું વલ્લભવિદ્યાનગર ખાતે આવેલી, તે વખતની સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ [S.V.V.] અને આજની સરદાર પટેલ યુનિવર્સિટી[S.P.U.]ની શિક્ષણ વિદ્યાશાખાનું પૂર્વસ્નાતક કક્ષાનું શિક્ષણ આપતી એક માત્ર સંસ્થા, તે વખતની સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનીંગ કૉલેજ [S.T.T.C.] અને આજની એમ.બી. પટેલ કૉલેજ ઑવ્ એજ્યુકેશન[M.B.P.C.A.]માં નવોસવો જોડાયેલો અધ્યાપક હતો. કૉલેજ કક્ષાએ શિક્ષણકાર્ય કરનારને 'અધ્યાપક' અને શાળા કક્ષાએ ભણાવનારને 'શિક્ષક' કહેવાનો રિવાજ શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રે પણ પ્રવર્તતી ઉતાર-ચઢાવ આધારિત જ્ઞાતિપ્રથાનો, સંસ્થાનવાદી અહંકારથી, સંકેત કરે છે એમ શું નથી લાગતું ?

એ કૉલેજના સ્થાપક આચાર્ય હતા ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ. એક ખૂબ પ્રતિભાવંત, વિદ્યાર્થીવત્સલ શિક્ષક. એક દૃષ્ટિમંત, નૈતિક હિંમતના સાક્ષાત્ અવતાર જેવા આચાર્ય. એક સમર્થ વ્યવસ્થાપક અને સામાજિક સંકલન(આજના યુગના સોશિયલ નેટવર્કીંગ)ના કાબેલ માહિર હોવા ઉપરાંત ઈશ્વરભાઈ એક મેધાવી તત્ત્વચિંતક અને કર્મઠ સમાજસેવક હતા. ગ્રામમૂલક જીવનશૈલી, ગાંધી પ્રમાણિત મૂલ્યસૃષ્ટિ અને નિઃસ્વાર્થ સેવાભાવના – એ ત્રણે એમની બૌદ્ધિક અને આધ્યાત્મિક સંપદાનાં પ્રમુખ ઘટકો હતાં. કૉલેજનું આચાર્યપદ સ્વીકારતાં પહેલાં, એ આણંદની વિખ્યાત રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા 'ચરોતર એજ્યુકેશન સોસાયટી'ના એક અદના સ્વયંસેવક - વૉલન્ટીઅર હતા. એ હેસિયતથી તેમણે આણંદની દાદાભાઈ નવરોજી હાઈસ્કૂલને રાષ્ટ્ર કક્ષાની એક ઉત્તમ માધ્યમિક શાળા તરીકે વિકસાવી હતી. 'માટીમાંથી માનવી બનાવે એ સાચું શિક્ષણ' – એ એમનો શ્રદ્ધામંત્ર હતો. કૉલેજનું આચાર્યપદ સંભાળતાં જ એ શ્રદ્ધામંત્રને તેમણે કૉલેજનો પોતાનો દાર્શનિક ધ્રુવતારક બનાવ્યો એટલું જ નહીં, પણ પછીનાં વર્ષોમાં તેમણે ગુજરાતની ચાર પ્રમુખ યુનિવર્સિટીઓનું કુલપતિપદ સંભાળતાં સંભાળતાં, એ મંત્રને ગુજરાતના ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પણ પ્રસરાવ્યો.

ખુદ સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ પણ એના પ્રકારની એ વખતની એક વિશિષ્ટ યુનિવર્સિટી હતી. બૃહદ્ મુંબઈ રાજ્યની વિધાન સભાએ પસાર કરેલા એક ખાસ વિધેયક દ્વારા સ્થપાયેલી એ યુનિવર્સિટી, સ્વતંત્ર ભારતની એક અનોખી 'ગ્રામ યુનિવર્સિટી' હતી. આરંભમાં તે તેનું શિક્ષણનું માધ્યમ પણ રાષ્ટ્રભાષા હિન્દી જ હતું. એટલે, દેશના હિંદી-ભાષી વિસ્તારની બહાર આ પ્રકારની એ એક માત્ર યુનિવર્સિટી હતી. સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણ પંચ - 'રાધાકૃષ્ણન્ શિક્ષણ પંચ' (૧૯૪૮-૪૯) દ્વારા ભલામણ કરવામાં આવેલી એવી અનોખી 'ઉચ્ચ ગ્રામ શિક્ષણ' [Higher Rural Education] વ્યવસ્થાનો પ્રબંધ કરનારી એ દેશની પહેલી જ યુનિવર્સિટી હતી. આથી એ સહેજ હતું કે આવી યુનિવર્સિટી, એના ગ્રામલક્ષી સામાજિક-આર્થિક-સાંસ્કૃતિક ઉદ્દેશો[agenda]ને બર લાવવાની ઝુંબેશના એક ચરણ રૂપે, યોગ્ય સજ્જતા ધરાવતા શિક્ષકો તૈયાર કરવાનો કાર્યક્રમ હાથ ધરે. એવા શિક્ષકો કે જે પોતે માટીમાંથી મર્દ થયા હોય, અને માટીમાંથી મર્દોનું ઘડતર કરવાના વ્યવસાયી મિશનને વરેલા હોય ! આચાર્ય ઈશ્વરભાઈ પટેલના નેતૃત્વ નીચે કૉલેજે એ મિશનને ભલી ભાંતિ નિભાવ્યું પણ ખરું.

એ કૉલેજે વિકસાવેલો શિક્ષક તાલીમ કાર્યક્રમ બહુલક્ષી હતો. એમાં એક હતો 'દીપ સે દીપ જલે'નો, જ્ઞાનના સંક્રમણના નવતર - ઈનોવેટિવ - અભિગમ પર રચાયેલો, કાર્યક્રમ. એના અંતર્ગત તાલીમ દરમિયાન નવ-શિક્ષણ તાલીમાર્થી કોઈ નીવડેલા, હૈયા ઉકલત ધરાવતા, શિક્ષકના સંપર્કમાં આવતો, તેની સાથે વિચારોની આપ-લે કરતો, તેની સમસ્યાઓ સમજતાં અને સૂલજાવતાં શીખતો, કોઈક નવવિચાર પ્રયોજવાની પ્રેરણા પામતો, અને સ્વયં શિક્ષિત થતા રહેવાની આત્મસૂઝ, હામ અને શ્રદ્ધા કેળવતો. આધુનિક યુગના વ્યવસ્થાપન [management] શાસ્ત્રની આદર્શ-વ્યક્તિ[role model]ના નમૂના આધારિત વ્યાવસાયિક [professional] તાલીમ પદ્ધતિનો શું ઈશ્વરભાઈનો આ નુસખો એક પ્રકારનો પુરોગામી [predecessor] ન હોઈ શકે ?

ખેર, ૧૯૬૨ના વર્ષના ઑગસ્ટ મહિનાની પંદરમી તિથિની એ સાંજ કૉલેજના તાલીમાર્થીઓ અને અમે અધ્યાપકો માટે 'દાદા' સમાન અસામાન્ય શિક્ષકના સાન્નિધ્યમાં ગાળવા મળી હતી, તેનું શ્રેય કૉલેજે અપનાવેલી રોલ-મૉડેલ આધારિત તાલીમ પદ્ધતિની નીતિને ફાળે જાય છે. અમારા સૌને માટે વ્યવસાયને અર્પિત થવાનો એ પવિત્ર પ્રસંગ હતો ! સૌના આત્મશિક્ષણ અને નવસંસ્કરણ માટેનો એ અમૂલ્ય અવસર હતો !

અલબત્ત, 'દાદા' પાસે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કે અધ્યાપકોને ભણાવાની કોઈ ઔપચારિક પદવી તો હતી જ નહીં ! છતાં ય, ઈશ્વરભાઈએ આગ્રહ કરીને, એમને એ સાંજ પૂરતું અમારું ગુરુપદ લેવા વિનવેલા, કારણ કે એમની પાસે એ પદ માટેની મબલખ સૂક્ષ્મ સજ્જતા હતી - સીધું, સાદું, સરળ, પ્રેમ નીતરતું, તમામ પ્રકારનાં કૃત્રિમ આવરણોથી નિતાંત મુક્ત એવું વ્યક્તિત્વ, અંતરનાં ઊંડાણમાંથી ઉદ્ભવતી મૃદુ વાણી, જે સાંભળતાં વેંત એશિયાના મહાન ચિંતક કવિ 'ઈકબાલ'ની યાદ તાજી થઈ જાય :

*જો બાત દિલ સે નિકલતી હૈ, અસર રખતી હૈ*
*ઊસે પર નહીં, લૈકિન વો તાકતે પરવઝ રખતી હૈ*

અને સમાજરૂપી વિશ્વવિદ્યાલયના લોકશિક્ષક તરીકે એમણે વિકસાવેલું આગવું તત્ત્વચિંતન. આ એ જ લોકગુરુ હતા જેની પાસે પોતાના ગામસમાજરૂપી વિદ્યાર્થીઓની વિકાસ જરૂરિયાતોની સ્પષ્ટ સમજ હતી, એમની અસંખ્ય મર્યાદાઓ, ઊણપો, સ્ખલનો, અરે ગુનાઓ પ્રત્યે સહાનુભૂતિ ભરી, કરુણાસભર, ઉદાર અને ઉમળકાભેર સહાયરૂપ થવાની પ્રામાણિક સમજદારી હતી.

તેથી જ તો 'દાદા' એ સાંજે અમારી સાથે એક સપાટીએ જ બેઠેલા ! એ કહેતા કે પાણીને વહેવા માટે અસમાન સપાટી જોઈએ; પણ પ્રેમ તો એક સમાન સપાટીએ જ વહી શકે ! વિદ્યાનું સંક્રમણ નિર્વિઘ્ને થઈ શકે એ માટે શિક્ષક

# ઓપિનિયન

- *"ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.*
- *"ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.*
- *"ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.*
- *એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.*
- *"ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.*
- *લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.*
- *ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.*
- *જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.*

---

## લવાજમના દર

વાર્ષિક લવાજમ આ દેશ માટે **£25** તેમ જ પરદેશ માટે **£40** છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communicationsને મોકલવો.

◆


લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY, Middlsex HA0 2JZ [U.K.]

Tel. : [+44] 020 - 8902 0993

e.mail : vipoolkalyani.opinion@btinternet.com


◆


ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

Tel. : [022] 2386 2843

Fax : [022] 2826 1155/1166

e.mail : bharti_parekh@hotmail.com

સંપર્ક : ભારતીબહેન પારેખ


◆

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 2,000ની રકમ, Vipool Kalyani ને નામે લખી મોકલવી

---

### ગ્રાહક પત્રિકા :

Name : ..............................................................

Address : ..........................................................

.........................................................................

Post Code : .......................................................


Telephone : .......................................................

e.mail : ..............................................................

Subscription : £25 / £40

Date : ................................................................

અને વિદ્યાર્થી બંને જણ ગુરુશિષ્યનો સમાન નાતો સ્થાપિત કરે એ અનિવાર્ય ગણાયું છે ને ? એ માટે જોઈએ પરસ્પર પ્રત્યે વિશ્વાસ, પ્રેમ, આદર અને શ્રદ્ધા. આ વિચારધારાને અમલમાં મૂકીને એમણે અમારી સમક્ષ કોઈ ભાષણ ન કરતાં, પ્રશ્નોત્તરી કરવાનું રાખેલું. ચર્ચાનો દડો રમતો કરવા, 'દાદા'એ બે સંદર્ભો આપ્યા. એક, ભારત આઝાદ થયે પંદર વર્ષ થયાં છે, મજલ લાંબી છે, પ્રશ્નો અસંખ્ય છે. શિક્ષક તરીકે તમે શું કરશો ? બીજો સંદર્ભ છે ગુજરાતનો. અલગ રાજ્ય થયાને એને માંડ બે વર્ષ થયાં છે. પ્રશ્નોનો પાર નથી. શિક્ષક તરીકે તમે શું કરશો ? આ વૈશ્વિક [global] પ્રશ્નની ફરતે ચર્ચાનો દોર ઘૂમવા લાગ્યો. કોઈકે અડપલું કરતાં પૂછ્યું : 'દાદા, તમે શું કરો ?'



મરક - મરક વદને, દૃષ્ટિ સ્થિર કરી, દાદાએ જાહેર કર્યું : 'હું જાતે ઘસાઈ જઈશ. તનથી, મનથી, વિચારોથી, ... ... બધી રીતે હું ઘસાવાનું પસંદ કરીશ. ઘસાઈશ એટલે હું ઉજળો થઈશ; અને ઈશ્વર કરશે તો, મારાં ભાઈભાંડુના અંધારિયા જીવતરમાં એક રજ જેટલું ય અજવાળું થશે ને તો હું ધન્ય થઈ જઈશ.' બે બુઝર્ગ આંખો, એ દિલના રણકાની સાથે સાથે, જાણે કે અમારાં અંતર અજવાળી રહી હતી ! અમારાં હૃદય પડઘાવી ઊઠ્યાં : અમે પણ ઘસાઈને ઉજળા થઈશું ! અમારા વિદ્યાર્થીઓ માટે પણ એ જ કેળવણી હશે !

એ લાગણી સભર પળથી ક્ષણિક ગદ્‌ગદ્ બની રહી, દાદાએ સ્વસ્થતાનો હળવો ખોંખારો ખાઈ, વાતનો દોર આગળ ચલાવ્યો : 'પણ આપણે ઘસાવા યોગ્ય બનવું પડે. કોણ ઘસાઈ શકે ? જેનામાં ત્રેવડ હોય એ જ તો ! એ ત્રેવડ ઉપરથી નથી વરસતી; એ અંદરથી સ્ફૂરવી જોઈએ. મનની ત્રેવડ, હૃદયની ત્રેવડ, આત્માની ત્રેવડ. એ ત્રેવડ વગર માણસની કેટલી વિસાત ? અધોળ, માત્ર અધોળ ! ઘણા લોકો તો જન્મે ત્યારે અધોળ, અને મરે ત્યારે પણ અધોળ હોય છે. અધોળનો તો કાંઈ અવતાર છે ? ભારતના અને ગુજરાતના લોકોને અધોળના સવાશેરીઆ થવાનું બાપુએ શીખવ્યું છે. એ શીખ બાપુએ જિંદગીમાં આચરી બતાવી એટલે તો એ મોહનમાંથી મહાત્મા બનેલા ને ?' ગાંધી ફિલસૂફીની આવી સરળ મીમાંસા દાદા સિવાય બીજું કોણ કરી શકે ? એમણે ગાંધીજીને ખુદના કોઠામાં જ નહીં, સંપૂર્ણ વ્યક્તિત્વમાં, ઉતારેલા એ જોઈ શકાયું. અનુભવી શકાયું. શીખવવાની સઘળી અનુભૂતિ આટલી રોમાંચક બનાવી શકવાનો કરિશ્મો તો દાદા જેવો અદ્દભૂત ફિરસ્તો શિક્ષક જ કરી શકે એનો એહસાસ અમને એ વિરલ ઘડીઓમાં થયો. દાદા જાણે અંતરમાં સાદ દઈ રહ્યા હતા : અધોળમાંથી સવાશેર તું જાતે બન. સતત બન્યા કર, અને તારા વિદ્યાર્થીઓને પણ એવા બનાવ, અહર્નિશ બનાવ. અધોળમાંથી સવાશેર ... ...

દાદા વિનોદી પણ ખરા. 'સવાશેરી'નું રહસ્ય છતું કરતાં એમણે કહ્યું. 'આ સવાશેરી આપણા સંસ્કારમાં વણાયેલી રહેલી છે. કોઈ આપણને હુલાવે-ફુલાવે તો આપણને સવાશેર લોહી ચઢે છે, ખરું ને ? તમે શિક્ષક બનો ત્યારે તમારા વિદ્યાર્થીઓને સવાશેર લોહી ચઢે એ સારું શું કરશો ? કયું વસાણું ખવરાવશો ? અમારા કેટલાક શિક્ષકો તો 'સોટી વાગે ચમ - ચમ, ને વિદ્યા આવે ધમ - ધમ' કરવામાં પાવરધા હતા. પછી અમને લોહી ક્યાંથી ચઢે ?

એ પળે અમારામાંથી કેટલાંકે, વિશેષ કરીને બહેનોએ, ચાબખાની ચિચિયારી પણ પાડી ! દાદા જેવા દિલદાર શિક્ષકની દૃશ્ય-શ્રાવ્ય અભિવ્યક્તિ જ એના વિદ્યાર્થીઓમાં આવી મનો-દૈહિક [psycho-somatic] સિસકારી જન્માવી શકે ! આવા સંવેદશીલ શિક્ષકો તૈયાર કરવાની અમારી નૈતિક જવાબદારી અમે કેવી રીતે નિભાવી શકીશું, એ વિચાર અમે અધ્યાપકોના અંતરને એ વેળા હલબલાવી રહેતો લાગેલો. દાદાનો સંદેશ એ હતો કે આપણી શાળાઓ - મહાશાળાઓમાં અપાતી કેળવણી જીવનલક્ષી બને એ માટે શિક્ષક અને વિદ્યાર્થી બંને સવાશેરીઆ બને એવા પ્રબંધો થતા રહેવા જોઈએ. ગાંધીજીનો 'નઈ તાલીમ'નો ખ્યાલ એવા પ્રબંધો ઊભા કરવા માટેનો હતો. કમનસીબે, એ ખ્યાલ ખુદ કર્મકાંડની ભરમાળમાં ખોવાઈ ગયો; અને શેષ રહ્યું નિર્જીવ ખોખું ! એ અફસોસ લાંબો ચાલે તે પહેલાં દાદાએ, જાણે કે દીક્ષાન્ત વચનો કહેતા હોય, એમ કહ્યું : 'આ કૉલેજમાંથી તમે ઘડાઈને સાચા અર્થમાં સવાશેરીઆ બન્યા હશો તો "મને કોઈ લ્યો, કોઈ લ્યો" એવી કાકલૂદી તમારે કરવી નહીં પડે એની ખાતરી રાખજો. તમારાં વિત્તની સવાશેરીની સમાજને ખાતરી થશે તો "અહીં આવો, અમારે ત્યાં આવો" એવી આવકારક વિનંતીઓ તમને સામે પગલે આવીને કરાતી સંભળાશે. એ સવાશેરી તમારા આત્મ સન્માનને સવાયો કરશે. મારા આશીર્વાદ છે.'

'એ સવાશેરી હશે તમારાં ચારિત્ર્યની, જ્ઞાનની, આવડતોની, કૌશલ્યોની, હૃદયના ગુણોની, વિદ્યા અને વિદ્યાર્થી પ્રત્યેના નિર્મળ પ્રેમની અને ઘસાઈ છૂટવાની તીવ્ર જલનની. તમારામાં એવી સવાશેરી ખિલશે, એટલે તમે પણ, શાસ્ત્રોએ જેનો મહિમા ગાયો છે એવા વિશ્વવંદ્ય ગુરુઓની જમાતમાં સામેલ થશો. એની ખાતરી રાખજો.' અને દાદાએ, સવાશેરી ગુરુઓની વંદના કરતા શ્લોકની યાદ આપી, એ રળિયામણી સાંજની ગોષ્ઠિનું સમાપન કર્યું :

*ગુરુર્ બ્રહ્મા, ગુરુર્ વિષ્ણુ, ગુરુર્ દેવો મહેશ્વર:,*
*ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમ:.*


[Park House, 71 Moorhead Lane, SHIPLEY, West Yorkshire WD18 4JN U.K.]

# 'આપણી કથા, આપણી વ્યથા, આપણો હરખ ઓર ...'

'પૂર્વ આફ્રિકામાં' નામે, આચાર્ય કાકાસાહેબ કાલેલકરનું એક પ્રવાસવર્ણન છે. આ ચોપડીનું ૧૩૫મું પાન જોઈએ તો કાકાસાહેબની આ નોંધ વાંચવા મળે છે :

'કરાટુમાં એક ગુજરાતી ભાઈએ બહુ હેતપૂર્વક અમને કેસરિયા દૂધ પાયું. જતાં એમને ત્યાં થોભ્યાં નહીં એ માટે અમને ઠપકો આપ્યો અને પાકાં કેળાંની એક લૂમ અને જાતજાતના ફળ અમારી મોટરમાં લાદી જ દીધાં ! શો આ લોકોનો નિષ્કામ પ્રેમ ! અમે એમને માટે શું કર્યું હતું ? શું કરી શકવાનાં હતાં ? એમની કે અમારી જિંદગીમાં ફરી વાર મળવાનો સંભવ પણ ઓછો. અને છતાં ઘરનાં કુટુંબી હોઈએ એવા પ્રેમથી અમારી સાથે એ લોકો વર્તતા આવ્યા છે. પોતાની બાહોશી કે બહાદુરીનાં બણગાં ફૂંકવાનું પણ એમને સૂઝતું નથી. આખા પૂર્વ આફ્રિકામાં અમને જ્યાં ત્યાં આવા ગુજરાતી ભાઈઓ મળ્યા છે અને દરેક ઠેકાણે એ જ પ્રેમનો ઊભરો અમે અનુભવ્યો છે.'

લેખકને જેમનું નામ સુદ્ધા યાદ રહ્યું નથી, એવા આફ્રિકે કમાવાધમાવા ગયેલા અસંખ્ય લોકોની આ નિષ્કામી જમાતમાંના એક, આ તદ્દન સામાન્ય માણસ અબીહાલ જો હયાત હોત, તો આજે પૂરા એકસો વરસના થયા હોત. ઉપરછલ્લું સંશોધન કરીને કહીશું કે પુસ્તકમાં 'કરાટુ' સ્થળની વાત લેખક લખે છે, પરંતુ આ ઘટના 'મ્ટોવામ્બુ' નામે નાના અમથા ગામની છે. અને એ ગુજરાતી ભાઈનું નામ છે, ભગવાનજી ઓધવજી કલ્યાણી. ન એમને કોઈ બાહોશી કે બહાદુરીનાં બણગાં અને વળી પાછું પોતાનું નામ પણ ઓગળી જાય ત્યાં સુધીનું સરળ સ્ફટિક શું એમનું વ્યક્તિત્વ.

વિક્રમ સંવંત ૧૯૫૬માં, હિંદમાં પડેલા દુકાળને 'છપ્પનિયો કાળ' કહે છે. તે સમયે સમગ્ર દેશમાં ચોમાસું નિષ્ફળ ગયેલું. કહે છે કે બસ્સો વરસમાં ન અનુભવેલો એવો એ દુકાળનો કાળ હતો. કાઠિયાવાડમાં ય તેની ભયંકર અસર પડી. ઈતિહાસવિદ્ જયકુમાર શુક્લના મત અનુસાર, 'અનાજ અને ઘાસચારાની તંગી પેદા થઈ. નાના ખેડૂતો, કારીગરો અને જમીનવીહોણા મજૂરોને સૌથી વધારે અસર થઈ.' 'છન્નવા'માં ય પાછી આવી અસર ઊભી થયેલી. અને તેને કારણે, ફરી પાછા, કાઠિયાવાડમાં ય દુકાળના ઓળા ઊતર્યા હશે. લોકોને માટે ખેતર ખેડવાં મુશ્કેલીઓ અનુભવવી પડતી હશે. ચોગમ નજર કરો તો ય ક્યાં પણ રોજગારી નહીં હોય; તેવા તેવા વસમા દિવસોમાં, કાચી વયે હોડકે સવાર થઈ, ભવિષ્યને ઊજમાળું કરવા, જે પેઢી નીકળી પડેલી, તેમાં જામખંભાળિયે જન્મેલા આ ભગવાનજીભાઈ પણ ખરા.

એ દિવસોમાં પિતા ઓધવજીભાઈ, ગામ વચ્ચે આવેલા એક મંદિરમાં, પૂજારીના સહાયક તરીકે સેવા આપે. બદલામાં તેમને ભોજનની એક થાળી પૂજારી દ્વારા મળે. આ વડીલ એ ભરેલી થાળી ઘેર આણે અને બે માણસ પોતે, તેમ જ છૈયાં સંગાથે, એ ભાણું આરોગે. એવા તે કપરા દિવસો હતા. તેવાકમાં, કિશોરાવસ્થામાં જ પિતા પાછા થયા અને મરણના ત્રીજાચોથા દિવસે, મોટાભાઈ મગનલાલભાઈને તદ્દન કાચી ઉંમરે પરદેશે કમાવા ઉપડી જવું પડ્યું. તેમની પાછળ, પછીના બીજા મોટા ભાઈ, કેશવજીભાઈ નીકળી ગયા, અને ૧૯૨૪ના અરસામાં, ભગવાનજીભાઈ પણ આફ્રિકે ગયા. ત્યાં એમણે નસીબ અજમાવવાનું જ રાખ્યું. મોશી - અરુશાના આગળપાછળના દિવસો ઉપરાંત, મન્યારા અને ઈયાસી સરોવરો વચ્ચે આવેલા ડોંગબેશ, ઈન્દલાકાન, મ્બુલુ, મ્ટોવામ્બુ જેવા જેવા વન્યપ્રદેશમાં એ રોજીરોટી સારુ ઊતરી પડેલા. એ દિવસોમાં ચોપાસ કોઈ પોતીકું જડે નહીં. ભજનકીર્તન અને રામાયણવાંચન એ જ એમના ઘટમાં ઘેરાં ગહેકતાં રહ્યાં. એ ભજનમાં રત રહેવા લાગેલા. સરસ હલકે ગાતા અને રમમાણ બની જતા. ક્યારેક એકતારાના સાથમાં એમને ભજનો ગાતા સાંભળ્યા છે. એમનો કંઠ નરવો હતો. એમના કંઠમાં ગવાયેલાં તુલસીકૃત રામાયણનાં ચોપાઈ, છંદ અને દોહા, ઉપરાંત હનુમાનચાળીસાનો પાઠ, આજે આટઆટલા વરસે ય મનમાં સતત પડઘાયા કરે છે. કેમ કે એમનું સમૂળું જીવન 'ઘરઆંગણે કૂંડામાં રહેલા તુલસીના છોડ' જેવું હતું.

સુરેશ દલાલે અન્યત્ર લખ્યું છે તેમ, 'આખું જગત પ્રવૃત્તિના જાયન્ટ વ્હીલ સાથે વ્યામોહથી જોડાયું હોય ત્યારે કામની બધી જ પ્રવૃત્તિઓથી અળગા રહેવું અને દુનિયા જેને નકામની પ્રવૃત્તિ ગણે એવી ... પ્રવૃત્તિમાં રહેવું એ વિરલ નહીં, પણ મુશ્કેલ તો છે જ.' ભગવાનજીભાઈના જીવનની પણ એવી જ કોઈક ઘટમાળ હતી. હિંદથી આફ્રિકે ગયેલા આ જીવને મોટી વયે, ભારત સ્થળાંતર કરવાનો વારો આવ્યો; તથા પાછલી વયે, બ્રિટન. જયંત કોઠારીએ ક્યાંક લખેલું છે તેમ, *'મૃત્યુ હજો એવું મને - કે છેક છેલ્લી પળ સુધી આ જિંદગી જીવી જવા ઉત્સાહ ના ખૂટે ને મોત જ્યાં નજરે પડે ત્યાં દેહ આ તજતાં જરા ઉદ્વેગ ના ઊઠે મૃત્યુ હજો એવું મને.'* અને લગભગ આવું જ કંઈક ભગવાનજીભાઈના જીવનનું કહી શકાય. સપ્ટેમ્બર ૨૦૦૧ દરમિયાન, એમણે પોતાની જીવનલીલા બ્રિટનમાં સંકેલી લીધેલી. ત્યાં લગીના નવ ઉપરાંત દાયકાના પટમાં, ઉત્સાહ અને ઉદ્વેગ વચ્ચેની ભીંસ વચ્ચે પણ, તેમનો માંહ્યલો ઉત્સાહ વિજેતા બનતો અનુભવાયેલો. મકરંદ દવે 'વિદાય લેતા આત્માની વાણી' ગીતમાં લખે છે તેમ, *'આપણી કથા, આપણી વ્યથા, આપણો હરખ ઓર, સૂના સૂના ગઢમાં બોલે મેના, પોપટ, મોર.'* ... ખેર !

કાકાસાહેબ 'પૂર્વ આફ્રિકામાં' પુસ્તકના આરંભમાં જ લખે છે : ' ... અહીંનાં લોકો આપણા સામા કાંઠાના પાડોશીઓ જ છે. અહીંનાં મોજાંઓ ત્યાં અથડાય છે, ત્યાંનાં અહીં અથડાય છે. તરત આત્મીયતા બંધાઈ ગઈ. અને એ પણ ખ્યાલ આવ્યો કે આ આત્મીયતા આજની નથી, આજના જમાનાની નથી, આપણો પાડોશ હજારો વરસનો જૂનો છે. ... ' આવી જ કોઈક પાડોશગત સંવેદનશીલ આત્મીયતા સાથે, ભગવાનજીભાઈના વારસદારોએ, એક અદકેરું કામ હમણાં કર્યું છે. ભગવાનજીભાઈને દેશ્ય ભજનોમાં ઊંડો લગાવ હતો. અને, તેથીસ્તો, ભગવાનજી ઓધવજી કલ્યાણીની સ્મૃતિમાં, આપણી વિરાસત સમા ભજન સાહિત્યનાં જ એક સોજ્જા નક્કર કામમાં ચપટી હાથવાટકો થવાનો જોગ શેષ પરિવારવૃંદે ઊભો કરી આપ્યો છે.

સૌરાષ્ટ્રનાં સંતસાહિત્યનું સંશોધન, ધ્વનિમુદ્રણ, સંકલન, અધ્યયન અને સંરક્ષણનું કામ, વીસબાવીસ વરસોથી, રાજકોટ જિલ્લાના ગોંડલ શહેર પાસેના ઘોઘાવદર ગામે સ્થપાયેલા આનંદ આશ્રમમાંથી, નિરંજન રાજ્યગુરુ કરતા રહ્યા છે. ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં નહીં નોંધાયેલા એવા અનેક તેજસ્વી સંત-કવિઓ સોરાષ્ટ્ર પ્રદેશમાં રહ્યા છે. એક એકથી ચડિયાતાં સેવાધામો - સંતસ્થાનો અર્પનારી, ગૌસેવા, માનવસેવા, અન્નદાન અને ઈશ્વરસ્મરણની શીખ આપતી વિવિધ સંતપરંપરાઓ આજે પણ સૌરાષ્ટ્રમાં મોજૂદ છે. સમગ્ર લોકજીવન ઉપર જેની ઘેરી - અમીટ છાયા પથરાયેલી છે અને લોકોના ધર્મ તથા સાહિત્ય વિષયક વિચાર, રહેણીકરણી, આચારવિચાર અને ધાર્મિક ક્રિયાઓ - વિધિવિધાનો ઉપર જેનો વ્યાપક પ્રભાવ આજ સુધી ટકી રહ્યો છે. એવાં સંતસંસ્કૃતિ અને સંતવાણી - સંત સાહિત્ય વિશે, સંતોની જીવનપ્રવૃત્તિઓ અને વિભિન્ન પરંપરાઓ વિશે પ્રમાણભૂત કહી શકાય તેવું સંશોધનકાર્ય આજ સુધી થઈ શક્યું નથી. આજ લગીના આ ઉપેક્ષિત કાર્યક્ષેત્રમાં કંઠસ્વરૂપે ઊતરી આવેલું અને ક્યાંક ક્યાંક હસ્તપ્રતોમાં જળવાયેલું આ સાહિત્યધન આજે લુપ્ત થતું જાય છે.

નિરંજન રાજ્યગુરુએ સૌરાષ્ટ્રના ૧૩૪ જેટલા સંત-કવિઓની વર્ણાનુક્રમે એક યાદી તૈયાર કરી છે. આપણા આ વિસરાતા જતા પરંપરિત વાગ્વારસાને અને લોકસંગીત-ભક્તિસંગીતની લુપ્ત થવાને આરે ઊભેલી વિરાસતને, ભવિષ્યની પેઢી માટે કાયમી જાળવી રાખવા એમણે એક નક્કર યોજના તૈયાર કરી છે. આ અભૂતપૂર્વ કામમાં 'મેગ્નેટ ટેકનોલોજિસ'ના અશોક કરણિયાની સહાય મળતા, એ યોજનાને હવે ચિરંજીવ કરી શકાય તે માટે ભગવાનજી ઓધવજી કલ્યાણીનાં પત્ની રાધાબહેન તથા શેષ પરિવારે આર્થિક યોગદાન આપવાનું રાખ્યું છે.

દુલા ભાયા કાગ પારિતોષિક વિજેતા તથા શિવમ્ પારિતોષિક વિજેતા નિરંજન રાજ્યગુરુ ખુદ સૌરાષ્ટ્રની આ સંતસાહિત્ય પરંપરાના પરખંદા છે. એમણે આ ક્ષેત્રે સંશોધનકામ કરતાં કરતાં ડૉક્ટરેટપદ પણ

હાંસલ કરેલું છે. આ સમૂળા કામનો આદર ગુજરાત સ્થાપન દિને એટલે કે ગઈ ૧ મે ૨૦૦૮ના રોજ કરવામાં આવ્યો છે. નિરંજનભાઈના કહેવા મુજબ એમના આ કામને જોમ મળ્યું છે, અને અત્યાર સુધીમાં ૪૫ ઑડિયૉ કસેટ્સ બાબતનું કામ પૂરું થયું છે. આવી બીજી છસ્સો ઉપરાંત કસેટ્સનું કામ હવે હાથ ધરવાનું રહે છે. આ કામ મોટું છે, અટપટું છે અને યાત્રા લાંબી છે. એમ છતાં, એ યાત્રાને સફળ કરવાની તેમ જ જોવાની તાતી આવશ્યક્તા પણ છે. આ સઘળાં ભજનોનું અક્ષરાંકન કરવાનું અને તે દરેકને ડિજિટલાઈઝડ કરવાનું કામ કરવાને સારુ પણ એમણે ત્રણચાર સાથીસહાયકોની ગોઠવણ કરી છે. આટલું કમ હોય તેમ મકરંદ દવે તથા નિરંજનભાઈ વચ્ચે અરસપરસ લખાયેલા ૧૪૪ પત્રોનું સંકલન - સંપાદનનું કામ પણ આ સંગાથે છોગારૂપ બનવાનું છે. આગામી બેએક વરસના સમયગાળામાં આ સમૂળું સંતસાહિત્ય ચિરંજીવ કરવાનું કામ બનશે, એમ અબીહાલ દેખાઈ રહ્યું છે. મકરન્દ દવેએ કહ્યું હતું તેમ, 'ભાઈ નિરંજનના અંતરમાં અવધૂતી રંગ ઘોળાયો છે. એ રંગના છાંટણા સહુને મળે એવી મનીષા છે.'

આવા અવધૂતી રંગમાં રગરગ એકરૂપ બનેલા નિરંજન રાજ્યગુરુ પ્રત્યેની એ મનીષાને સાકાર જોવામાં અહીંનો એક પરિવાર સક્રિયપણે જોડાયો છે, તેથી પણ આ સમૂળા સોજ્જા પ્રકલ્પનું સહૃદય સ્વાગત છે.

(૨૬ મે ૨૦૦૮)

## 'ભાગ્યવિધાતા' : જીવનકથાનિષ્ઠ નવલકથા

યુરોપભરમાં, જમણેરી વિચારધારાનો પરચમ લહેરાતો થયો એ દહાડામાં, સમાજવાદી લોકશાહીનો નાદ ચોમેર ગજવનાર તરીકે પોતાને જોતા, સ્વીડનના પૂર્વ વડા પ્રધાન ઓલોફ પામે એક વાર કહેલું, 'હું જાણું છું કે થોડાક સમયગાળામાં, થેચરો તથા રેગનો ફેંકાઈ જવાનાં છે. આપણે, ત્યાં સુધી તો, ચેતનવંતા રહેવું જ રહ્યું.' ૨૮ ફેબ્રુઆરી ૧૯૮૬ના એ ગોઝારા દિવસે, મારા જેવા અનેકો સારુ ભૂમિકા સ્વરૂપ (રૉલ મૉડેલ) સ્વપ્નસેવી આગેવાન બની રહેલા આ ઓલોફ પામની હત્યા કરવામાં આવેલી.

આવા ભૂમિકા સ્વરૂપ, બીજા એક સ્વપ્નસેવી આગેવાનની વાત આજે અહીં માંડવી છે. એમનું નામ છે જ્યુલિયસ કામ્બારાગે ન્યરેરે. પશ્ચિમ ટાન્ઝાનિયાના ઝાનૂકી કબીલાના વડા બુરિટો ન્યરેરેના આ સંતાનનો જન્મ બુટિયામા ગામે, ૧૩ એપ્રિલ ૧૯૨૨ના રોજ થયો હતો. પોતાના વ્યવસાયને કારણે દેશ અને દુનિયામાં 'મ્વાલિમુ' (આચાર્ય) તરીકે જાણીતા બનેલા આ આગેવાન, ટાન્ઝાનિયાના 'બાબા વા ટાયફ્ઞ' (રાષ્ટ્રપિતા) તરીકે ય પંકાયા છે. ટાંગાનિકા ૯ ડિસેમ્બર ૧૯૬૦ના દિવસે આઝાદ બન્યું ત્યાંથી માંડીને ૧૯૮૫ સુધી, ન્યરેરે રાષ્ટ્રપ્રમુખને પદે રહ્યા હતા. શાસનના નેતા પદેથી રાજીનામુ આપ્યા બાદ, ન્યેરેરેએ પક્ષના આગેવાન તરીકે લોકસંપર્ક કરતા કરતા શેષ જીવનમાં લોકઘડતરનું ઉમદા કામ કરેલું છે. લૂકેમિયાની જીવલેણ વ્યાધિને કારણે, એમનું અવસાન ૧૪ ઑક્ટોબર ૧૯૯૯ના દિવસે થયું હતું.

ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય જગતમાં લાંબી લેખણે લેખનકામ કર્યા કરતા અમેરિકાનિવાસી નવીન વિભાકરે 'ભાગ્યવિધાતા' નામે, જૂન ૨૦૦૭ દરમિયાન, જીવનકથાનિષ્ઠ એક નવલકથા લખી છે. પ્રકાશક ઈમેજ પબ્લિકેશન પ્રાઈવેટ લિમિટેડ વાટે પ્રગટ થયેલી આ ચોપડી ઉપરાંત, 'એક્વેરિયમની માછલી' (વાર્તાસંગ્રહ), 'વાદળઘેર્યા આભમાં' (વાર્તાસંગ્રહ), 'આઘાત-પ્રત્યાઘાત' (વાર્તાસંગ્રહ), 'એક દીપ જલે, એક બુઝાય' (વાર્તાસંગ્રહ), 'છોટી સી મુલાકાત' (વાર્તાસંગ્રહ), 'અભી મત જાઓ' (નવલકથા), 'સ્નેહબંધન' (નવલકથા), 'જીવનના રંગ' (સંસ્મરણો), 'ટાન્ઝાનિયા – પ્રકૃતિ - માનવપ્રકૃતિ' (પ્રવાસ), 'કુસુમ કાપડિયા' (નવલકથા), 'જાણ્યે-અજાણ્યે' (નવલકથા), 'પાની મેં મીન પિયાસી' (નવલકથા), 'નટ ક્રેકર', 'ફૂલ-કાંટાની બિછાત', 'વિષનો પ્યાલો',



‘નવીન વિભાકર મબલકિયા રચનાકાર છે. ટૂંકી વાર્તા અને નવલકથાનો જાણે કે એમની કલમમાંથી ધોધ પડે છે. દરેક વખતે આ લેખક કશું નવું ને નવું લઈને આવે છે. આ વખતે ટાન્ઝાનિયા દેશના પ્રૅસિડેન્ટ જ્યુલિયસ ન્યરેરેની જીવનકથા લઈને આવે છે. આફ્રિકાના દેશોમાં સૌથી વધુ પ્રગતિશીલ અને માનવતાવાદી કોઈ પ્રમુખ હોય તો જ્યુલિયસ ન્યેરેરેનું નામ લેવાય. નવલકથાના માધ્યમ દ્વારા જીવનકથાનું આલેખન કરવું સહેલું નથી. પણ આવું વિકટ કામ હાથમાં લેવું એ નવીન વિભાકરની કલમની ખાસિયત છે. આ નવલકથાનો વ્યાપ મોટો છે. અને એટલું જ અતાગ છે એનું ઊંડાણ. પ્રજામાં વ્યાપેલા નાયકના જીવનમાં કાયાપ્રવેશ અને માયાપ્રવેશ કરીને સીધી સરળ ભાષામાં જીવનને આલેખવું ને આવા પડકારને ઝીલવો એ જ મોટી વાત છે. આ લેખક બને ત્યાં લગી જીવનકથાના નાયકના શબ્દોને ચુસ્તપણે અને શિસ્તપણે વળગી રહ્યા છે જેથી ક્યાંક સત્યને કે તત્કાલીન ઈતિહાસને ઈજા ન પહોંચે. આવી નવલકથા લખવા માટે લેખકે પહેલા તો નાયકના જીવનકવન વિશે ચિક્કાર વાંચવું જોઈએ અને ખાસ્સું સંશોધન કરવું જોઈએ. નવીન વિભાકર આ બધું કરી શક્યા છે એ માટે એમને યોગ્ય જશ આપવો જોઈએ અને જીવનકથાનિષ્ઠ આ નવલકથાને ભારત, ઈંગ્લૅન્ડ અને અમેરિકામાં વસતા વસાહતીઓ કે ટાન્ઝાનિયા, કેન્યામાં રહેલી ગુજરાતી પ્રજા આ વાંચી કશું વિશેષ અને વિશિષ્ટ જાણી શકશે એવી મને શ્રદ્ધા છે.’



જ્યુલિયસ ન્યરેરે

જ્યુલિયસ ન્યરેરેના જાહેર જીવનની કેટલીક કરુણાંતિકા રહી છે, તેમાં ‘અરૂશા ઘોષણા’નો ય સમાવેશ છે. એ અરૂશા શહેરના એક મૂળ વતની તરીકે, આઝાદી પહેલાંના ટાંગાનિકા બાબત, તેના આદરમાન આ આગેવાન ન્યેરેરે વિશે, તે પછીના સ્વતંત્ર શાસન વ્યવહારના તેમ જ ન્યરેરે બાબતની નાનીમોટી બાબતોનો સાક્ષી રહ્યો છું. આઝાદી ટાંકણેના મારા એ નગરમાંના મેળાવડામાં, સક્રિયપણે ભાગ લેવાનો અને સ્થાનિક ભાષામાં ભાષણ કરવાનો ય મોકો પ્રાપ્ત થયેલો છે. તે વખતની રાષ્ટ્રવાદી યુવાપ્રવૃત્તિઓનો પણ અંગત પરિચય રહ્યો છે. ન્યેરેરે ઉપરાંત રશીદી કવાવા, બીબી ટીટી મોહમ્મદને જોવા-સાંભળવાનું-મળવાનું બન્યું છે. અને ઓસ્કાર કમ્બોના, સલીમ અહમદ સલીમ જેવા આગેવાનોની મોહિની હજુ ય રહેવા પામી છે.

ટાન્ગાન્યિકાની ધારાસભાના તથા આઝાદ મુલકની સંસદના સભ્ય તરીકે લાંબો વખત સેવા આપનાર કાન્તિલાલ એલ. ઝવેરીએ, ૧૯૯૯ના અરસામાં, *‘માર્ચીંગ વીથ ન્યરેરે : આફ્રિકનાઈઝેશન ઑવ્ એશિયન્સ’* નામે એક પુસ્તક લખેલું. હાલ દારેસલામના ‘સી વ્યૂ’ મકાનમાં, પત્ની ઊર્મિલાબહેન સંગાથે વાસ કરતા, કાન્તિભાઈ ‘ટાંગાનિકા લૉ સોસાયટી’ના, એક દા, પ્રમુખપદે પણ હતા. દારેસલામના જાણીતા વકીલો, એમ. એન. રતનશી તથા વેલાણી, સાથે એક પછી એક, ચેમ્બર્સમાં કામ કરતા કરતા, કાન્તિભાઈને જ્યુલિયસ ન્યરેરેનો પરિચય ન્યેરેરે પર, ગુલામીના દિવસો વેળા, થયેલા બદનક્ષીના દાવા દરમિયાન મળેલો. અને એ પછી, એ સંબંધ વીકસીને અંગત મૈત્રીની બહાર નીકળી જઈ, જાહેર જીવનના એકમેકના સાથીસહોદરમાં પરિણમી બેઠો. ઊર્મિલાબહેને, વળી, આમ સમાજની મહિલાઓના વિવિધ સવાલો અંગે ‘ઉમોજા વા વાનાવાકે વા ટાંગાનિકા’ નામની રાષ્ટ્રીય સંસ્થામાં અગ્રગામી ફાળો આપેલો છે. કાન્તિભાઈ ઝવેરી પારિવારિક સંબંધે નવીન વિભાકરના સાઢુ હોઈ, આ ચોપડીનો તેમ જ અન્ય બીજી બાતમીનો લાભ મેળવી શક્યા હોય તે સ્વાભાવિક છે.



કાન્તિભાઈ અને ઊર્મિલાબહેન ઝવેરી

આ નવલકથાની ભાષા, તેના સંવાદો, તેમાંનાં મૂળ લખાણોનું ગુજરાતી ભાષાન્તર, કલાવૈવિધ્ય વગેરે વગેરે વિશે કોઈ નુક્તેચીનીમાં પડવાનો આશય સેવ્યો જ નથી. આપણે તો અહીં આ નવતર પ્રયોગનું ગુણદર્શન કરવું છે.




માફ કરજો, એમને ઝાડા થઈ ગયા છે, એટલે ડૉક્ટરે એમને શહનાઈ વગાડવાની ના પાડી છે !

e.mail : nirmish1960@hotmail.com

ટાંગાનિકાની આઝાદી બાદ, સૈનિકોનો જે બળવો થયો, ઝાંઝીબારમાં ક્રાંતિ થઈ અને પરિણામે ટાંગાનિકા સાથે રાજકીય જોડાણ કરવાનું બન્યું,, 'અરૂશા ઘોષણા' અને તેને લીધે શાસક પક્ષમાં પડેલાં તડાં, 'ઉજ્જામા', ઓસ્કાર કમ્બોના અને બીબી ટીટી મોહમ્મદ જેવાં આગેવાનો પર ચલાવાયેલા દેશદ્રોહના મુકદ્દમાઓ, વગેરે જેવી બાબતોના કોયડાઓની વિગતો ઇતિહાસે નોંધી છે અને તે સઘળી જ્યુલિયસ ન્યરેરેની સમાલોચના કરવામાં સહાયક નીવડે છે. આ બધું છતાં, એક વાત નક્કી છે : જગતે આ એક એવો આગેવાન અનુભવ્યો હતો કે જેને કોઈ રંગભેદ માન્ય નહોતો. એને છેવાડાના આદમીની ચિંતા હતી. એને નાગરિક ઘડતરનાં કામો વધુ ફાવતાં હતાં. આફ્રિકાના સાર્વત્રિક ઉત્થાનનાં સપનાં એમને સતત આવ્યા કરતાં હતાં. ન્યરેરેને પણ આફ્રિકા ખંડનું એકીકરણ થાય તેવા ઓરતા હતા. હા, એમનો માર્ગ ક્વામે ન્ક્રુમાહથી અલાયદો જરૂર હતો. ન્યરેરેના પાયામાં કોમની વિરાસત, ઈસાઈ ધર્મના ઉસૂલો તેમ જ મહાત્મા ગાંધી અને જવાહરલાલ નેહરુનાં જીવનકવન ઠોસબંધ ધરબાયા હતાં. સરળ વ્યક્તિત્વ અને સાદાઈભર્યાં જીવનના દ્યોતક સમ ન્યરેરેની એ દૂરંદેશી તથા લોકઘડતરની સતત કાર્યનીતિને કારણે, ટાન્ઝાનિયામાં આજે બધી કોમોના લોકો અમનચમનથી રહી શકે છે. પૂર્વ આફ્રિકાના બીજા મુલકોની સરખામણીએ ત્યાં પ્રમાણમાં સરળતા છે, સલુકાઈ પણ છે.

(૦૨.૦૬.૨૦૦૮)

•

# એક મટે તો એક જાગે આ પીડા વારંવાર

મકરન્દ દવેની 'પ્યાલી' નામે કવિતા છે :

*એક મટે તો એક જાગે આ પીડા વારંવાર*
*રોજની મારી જિન્દગી જાણે જીવતું કારાગર.*

વારુ, માનસિક પીડા ભોગવતાં એશિયાઈ નસ્સલનાં અનેક દરદીઓને, વિલાયતમાં, અપૂરતી સારવારના ભોગ બનવાનું થાય છે, એવું 'બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશન'ને મળતા તાજેતરના એક અહેવાલમાં કહેવાયું છે. અને હેવાલનું તારણ છે કે, તેને પરિણામે, એશિયાઈ સમાજમાં આપઘાતની ઘટનાઓ વિશેષ બનતી આવી છે.

દક્ષિણ લંડનના કાર્શલટન પરાંમાં, એક પાંત્રીસ વર્ષની મહિલાને, હોસ્પિટલમાં 'મેન્ટલ હેલ્થ એક્ટ' અન્વયે, અટકાયતમાં લેવામાં આવી છે, તે સમાચારથી ચોમેર સોપો પડી ગયો છે. એક માહિતી અનુસાર, શ્રીલંકન નસ્સલનો આ તમિળ પરિવાર, ત્રણ બાળકો સાથે, આ વિસ્તારમાં ઠીકઠીક સમયથી વસતો હતો. પોલીસ તરતપાસ, દરમિયાન, ચાલુ રહી છે. પરંતુ પ્રાથમિક વિગતો અનુસાર, પાંચ વર્ષના દીકરાને તથા ચાર વર્ષની દીકરીને, છરીવાળી એક ઝપાઝપીમાં, મારી નંખાયાં છે. જ્યારે ત્રીજા, છએક માસના, બાળકને થયેલી ઈજાઓને કારણે હોસ્પિટલમાં અબીહાલ સારવાર આપવામાં આવી રહી છે.

મિડલૅન્ડ્સ વિસ્તારના, એક 'નેશનલ હેલ્થ સર્વિસ' ટ્રસ્ટના અધ્યક્ષ, તો વળી ત્યાં સુધી કહેતા રહ્યા : આ તો નર્યો 'સંસ્થાગત રંગભેદ' (ઇન્સ્ટિટ્યુશનલ રૈસિઝમ) છે. રંગભેદનાં આવાં સંસ્થાકરણને કારણે, દક્ષિણ એશિયાઈ જમાતના દરદીઓને નિર્ધારિત કાર્યક્રમ મુજબની સારવાર મળતી નથી. 'મેન્ટલ હેલ્થ એક્ટ કમિશન'ના લોર્ડ કમલેશ પટેલે આગળ વધીને કહ્યું ય ખરું કે આ ઘરખોદી ઊધઈની સરિયામ સફાઈ જો કરવામાં નહીં આવે, તો તેનાં પરિણામ બહુ ઝડપથી સમાજને ભોગવવાનાં થશે. લેસ્ટરશર નેશનલ હેલ્થ સર્વિસ ટ્રસ્ટના મુખ્ય અધિકારી એન્ટની શીહનના મત મુજબ, માનસિક તંદુરસ્તી સેવાઓની સરકારી સગવડ દક્ષિણ એશિયાઈ સમાજના દાખલામાં કારગત નીવડી શકી નથી. તે કહેતા હતા : 'ફોજદારી ન્યાય પદ્ધતિમાં (ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ) આપણે જેમ સ્વીકાર કરી શક્યા, તેમ માનસિક આરોગ્ય (મેન્ટલ હેલ્થ) તથા વિશાળ તબીબી ક્ષેત્રમાં તેમ જ સારસંભાળ માટેની સેવાઓને ક્ષેત્રે સંસ્થાગત રંગભેદને કારણે અસર થતી રહી છે, તેનો આપણે એકરાર કરવો રહ્યો.' પછી ઊમેરતા કહે, 'આ કોમના લોકો સાથે આપણે લગીર અનુસંધાન કેળવી શકયા નથી. તે જ કેન્દ્રગામી પેચીદો સવાલ છે.'

લઘુવાંશિક અશ્વેત લોકો સાથે આ સંબંધક જે ભૂલથાપ થઈ છે, તેવી ભૂલો આ એશિયાઈ કોમ સાથે પણ થાય તો તેને ટાળવા માટે મથવું રહ્યું, એમ કમલેશ પટેલ કહેતા હતા. રાષ્ટ્રીય સરેરાશ આંકની સરખામણીએ, લઘુવાંશિક અશ્વેત લોકસમૂહના લોકો માનસિક રોગોની સંસ્થાઓમાં અઢાર ગણાં વધારે ભરતી થતાં આવ્યાં છે. જાહેર ચીમકી આપતા આપતા કમલેશભાઈએ કહ્યું : 'આપણે જો આ તારણ-સંદેશને ધ્યાનમાં લેવાનું ટાળીશું તો હવે પછીના દસ અથવા વીસ વરસના ગાળામાં, આફ્રો કેરેબિયાઈ પ્રજાસમૂહની પેઠે, દક્ષિણ એશિયાઈ કોમના વતનીઓની સંખ્યા પણ લગભગ સમાંતર થઈ શકે છે. આ એકવીસમી સદીમાં, આ બાબત સંપૂર્ણપણે અસ્વીકૃત બનવી જોઈએ.'

માનસિક આરોગ્ય ક્ષેત્રે સમાનતાની નીતિને વ્યવહારમાં લાવવી જ પડે અને અને તેને સારુ રાજકીય સૂચિ તૈયાર કરવાની થાય અને જરૂરી નાણાં ખર્ચવામાં આવે તો જ કોઈ આરોઓવારો છે, અન્યથા આ 'છાનીછૂપી મરકી'માં કોઈ કાંઈ બચવા નહીં પામે, એવી તેમણે આગાહી માંડી હતી.

એક મૂઠભેડને કારણે, માથમાં ઈજાપહોંચી, તેથી ઝૈનબના વર, ઈલિયાસને 'સ્કીત્સોફ્રેનિયા' નામે માનસરોગ લાગુ પડેલો છે. તેની સારવાર થઈ હોવા છતાં, તે પોતાની પરણેતર તેમ જ બંને દીકરીઓ ભણી સતત હિંસાચાર આદરતો રહ્યો છે. કોઈ પણ જાતની હોહા ન થાય, તેની કાળજી લેવાને સારુ ઝૈનબ બાર બાર વરસ સુધી ચૂપ રહી છે. ઝૈનબે કહ્યું છે : "એ આકરી પરિસ્થિતિ હતી. અંદર અને અંદર, બસ, સમસમી બેસી જ રહેવું. તેનું ધ્યાન રાખવું અને બાળકોની સંભાળકાળજી લેવા સિવાય કંઈ જ રહ્યું નહોતું. હું બહાર જતી નહીં. અને ક્યારેક જો જવાનું થાય, તો મને વહેમ પડતો કે લોકો અમારા વિશેની વાતો કર્યા જ કરે છે. મને જાણે કે સંભળાયા કરતું કે 'આ બાઈ જુઓ ને, એક ગાંડા સાથે પડી રહી છે.'"

ભવિષ્યમાં પોતાની બંને દીકરીઓની શાદી કરવામાં તેને કોઈ તકલીફ આવી ન પડે તેવા દેખીતા ભયના ઓઠા હેઠળ તે પોતાની નવેસરથી જિંદગી બનાવવા ઘર બહાર નીકળી જઈ શકી નહીં.

ઝૈનબ અને તેના પતિ જેવાં દક્ષિણ એશિયાઈ અનેક લોકોને સહાયભૂત થઈ શકાય, તેવા આશયથી 'અદહર' નામે એક સંસ્થા, હરજિત સાંધુ લેસ્ટરશર વિસ્તારમાં ચલાવી રહ્યાં છે. આજ સુધી આ સંસ્થા હેઠળ આવા સેંકડો કિસ્સાઓનો સામનો કરવાનો થયો છે. હરજિત સાંધુના મત મુજબ, એશિયાઈ સમાજમાં આ અને આવા માનસિક રોગને કારણે જે બદનામીની ટીલી ચોંટી જાય છે, તેનો સામનો કરવાની બાબત ભારે આકરી હોવાનું અનુભવવા મળે છે. પરિવારમાંથી આવો માનસિક રોગી છત્તો ન થઈ જાય તેની આ સમાજ ભારે કોશિશ કરતો રહે છે. પરિવારની આબરુ અને સમાજમાં માનમરતબો જાળવી રાખવા માટે તેઓ સતત ઢાંકોઢૂબો કરતાં હરેફરે છે.

'આ બદનામીની ટીલીનાં ભારે વરવાં પરિણામ ભોગવવાનાં થાય છે. લોકો પોતાની જાતને ઈજા પહોંચાડે છે. કેટલાક વળી આપઘાત કરી બેસે છે. અરે, કેટલાંક તો સાથેના લોકોને ય ઈજા પહોંચાડે છે.' હરજિત સાંધુ કહેતા રહ્યાં. મુલકની સમગ્ર વસ્તીમાં, ઝાઝા પ્રમાણમાં, એશિયાઈ બાઈઓ આપઘાતને માર્ગે વળે છે, તેમ આજ સુધીના અધિકૃત આંકડાઓ દર્શાવે છે.

પોતાની દીકરીના જન્મ પહેલાં જ ગીતાને કેન્સરનો વ્યાધિ હોવાનું નિદાન થયું. તેના સાસરાવાળાઓને ગીતા બાળકને તેડે તે બરાબર લાગતું નહીં. કેમ કે, તેમને મનમાં એવું ઠસેલું કે તેમ કરવા જતાં, ક્યાંક તે રોગ બાળકીને લાગુ પડી બેસે તો ? માનશો – પોતાની દીકરીની પહેલવહેલી વર્ષગાંઠની મિજબાનીમાં ય માને ફરકવા દેવાઈ નહોતી ! ગીતાને આ રીતિનીતિ ભારે વસમી થઈ પડી. તેને માનસિક યાતના થવા લાગી. તાણના આ ઓછાયા હેઠળ બબ્બે વખત પોતાનો જીવ લેવાનો તેણે પ્રયાસ સુદ્ધાં પણ કરી જોયેલો. આ બીજી ઘટના ટાંકણે, તેના સસરા બોલી ઊઠેલા : તારે આપઘાત કરવો હોય તો કર; પણ સાથે સાથે ચિઠ્ઠી લખીને જજે, અને આ પગલાં માટે અમે કોઈ જવાબદાર નથી એમ તેમાં ખાસ લખજે.'

પોતાની જાતમાં ગીતાને વિશ્વાસ રહ્યો નહીં, એથી બીજા કોઈની

ય સહાયમદદ લેવાનું એ ગોઠવી શકી નહીં. 'હું દેશથી (ભારતથી) આવતી હતી. મને કોમનો ડર લાગતો હતો. લોકો શું ને શું ય કહેશે ?' ત્રણ વરસ બાદ, તેણે પોતાના ધણી સાથે છેવટે ફારગતી લીધી. તેને દીકરી ય સોંપવામાં આવી. પરંતુ, હવે લટકામાં, દરરોજ ઉત્સાહભંગનો સામનો કરવાને સારુ 'એન્ટી ડિપ્રેસન્ટ્સ' ગોળીઓ તેને લેવાની માથે આવી જ પડી. તેનું શું કરવું ?

આપણો સમાજ હવે ક્યારે દંભ ટાળશે ? આ અને આવાં અજ્ઞાનનો કેવો અને કઈ રીતનો સામનો, ભલા, કરશે ? ટૂંકામાં, ક્યારે સમજદારી કેળવશે ?

**પાનબીડું :**

પૃથ્વીને પેટાળે જ્વાલા ભભૂકે ભાઈ,

જ્વાલાને કોણ અહીં ઠારે ?

રે ભાઈ, કહો જ્વાલાને કેમ કરી ઠારે ?

**- મકરન્દ દવે**

(૦૯.૦૬.૨૦૦૮)

•

# હું એમ તો મસ્તીમાં આવી, આકાશ ઉઠાવી જાણું છું

ડાયસ્પોરિક ગુજરાતીઓનું ઘડતર કરવામાં અદકેરો ફાળો આપનારાઓની પહેલી હરોળમાં, એક નામ ગૌરવભેર સોહે છે : વનુ જીવરાજ સોમૈયા. ઇતિહાસવિદ્ મકરન્દ મહેતાના શબ્દો ઉછીના લઈને કહું તો ખોટું નથી કે વનુ જીવરાજ, આ ગુજરાતને, 'અરુણું પરભાત'ની દિશામાં દોરનાર એક દૃષ્ટા બની રહ્યા છે. કોમની સામાજિક અને નૈતિક ઉન્નતિ અર્થે કેટલાક લોકસેવકોનાં ટૂંકાં પણ મુદ્દાસર જીવનચરિત્રો આપણાં સમસામયિકોમાં દાયકાઓથી અપાતાં રહ્યાં છે. તેને પરિણામે, વાચકો સમક્ષ, સત્યપ્રેમ કર્તવ્યનિષ્ઠા અને લોકસેવાનો ઉચ્ચ આદર્શ રજૂ થતો રહે છે. ગુજરાતી ડાયસ્પોરાના એક દૂરંદેશ આગેવાન ને પત્રકાર મોહનદાસ ગાંધીએ ઠીક સો વરસ પહેલાં "ઈન્ડિયન ઓપીનિયન"માં આ વિશે સિલસિલાબંધ અને મજબૂત લેખમાળાઓ પણ આપી હતી, જે પાછળથી પુસ્તકરૂપે ય પ્રગટ થઈ છે.

ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્યના એક મેરુ-શીખર એટલે ભાનુશંકર ઓધવજી વ્યાસ. ૧૯૭૯માં પ્રકાશિત એમના 'ધરતીના ખપ્પરમાં આભ' પુસ્તકમાં, ભાનુભાઈ નોંધે છે : 'બ્રિટનના ગુજરાતી પત્રકારો અને તંત્રીઓમાં વનુભાઈનું આગવું સ્થાન છે. યુગાન્ડા તેમની જન્મભૂમિ. 'મેનેન્જાઈટિસ'ની બીમારીએ એમની શ્રવણેન્દ્રિયને સર્વથા હરી લીધી . ઘેર અભ્યાસ કરીને ભાષાગૌરવ તેમ જ જીવનના આદર્શોને સચેત રાખનાર વનુભાઈ પાસે અત્યંત નાજુક અને સંવેદનશીલ હૃદય છે. ટૂંકી વાર્તા અને લેખોના સર્જક તરીકે સાહિત્યની દુનિયામાં પ્રવેશ કરી ફાળો આપતાં આપતાં, આત્મપરિશ્રમથી એમણે કમ્પાલામાં પોતાનું પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું, અને દસેક વર્ષના ગાળામાં એનો સારો એવો વિકાસ સાધ્યો. ... એ, કેવળ વસાહતની હકાલપટ્ટીમાં સામેલ થતી વેળા, એક અનાસક્ત દૃષ્ટિ કરી લેવા ખાતર ... ! 'આફ્રિકા લોહાણા મહાપરિષદ' અંક તેમ જ 'યુગાન્ડા ઈન્ડિપેન્ડન્સ સુવિનર'ના સંપાદક તે જ વનુભાઈ !'

ભા. ઓ. વ્યાસની કલમ ફ્રન્ટિયર મૈલની જેમ ધસમસતી આગળ ધપે છે. આહાહા, આ શબ્દો તો જુઓ; મંજુલાબહેનની ઊંચાઈ આપીને વનુભાઈની શક્તિઓની ક્ષિતિજ જાણે કે ભાનુભાઈએ ચિંધી બતાવી છે ! 'બ્રિટનની ધરતી પરના અઢી વર્ષના વસવાટમાં નિરાશ્રિત વનુભાઈનું નવું સાહસ એ "નવ બ્રિટન", ગુજરાતીઓનું માનીતું દ્વિભાષી પત્ર ! દરમિયાન તૈયાર થયું તેમનું પુસ્તક – 'યુગાન્ડાનો હાહાકાર'. મંજુલાબહેન, વનુભાઈનાં જીવનસાથી, સાચા અર્થમાં તેમનો આધારસ્તંભ. તેઓ જ વનુભાઈનાં શ્રવણેન્દ્રિયો, તેઓ જ મંત્રી, તેઓ જ એમના સમસ્ત જીવનવ્યવહારની કાર્યકુશળતા !' 'જાણું છું' નામે, શાયર હરજી લવજી દામાણી 'શયદા'ની એક મશહૂર ગઝલ છે. તેનો મત્લઅ, માંહ્યલીકોર, આથીસ્તો, રમણે ચડ્યો :

*હું મૌન રહીને એક અનાહત નાદ ગજાવી જાણું છું,*
*ભરનિદ્રામાં પણ સૂતેલો સંસાર જગાવી જાણું છું.*

યુગાન્ડાના પાટનગર કમ્પાલાથી નૈઋત્ય દિશામાં, આશરે ૧૩૭ કિલોમિટર દૂર, યુગાન્ડાની દક્ષિણે, વિક્ટોરિયા સરોવર પાસે મસાકા નામનું ગામ છે. એક જમાનામાં તે યુગાન્ડાનું મોટામાં મોટું બીજું શહેર લેખાતું. નાબુગાબો નામક એક સરોવરને કાંઠે વિસ્તરેલું આ ગામ, ૧૯૭૯ દરમિયાન, યુગાન્ડા - ટાન્ઝાનિયા વચ્ચેના યુદ્ધમાં સારી પેઠે નાશ પામેલું. એ ગામમાં હાથીદાંતનો, એક દા, કુશળ વેપાર કરતા જીવરાજ સોમૈયાને ઘેર, લાધીબહેનની કૂખે, વનુભાઈનો જન્મ ૧૩ ઑગસ્ટ ૧૯૨૯ના રોજ થયો. જામનગર જિલ્લાના ધ્રાફા ગામના મૂળ વતની જીવરાજ સોમૈયા, છપનિયાના દુષ્કાળ બાદ, રોજગારી અર્થે આફ્રિકે ગયા હોય, તેમ પણ બને. આ દંપતીને છ સંતાનો. ત્રિકમભાઈ, બાલુભાઈ, રમણીકભાઈ, વનુભાઈ, પ્રભાબહેન અને વીમુબહેન. વનુભાઈ છએક વર્ષની ઉંમરના હશે અને એમણે પિતાની ઓથ ખોઈ. માતા લાધીબહેન પર, પરિણામે, છ સંતાનોના ઉછેરનો ભાર આવી પડેલો. તેમાં વળી એક વખત ચોર ત્રાટક્યા. પૈસેટકે સુખી આ પરિવારને સાફ કરી જઈ, ચોર રફુચક્કર થઈ ગયેલા ! જીવરાજ સોમૈયાના મોટાભાઈ અંબારામભાઈ કમ્પાલામાં થાળે પડેલા; તેથી કહે છે કે, ભાઈનાં પરિવારને પડખે લઈ હૂંફટેકો એમણે આપ્યા કર્યો. આપણા આ વનુભાઈ યુવાવસ્થાએ, પછી મૂળ ભાવનગરના પણ ધંધાર્થે ધરમપુર વસેલા પરિવારનાં, ૧ જૂન ૧૯૩૩ના જન્મેલાં મંજુલાબહેનને ૨૭ માર્ચ ૧૯૫૭ના મુંબઈમાં પરણેલા. માનશો ? તે પછી, આજ દી' લગી, આ મનેખે ભારત જવાનું ટાળ્યા જ કર્યું છે !



**લેસ્ટરના જાણીતા ફોટોગ્રાફર રજની મશરૂએ દીધી મંજુલા સોમૈયા તથા વનુ જીવરાજ સોમૈયાની સોહામણી છબિ**

વાંચન, લેખન માટે ઘર અને લેસ્ટરની લાયબ્રેરીઓમાં, અબીહાલ, ઠીક ઠીક વખત પસાર કરનાર, ગુજરાતી તથા અંગ્રેજીના લેખક વનુ જીવરાજને, ટેલિવિઝન પડદે રમતગમત જોવાનો ય આનંદ આવે છે. ભાઈબંધમિત્રોનું આતિથ્ય કરવામાં પણ, વળી, આ દંપતી, સ્વાભાવિક, પાછું પડતું નથી. મંજુબહેને પકાવેલી ખાસ પ્રકારની બિરયાની આરોગવી તેને જિંદગીનો એક અદ્દભુત લહાવો ગણવો. મોટા દીકરા સુનીલ અને પુત્રવધૂ કૌશિકાની હૂંફમાં, મૂડી સાટે વ્યાજને વહાલું લેખતાં લેખતાં, બંને આજકાલ ઘડપણને ઉજમાળું કરતાં રહ્યાં છે. બીજી તરફ, દીકરી સુકેશી ભરત ગણાત્રા પરિવારસહ અહીં લુટન શહેરમાં વસે છે. જ્યારે બીજો દીકરો નીકુંજ ને પુત્રવધૂ હેમાલિની અમેરિકામાં તેમ જ સૌથી નાનો દીકરો નીરંજ ને પત્ની ભાવના બ્રિટનના બીજા નંબરના શહેર બર્મિંગમમાં વસે છે.

લગભગ એક વર્ષ પહેલાં, રામકૃષ્ણ ટી. સોમૈયા નામના એક સજ્જને લોહાણા કોમના ઈતિહાસની ટૂંકી નોંધ મોકલી આપી હતી. આ

રઘુવંશી ક્ષત્રિય કોમ વિશે વનુ જીવરાજે દાયકાઓથી ઊંડો અભ્યાસ કર્યો છે. યુગાન્ડાના વસવાટ ટાંકણે જેમ એમણે 'આફ્રિકા લોહાણા મહાપરિષદ' અંક પ્રગટ કરેલો, તેમ બ્રિટનના વસવાટ દરમિયાન લોહાણા કોમને કેન્દ્રમાં રાખીને સામયિક બહાર પાડેલાં. આટલું ઓછું હોય તેમ, ૨૦૦૨ના અરસામાં, 'ધ એન્શન્ટ હિસ્ટ્રી ઑવ્ ધ સોલાર રેઈસ' નામે ૧૮૪ પાનાં ઉપરાંતનો એક ગ્રંથ અંગ્રેજીમાં પ્રગટ કર્યો હતો. દેશદેશાવરમાં પહોંચી ગયેલા આ પુસ્તકની ઠેર ઠેર સમીક્ષાઓ પણ થઈ છે. વળી ઈન્ટરનેટના માધ્યમે ય તેની વિગતો જોવા મળે છે. આ પુસ્તકમાં, વળી, વનુભાઈએ 'ઍ ઈન્ડિયન્સ ઑવ્ ઈસ્ટ આફ્રિકા' બાબતની માહિતીવિગતોને આવરી લીધી છે. આ પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ સ્થાનિક હેરો લેઝર સેન્ટરમાં સમ્પન્ન થયો, તે પ્રસંગે અકડેઠઠ મહેરામણ ઉમટ્યો હતો. તે અવસરે જ છસ્સો ઉપરાંત નકલોનું વેંચાણ થયું હતું, તેમ સાંભરે છે. આવું આ પહેલાં કે પછી બન્યાનું લગીર સાંભરતું નથી.

દર્શક ઈતિહાસ નિધિ દ્વારા, ૨૦૦૧ના અરસામાં, પ્રકાશિત 'ગુજરાતીઓ અને પૂર્વ આફ્રિકા, ૧૮૫૦-૧૯૬૦ : ગુજરાતીપણાની શોધમાં', પુસ્તકમાં, ઈતિહાસવિદ્ લેખક મકરન્દ મહેતા લખે છે : 'ઈંગ્લૅન્ડમાં વસવાટ કરી રહેલા પ્રભુદાસ માણેકનાં સંસ્મરણો મહત્ત્વનાં છે. તેમના પિતા રૂગનાથ જેરામ, કુટુંબ સહિત પૂર્વ આફ્રિકાથી યુનાઈટેડ કિંગ્ડમમાં સ્થળાંતર કર્યું તે પહેલાં, તેઓ તેમ જ ભમિત જોશી અને છગનબાપા જેવા સારસ્વત ગોરની જેમ લોહાણા જ્ઞાતિના 'લિવીંગ એન્સાઈક્લોપીડિયા' સમાન હતા. હરગોવિંદદાસ હીરજી, છગનલાલ જોશી અને લાલજીભાઈ જોશી જેવા પ્રથમ પેઢીના તેજસ્વી ગોરોની પરંપરાઓને ચાલુ રાખનાર આ સારસ્વતો લોહાણા જ્ઞાતિના તળપદા ઈતિહાસકારો હતા. પ્રભુદાસ માણેકે ૫.૧૧.૧૯૯૮ના વનુ જીવરાજ પર લખેલા પત્રની ઝેરૉક્સ નકલ ફરતી ફરતી સુપ્રસિદ્ધ સાહિત્યકાર જયન્ત પંડ્યા પાસે પહોંચી અને તેમના દ્વારા તે મારી પાસે આવી. મુખ્ય મુદ્દો એ છે કે ૨૦મા સૈકાની શરૂઆતથી લોહાણા વ્યાપારીઓ અને તેમના તેજસ્વી પુરોહિતોએ પૂર્વ આફ્રિકામાં શરૂ કરેલી સાંસ્કૃતિક પરંપરાઓ છેક યુગાન્ડાના હાહાકાર સુધી ચાલુ રહી હતી.

ભાનુભાઈએ નોંધ્યું છે તેમ, કમ્પાલાના દિવસો દરમિયાન, વનુભાઈએ પોતાનું છાપખાનું શરૂ કરેલું. અને ત્યાંથી એમના દિવંગત મિત્ર અને જગવિખ્યાત વિચારક તંત્રી રજત નિયોગીનું "ટ્રાન્ઝિશન" નામનું એક જબ્બરું સામયિક પ્રગટ થવું શરૂ થયેલું. રજત નિયોગી અને આ સામયિક વિશે ક્યારેક નિરાંતવા લખવા જેવું છે. "ટ્રાન્ઝિશન"ની બરોબરી કરી શકે એવાં સામયિકો, આજે, ધોળે દિવસે બત્તી લઈને ય ઢૂંઢવા જઈએ તો ય ક્યાં ય સાંપડે તેમ નથી!

વનુ જીવરાજ સાથે જેમને 'હૈયાની ગાંઠે ગંઠાઈને પડી' અતૂટ મૈત્રી રહી છે, તેવા વાર્તાકાર રમેશભાઈ પટેલ લખે છે : 'જીવનનો અંત એ મૃત્યુ નથી, મહત્ત્વાકાંક્ષાનો અંત એ મૃત્યુ છે.' આ વાક્ય વનુભાઈના કાર્યાલયના ટેબલ ઉપર કાયમ મોજુદ રહે છે. શૂન્યમાંથી પોતાના પ્રચંડ પુરુષાર્થ વડે પોતાના જ જીવનનું સર્જન કરી જાહોજલાલી અને સુખચેનની એક આગવી ઈમારત પોતાના જીવનમાં એમણે ઊભી કરી. એ મહાલય, એ અદ્યતન છાપખાનું, એ બધું જ ઘડીના છઠ્ઠા ભાગમાં છોડીને દેશ છોડવાનો જ્યારે વારો આવ્યો, ત્યારે વનુભાઈએ, સુણાવસ્થિત આ રમેશભાઈ પટેલના મત અનુસાર, 'જીગરની સાવ નોખી ખુમારી, ધીરજ અને હિંમતથી બેઠા થઈ ઊભા થવાની શરૂઆત' આદરી દીધેલી.

વિલાયત આવ્યા કેડે, પહેલવહેલાં, સ્ટોક - ઑન - ટ્રેન્ટમાં અને તે પછી લેસ્ટરમાં, એમણે વસવાટ કરવાનું રાખ્યું. 'પેરેડાઈઝ પબ્લિકેશન્સ' હેઠળ, આરંભે, એમણે સ્ટોક - ઑન - ટ્રેન્ટથી "નવ બ્રિટન" સામયિકનો આરંભ કરેલો. અને સાથે સાથે પૂર્વ આફ્રિકાની અનેક લીલીસૂકી જોનાર-અનુભવનાર આ લેખકે, 'યુગાન્ડાનો હાહાકાર' નામનું એક હૃદયદ્રાવક પુસ્તક૧૯૭૭ના અરસામાં આપેલું. લશ્કરી સરમુખત્યાર ઈદી અમીનના યુગાન્ડા બાબતનું તેમ જ એશિયાઈઓની હકાલપટ્ટી વિષયક આ રસપ્રદ અને માહિતીપૂર્ણ પુસ્તક ગુજરાતી ડાયસ્પોરિક ઈતિહાસ સામગ્રી માટેનું બહુ મોટું સાધન હોવાનું અનુભવે લાગ્યું છે. 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના દશાબ્દી વર્ષ ટાંકણે, ઇ.સ. ૧૯૮૬ના અરસામાં, 'આલ્વાન' નામે અંકનું મુદ્રણકામ તેમ જ પ્રકાશનકામ એમણે જ એમના બ્રૂઈન સ્ટ્રીટ પર આવેલા 'સોમિયા પ્રેસ'માં કરેલું. એમના લેસ્ટર નિવાસ કારણે, પછીથી, "નવ-બ્રિટન" અહીંથી પ્રગટ થતું રહેલું. હવે તો જો કે સાપ ગયા અને લિસોટા રહ્યા – શો ઘાટ છે. તે સ્થળે હવે પરિસર બદલાઈ ગયું છે. એ પ્રેસ પણ નથી; "નવ - બ્રિટન" સમેટી લેવાયું તેને ય ઠીક ઠીક વરસો વીતી ગયાં છે. પરંતુ વનુભાઈનું લેખનકામ તેજ લિસોટાની પેઠે ઝગારા મારે છે. લેસ્ટર શહેરના ઈતિહાસ તેમ જ આ શહેરમાંની આપણી વસાહતની દેણગી અંગે એક ગુજરાતી પુસ્તકની તૈયારીમાં વનુભાઈ આજકાલ વ્યસ્ત રહે છે. પાનખરનો તડકો આથી તો જાણે કે હૂંફાળો હોવાનું અનુભવાય છે.

**પાનબીડું :**

*આભાર ભરેલા મસ્તકને ઊંચકવું 'શયદા', સ્હેલ નથી,*
*હું એમ તો મસ્તીમાં આવી, આકાશ ઉઠાવી જાણું છું.*

**– 'શયદા'**

(૧૬.૦૬.૨૦૦૮)

vipoolkalyani.opinion@btinternet.com

●●●●●

## અક્ષરયાત્રાના અશ્રાંત પથિક :
### કવિ દોલતરાય ભીમજી મહેતા 'શિવમ્'

○ ર. કા. ભટ્ટ

**રાસાંજલિ : રચયિતા - દોલતરાય ભીમજી મહેતા 'શિવમ્' :** નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪ શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ : પહેલી આવૃત્તિ - ઑક્ટોબર, ૨૦૦૭ : પાનાં ૬૮૬ : મૂલ્ય - રૂ. ૪૦૦ / પાઉન્ડ ૧૨.

કવિને નાનપણથી જ કવિતાનો શોખ છે. ઊગતા કવિએ પિંગળના અભ્યાસ માટે એમનાં કાવ્યોનું મનન કરવું જોઈએ. દોલતરાય ૭૫ જેટલા છંદોનો પ્રયોગ કરી શકે છે. ડાહ્યાભાઈ પટેલના મહાકાવ્યના ૪-૫ ભાગમાં જે છંદોની વિવિધતા છે, તે આ કવિની પ્રેરણાનું સીધું પરિણામ છે. ચારણીસાહિત્યના રણંકી છંદનો પ્રયોગ તેમણે કર્યો છે. મેં રણંકીના નમૂના માટે ભાવનગરમાં તપાસ કરી, તેમાં સફળતા મળી નહોતી ! છંદની રચના કાવ્યપાત્રના મનોભાવને અનુકૂળ હોવી જોઈએ. દા.ત. મંદાક્રાંતા રડતી સ્ત્રીની લાગણી વ્યક્ત કરે છે એમ કહેવાય છે. રણંકી વીરભાવ દર્શાવે છે. વીજળીનો ગડગડાટ થાય એ રીતે પ્રકૃતિના ભીષણ સ્વરૂપનો ચિતાર આપે છે.

એમના આઠ જેટલા કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. કવિ ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત એમ ત્રણે ભાષામાં પોતાની પ્રતિભાનો પરિચય આપે છે. હમણાં જ સાઠી વટાવીને નિવૃત્ત થયેલા કવિ પાસે સાહિત્યરસિકો અનેક કૃતિઓની અપેક્ષા રાખે છે. પોતાના સર્જનમાં દૃઢ શ્રદ્ધા ધરાવતા કવિએ આપણા સમાજની ઉદાસીનતાની પરવાહ કરી નથી. નવું પુસ્તક છપાઈને આવે એટલે મને ઘરે બોલાવે. છંદ, દૂહા, રાસ, ગઝલની જમાવટ કરે. કવિને ગાવાનો શોખ છે. એમની રચનાઓ શાસ્ત્રીય રાગોમાં સ્વરબદ્ધ થઈ શકે એવી પણ છે. અકાદમીએ તેમને પિંગળના વર્ગો ચલાવવાનું આમંત્રણ આપવું જોઈએ.

કવિતામાં છંદ ઉપરાંત બીજું ઘણું હોવું જોઈએ. સંસ્કૃત સાહિત્યમાં અછાંદસ્ કવિતાને પહેલેથી માન્યતા મળેલી છે. જોડણી અને અલંકારનું જ્ઞાન છંદની સમજણમાં ઉપયોગી છે. શાંત અને સૌમ્ય પ્રકૃતિના આ કવિની સાહિત્યનિષ્ઠાનું મૂલ્યાંકન થવું જ જોઈએ. એક પંડિતવચન છે : 'કવિઓના પરિશ્રમને કવિ જ સમજી શકે.' મૃદુ હૃદયના કવિઓને જાળવવા જોઈએ. છતાં વિવેચકનું કાર્ય કાવ્યના ગુણદોષનું વર્ણન કરવાનું હોય છે. 'રક્ત ટપકતી સો સો ઝોળી ... ' એ મેઘાણીનું કાવ્ય વાંચીને નરસિંહરાવ અને સુશીલા દીવેટિયા રડ્યાં હતાં. આ કવિ પ્રત્યે મને વિશેષ માન એટલા માટે છે કે, એમણે સૂર અને શબ્દના સનાતન નાતાનો વિચ્છેદ કર્યો નથી. પોતાને ખરચે કવિતાની ચોપડી છપાવીને વેંચવી એ સહેલું કામ નથી. કેટલીકવાર એમ થાય છે કે, કોલસાની દલાલી વધારે સારી ! અંતમાં, રાસાંજલિ'માં 'કાવ્ય-દોલતનું સ્વાગત' જગદીશ દવેએ કર્યું છે તેમાં મારી સંમતિ ઉમેરીને, શુભેચ્છા સાથે કવિને અભિનંદન આપું છું.

[87 Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું



ઈ.સ. ૧૯૪૫. આ ૬૩ વર્ષ પહેલાંની જ ફક્ત વાત. પૂર્વ આફ્રિકાના નામે કેન્યા મુલકનો વિસ્તાર. પાટનગર નાઈરોબીની ગવર્નમેન્ટ ઈન્ડિયન હાઈસ્કૂલમાં તત્કાલીન ચાલતાં ‘ગુજરાતી સાહિત્ય મંડળ’ના કાર્યવાહકોની સમૂહ છબિ.

આ અદ્દભુત છબિમાં, કહે છે કે, પાછળની હરોળમાં (ડાબેથી) ઊભેલા છે : પ્રવીણચંદ્ર રાવળ, રતિલાલ શુક્લ, રવીન્દ્ર ત્રવાડી, પદ્માકર બર્વે, તેમ જ પ્યારઅલી એમ. રતનશી. જ્યારે આગલી હરોળમાં (ડાબેથી) રતિલાલ દેવાણી (સહમંત્રી), નાનાલાલ શેઠ (ઉપપ્રમુખ), ઉમેદરાય ભટ્ટ (પ્રમુખ), નટવરલાલ કામદાર (મંત્રી) તથા જગદીશ વડગામા (ખજાનચી).

ઈન્ટરનેટના માધ્યમ વાટે, ઈન્દ્ર ત્રિવેદીએ આ છબિ વહેતી કરી છે. અને ભદ્રા વડગામાની સહાયથી, “ઓપિનિયન”ને મળી છે. જ્યારે હાલ એજવેરમાં વસવાટ કરતા, પિયુભાઈ યાને કે જાણીતા ગુજરાતી શહેરી પ્યારઅલી રતનશીએ નામોની ખરાઈ ચકાસી આપી છે.

આ પૂર્વ પત્રકાર અને ગણમાન્ય ઈતિહાસવિદ્દ પ્રાધ્યાપક પ્યારઅલી રતનશી નોંધે છે :

‘પ્રવીણ, રાવળ પરિવારના ફરજંદ હતા. તેમાંના એક ગોવિંદ રાવળે “ડેયલી ક્રોનિકલ” જૂથમાં કામ કરેલું. હારૂન અહમદ, ડી. કે. શારદા અને પ્રાણલાલ શેઠ પણ એ અખબારમાં જ હતા. પ્રવીણે થોડોક વખત અમારી સંગાથે અહીં કામ કરેલું. તેની સાથેનો મારો સંપર્ક છૂટી ગયો છે, પણ ધારણા એવી છે કે તે ક્યાંક મહાનગર લંડનમાં વસવાટ કરે છે.

‘પદ્માકર બર્વેનું તાજેતરમાં અમેરિકા ખાતે અવસાન થયેલું. ઉત્તર લંડનમાં આવ્યા ‘સંગમ’ના મકાનમાં, તેની એક સ્મૃતિસભા રખાઈ હતી. કોમનવેલ્થ સેક્રેટેરિયેટમાં વરસો લગી વ્યવસાય કરતા તેના ભાઈ અરવિંદ બર્વે પણ મારી સંગાથે એ સભામાં વક્તા તરીકે હાજર હતા.

‘નાનાલાલ શેઠ પ્રાણલાલ શેઠના નાના ભાઈ છે. અને હાલ નાઈરોબીમાં વસવાટ કરે છે. એ જાણીતા કાયદાવિદ્દ છે અને તેમણે વકાલત પણ કરી છે.

‘નિશાળના મારા છેલ્લા વરસ દરમિયાન જગદીશ વડગામા મારા સહાધ્યાયી હતા. મારી ધારણા એવી છે કે તે હાલમાં ઉત્તર ઈંગ્લૅન્ડના ન્યૂકાસલ શહેરમાં રહે છે અને ત્યાં ડેન્ટિસ્ટનો વ્યવસાય તે કરતા હતા. તેમનાં એક બહેન તે કુસુમબહેન વડગામા જે લંડનના ગોલ્ડર્સ ગ્રીન વિસ્તારમાં વસે છે અને લાંબા સમય સુધી એમણે ત્યાં ઓપ્થલમોલોજિસ્ટ તરીકે ધીકતો વ્યવસાય કર્યો હતો. કુસુમબહેને કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે. બંને વિશ્વયુદ્ધો ટાંકણે હિંદીઓના ફાળા અંગે કુસુમબહેને સંશોધનકામ કરેલું છે અને તેની ચોપડી પણ બહાર પાડી છે.

‘ગર્વનમેન્ટ ઈન્ડિયન સેકન્ડરી સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં ભારે સન્માનિત શિક્ષક તરીકે ઉમેદરાય ભટ્ટનું સ્થાન અગત્યનું છે. “ડેયલી ક્રોનિકલ” માટે એમણે ઘણા લેખો લખેલા. તે વખતે જે નીતિનિયમો હતા તેને ધ્યાનમાં લઈને આ સઘળા લેખો કોઈક ઉપનામે એમણે કરેલા. કમભાગ્યે એક કાર અકસ્માતમાં એમનું અવસાન થયેલું. હા, એમની એક દીકરી લંડન શહેરમાં વ્યવસાય કરે છે અને પ્રાણલાલ શેઠે, એક વેળા, મને તેનો પરિચય કરાવેલો.’

# ઈંગ્લિશ મીડિઅમવાળાનું ગુજરાતી

o નિર્મિશ ઠાકર

ઈન અવર સ્કૂલ ... યુ નો, ‘ગુજરાતી ભાષા બચાવો વીક’ સેલિબ્રેટ કરવાની છે. એટલે મેં પન આ નિબંધ રાઈટ કરિયું છે. કાન્ટ હેલ્પ ! ઈન ફેક્ટ, આ મેં લખિયું એ તો બેટર છે. ઈફ યુ આસ્ક માય ઓપીનિયન, બેમાંથી એક જ સર્વાઈવ કરશે. આઈધર ‘ઊંઝા - જોડની’ ઓર ‘ગુજરાતી લેંગ્વેજ’. ચોઈસ ઈઝ યોર્સ ! ઈન શોર્ટ, કમ્પિરેટવલી અમારો રોલ નાનો છે, ‘ગુજરાતી’ને મારવામાં. અંધેર ઈઝ એવરી વ્હેર, સો ડોન્ટ વરી ... બી હેપી ... એન્ડ એન્જૉય માય ગુજરાતી નિબંધ !




આપણું કન્ટ્રી વન્સ અપ ઓન અ ટાઈમ, એક ‘ભરત’ નામનું કિંગ હતું. વેરી બોલ્ડ એન્ડ બ્યુટિફૂલ ! વેરી પાવરફૂલ, એને તો સિક્સ પેક એબ્સ પન હતું, સમ વન ટોલ્ડ મી લાઈક ધેટ ! ઈન શોર્ટ, ‘ભરત’ના નામ પરથી આપણા કન્ટ્રીનું નામ પડિયું ‘ઇન્ડિયા’ ગોટ માય પોઈન્ટ ?

ફોર અવર કન્ટ્રી ... યુ સી, સૌથી મોટું હેડેક છે. ... લાઈન ઓફ કન્ટ્રોલ ! ચારે બાજુ અનસેફ. ઓન પેપર, કાશ્મીર ઈઝ અવર્સ ! હિમાલય પર ચાઈનાનું ડેન્જર છે જ. ને ત્રન બાજુ સમંદર છે, એટલે ટેરરિઝમને કન્ટ્રોલ કરવું ઈમ્પોસિબલ છે. એમ આઈ રાઈટ ?

લિવિંગ રાજ ઠાકરે એપાર્ટ, સ્ટીલ વી આર ટુગેધર. મારા ઘરમાં પન ઈવન, મારા ફાધર મને સમટાઈમ્સ ફટકારે, એટલે યુ.પી.વાલાને બોમ્બેમાં થોડો માર પડે, તો ઈટ ઈઝ ટોલરેબલ, ઈફ લિમિટ નોટ ક્રોસ્ડ ! ઓવરઓલ જૉવો તો ... વી આર ટુગેધર ! નો પ્રોબ્લેમ ! એમ તો અમારા સુરતમાં બિહારી રિક્સાવાલાઓ એટલા ઈનક્રિઝ થયા કે સિટીબસ પન ફૂટપાથ પર રન કરતું હતું. પછી આર.ટી.ઓ.માં રિક્સાઓનું રજિસ્ટ્રેશન પન ક્લોઝ થઈ ગિયું.

સો, વ્હેર ધેર ઈઝ અ વીલ, ધેર ઈઝ અ વે ! એટ એની કોસ્ટ, આપણું કન્ટ્રી સુપરપાવર તો બનવાનું જ, એ તમે હાલ જ લખી લો ! (લખીને મારી પેન પાછું આપજો ! ડોન્ટ ટ્રાય ટુ બી ઓનર ઓફ માય પેન, માઈન્ડ વેલ !)

આપણું ગુજરાત પન આર્ટ ઓફ ધ કન્ટ્રી કહેવાય, એટલે એના માટે ફ્યુ વર્ડઝ રાઈટ કરું તો, યુ વિલ નોટ ઓબ્જેક્ટ, ધેટ આઈ નો વેરી વેલ. વર્લ્ડ મેપ પર, એઝ કમ્પેર્ડ ટુ પોરબંદર, ગોધરા ઈઝ મોર ફેમસ ! ત્રણ દિવસ તો આખું ગુજરાત એવું વાઈબ્રેટ થયેલું કે એના વાઈબ્રેશન્સ પન આફ્ટર-શોકની જેમ યુ સી, વી કેન ફીલ. ઈન ધેટ વે ઓલસો, આપણે ... ‘વાઈબ્રન્ટ ગુજરાત’ કહીએ તો, નથિંગ રૉંગ.

બટ વન થિંગ ઈઝ ધેર, યુ સી. ગુજરાતનો સ્પિરિટ કવિ નર્મદે બિલ્ટ અપ કરેલો ... કે વન્સ ધ સ્ટેપ ઈઝ ટેકન, વુડ નોટ બી ટેકન બેક. ... આઈ મિન ડગલો ભર્યો કે ... ના હટવું ... સમથિંગ લાઈક ધેટ ! વી આર પ્રાઉડ ઓફ સચ પોએટ્સ એન્ડ રાઈટર્સ.

આપણા કન્ટ્રી માટે નિબંધ રાઈટ કરતું હોય ... ને ઈફ વી ફર્ગેટ રાષ્ટ્રપિતા ... આઈ એમ સોરી ... રાષ્ટ્રપતિ ... મહાત્મા ગાંધી, તો નો વન વિલ ફર્ગીવ અસ. એમનાં બા, ઈફ આઈ એમ નોટ રોંગ, કસ્તૂરબાએ પન આ કન્ટ્રી માટે બહુ મોટો બલિદાન આપિયો હતો ! અનફોરચ્યુનેટલી, આજે પીપલ સ્કેર્ડ ટુ ગીવ બલિદાન. બટ આઈ ઓલવેઝ થિંક લાઈક સંજય ગાંધી, ઈફ યુ નો હીમ !

પીપલ જો બલિદાન ના આપે તો એમને પકડી પકડીને ... ધે મસ્ટ બી ફોર્સ્ડ ટુ ગીવ બલિદાન. કોઈ પન ફેલો કન્ટ્રીથી મોટો હોતું નથી. ઈફ સમ વન થિંક્સ લાઈક ધેટ, વન મસ્ટ કટ ટુ સાઈઝ. આઈ વુડ ઓલવેઝ વિશ ટુ ફાઈટ ઈલેક્શન વિથ ધ સ્લોગન ‘બોચી પકડીને બલિદાન અપાવો’ ! બાત ખલાસ !

મારો એક દેશભક્તિનો સોંગ રાઈટ કરીને ... આઈ ફિનિશ ધીસ ગુજરાતી નિબંધ.

*ઓ માય કન્ટ્રી ... યુ ડોન્ટ વરી,*  
*બી હેપી !*  
*ઈન્ડિયા તું છે મારું કન્ટ્રી,*  
*બી હેપી, બી હેપી !*  
*આઈ નો એવરીવ્હેર*  
*શેઈમલેસ સાઉન્ડ-સાઉન્ડ*  
*વર્લ્ડ-પીસ જતું રહ્યું*  
*સમવ્હેર અન્ડરગ્રાઉન્ડ !*  
*કન્ફ્યુઝ માય માઈન્ડ.*  
*રાઉન્ડ રાઉન્ડ રાઉન્ડ !*  
*ઈન્ડિયા તું છે મારું કન્ટ્રી,*  
*બી હેપી, બી હેપી !*

સો ... આપણે બધાં ત્રન વાર સાથે શાઉટ કરવાનો છે ... મધર ઈન્ડિયાની જે, મધર ઈન્ડિયાની જે, મધર ઈન્ડિયાની જે ! ઓલ ધ બેસ્ટ, થેન્ક યુ !

(સદ્દભાવ : “દિવ્ય ભાસ્કર” ૨૩ એપ્રિલ ૨૦૦૮)


e.mail : nirmish1960@hotmail.com


# આપ કી તારીફ

o નિર્મિશ ઠાકર



## દીપક બારડોલીકરને –

ગયાં ક્યાં શાયરોનાં સ્તર ? હવે દીપક નહીં આવે  
તગઝઝુલને કર્યું બેઘર ! હવે દીપક નહીં આવે  
તમારી મહેફિલોની જેલ ભોગવવા ફરી આવું ?  
ભલો છું હું ને માન્ચેસ્ટર ! હવે દીપક નહીં આવે

- નિર્મિશ ઠાકર



# પગલૂછણિયું નહીં, ગાલીચો

■ **દીપક મહેતા**

'ગુજરાતી બચાવો'ની હાકલ પાડનારાઓની અને 'અંગ્રેજી ભગાવો'ની બૂમો પાડનારાઓની અકળામણ વધતી જાય છે. હવે એ લોકો ઘાંઘા થઈને બોલવા લાગ્યા છે. થોડા દિવસ પહેલાં એક કથાકારે ગુજરાતીનું ગૌરવ કરવા જતા અંગ્રેજીને 'કામવાળી' (નોકરાણી) અને 'પગલૂછણિયું' કહીને ઉતારી પાડી. એ સાંભળી એમનાં પાંચ-પંદર ઘેટાંઓએ તાળી પાડી, ઘણા ડઘાઈ ગયા. કેટલાકે પાંગળો બચાવ કર્યોઃ એ તો 'કામવાળી' પર શ્લેષ કરવા જતાં જરા લપસી ગયા.

આપણા વક્તાઓ, કોલમ લેખકો અને સંસ્કૃતિના સંરક્ષકો અંગ્રેજી માધ્યમની સ્કૂલોની પવનચક્કીઓને રાક્ષસો માની તેમની સામે ખાંડાં ખખડાવી રહ્યા છે. પણ હકીકત શું છે? અંગ્રેજી માધ્યમની સ્કૂલોને કારણે ગુજરાતી ભાષા શું ખરેખર મરવા પડી છે? નેશનલ યુનિવર્સિટી ફોર એજ્યુકેશન પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશને તાજેતરમાં એક અહેવાલ બહાર પાડ્યો છે. આ અહેવાલમાં જણાવાયું છે કે પહેલાથી આઠમા સુધીના ધોરણના ક્લાસોમાં આખા દેશમાં ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં ૫૫ લાખ વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં ભણતા હતા, જ્યારે ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં એ સંખ્યા વધીને ૯૫ લાખની થઈ છે. એટલે કે આવી સ્કૂલોમાં ભણનારાની સંખ્યામાં ૭૪%નો વધારો થયો છે. અગાઉ કુલ વિદ્યાર્થીઓના માત્ર ચાર ટકા અંગ્રેજી માધ્યમમાં ભણતા હતા હવે છ ટકા વિદ્યાર્થીઓ ભણે છે.

આની સામે ગુજરાતી માધ્યમની સ્કૂલોમાં ૨૦૦૩-૨૦૦૪માં કુલ વિદ્યાર્થીઓના પાંચ ટકા (૬૩ લાખ) વિદ્યાર્થીઓ ભણતા હતા. જ્યારે ૨૦૦૫-૨૦૦૬માં એ પ્રમાણ ઘટીને ચાર ટકા જેટલું થયું છે. ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા પણ વધીને ૬૭ લાખ થઈ છે! એ જ રીતે મરાઠી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા એક કરોડ ૧૧ લાખમાંથી વધીને એક કરોડ ૨૧ લાખ થઈ છે, પણ ટકાવારી ૯માંથી ઘટીને ૮ ટકા થઈ છે. બધાં માધ્યમોમાં ૨૦૦૫-૨૦૦૬માં ૭ કરોડ ૮૩ લાખ વિદ્યાર્થીઓ સાથે હિંદી માધ્યમની સ્કૂલો પહેલે સ્થાને છે, જ્યારે બીજે સ્થાને છે મરાઠી માધ્યમ. અંગ્રેજી માધ્યમની સ્કૂલો ત્રીજે નંબરે આવે છે.

હકીકતમાં ગુજરાત કે મહારાષ્ટ્રમાં નહીં, પણ અંગ્રેજી માધ્યમની સ્કૂલો સૌથી વધુ ફૂલીફાલી રહી છે દક્ષિણનાં રાજ્યોમાં! સ્થાનિક ભાષાને સૌથી વધુ ઘસારો પહોંચ્યો છે આંધ્ર પ્રદેશમાં ૨૦૦૩-૨૦૦૪માં ત્યાં ૧૦.૬ લાખ વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમમાં ભણતા હતા. ત્રણ વર્ષ પછી તેમની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ છે, ૨૦.૯ લાખ! તેવી જ રીતે તમિળનાડુમાં અંગ્રેજી માધ્યમની સંખ્યા ૧૪.૭ લાખથી વધીને ૧૭.૨ લાખ જેટલી થઈ ગઈ છે. આની સામે ગુજરાત રાજ્યમાં અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યામાં માત્ર ૬૦,૦૦૦ નો વધારો ત્રણ વર્ષના ગાળામાં નોંધાયો છે. સાહેબ, હવે તમે જ નક્કી કરોઃ ત્રણ વર્ષમાં ૬૦ હજાર વધુ છોકરાં અંગ્રેજી માધ્યમમાં ભણવા જાય તેથી છ કરોડની ગુજરાતી ભાષા મરવા કઈ રીતે પડે?

દલીલ ખાતર માની લઈએ કે ગુજરાતીઓને અંગ્રેજી માધ્યમની સ્કૂલોનું ઘેલું લાગ્યું છે, પણ તો પછી ગુજરાતી બાળકો અંગ્રેજી કેવુંક શીખે છે? 'એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ ૨૦૦૭'ના આંકડા ચોંકાવનારા છે. ગુજરાત રાજ્યમાં પાંચમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી અંગ્રેજીમાં લખાયેલાં સહેલાં વાક્યો પણ માત્ર ૧૨.૪ ટકા વિદ્યાર્થીઓ જ વાંચી શકે છે! દેશના બીજા કોઈ રાજ્યમાં આટલું નીચું પ્રમાણ જોવા મળતું નથી. જરા નવાઈ લાગે, પણ લાલુ પ્રસાદના બિહારમાં પાંચમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી ૪૧.૨ ટકા સહેલાં અંગ્રેજી વાક્યો વાંચી શકે છે! ગુજરાતના પડોશી મહારાષ્ટ્રમાં આવા વિદ્યાર્થીનું પ્રમાણ ૨૯.૧ ટકા છે. પણ આશ્ચર્ય પમાડે એવી વાત એ છે કે અંગ્રેજી વાક્યો વાંચવામાં સહુથી વધુ સફળતા હિમાચલના વિદ્યાર્થીઓને મળે છે!

હવે સાહેબ, તમે જ કહો. આ આંકડા જોયા પછી કઈ રીતે કહેવાય કે ગુજરાતી મરવા પડી છે? પગલૂછણિયું કેટલું ચોખ્ખું કે ગંદું છે તેના પરથી ઘર કેવું હશે એનો અંદાજ આવે. અને આ જમાનો એવો છે કે કામવાળીને પણ માન અને ધન ન આપો તો ચાલતી થાય. ગુજરાત અને ગુજરાતીએ જો આગળ આવવું હશે તો અંગ્રેજી માટેની સૂગ કાઢી નાખવી પડશે. અંગ્રેજી ભણવાથી ગુજરાતી બગડશે નહીં, વધુ સારું થશે. અને અંગ્રેજીને પગલૂછણિયું નહીં, દીવાનખંડના ગાલીચાનું સ્થાન આપવું પડશે. ગુજરાતી લોકો તો આ વાત સમજે છે, પણ આપણા જાણકાર વક્તાઓને કોણ આ વાત સમજાવે? એ લોકો નહીં સમજે, કારણ આવી વાત કરી તાળીઓ ઉઘરાવી શકાતી નથી. ■

(સદ્દભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૨૯ મે ૨૦૦૮)

[55 Vaikunth, Co-Operative Society, Lallubhai Park, Andheri (West), MUMBAI - 400 058, India]

•

# માશી ભાષાઓની સ્થિતિ

આપણા દેશમાં કેટલા લોકો ગુજરાતી ભાષા બોલે છે? કેટલા લોકો મરાઠી ભાષા બોલે છે?

૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે દેશમાં ગુજરાતી બોલનારાઓની સંખ્યા ૪ કરોડ, ૬૦ લાખ, ૯૧ હજાર, ૬૧૭ની છે, જ્યારે મરાઠી બોલનારાની સંખ્યા છે ૭ કરોડ, ૧૯ લાખ, ૩૬ હજાર, ૮૯૪. બંધારણ - માન્ય ૨૨ ભાષાઓમાંથી સૌથી વધુ સંખ્યા હિંદીભાષીઓની છે.

બીજે ક્રમે બંગાળી અને ત્રીજે ક્રમે તેલુગુ. જ્યારે મરાઠી ચોથે સ્થાને આવે છે. ત્યાર બાદ તમિળ અને ઉર્દૂ અને સાતમું સ્થાન મળે છે ગુજરાતીને. દેશની કુલ વસ્તીના ૬.૯૯ ટકા લોકો મરાઠી બોલે છે, જ્યારે ૪.૪૮ ટકા લોકો ગુજરાતી બોલે છે.

૧૯૭૧માં ગુજરાતીભાષીઓની સંખ્યા બે કરોડ ૫૮ લાખ, ૬૫ હજાર, ૧૨ની હતી તેમાં ૨૭.૮૩ ટકાનો વધારો થઈને ૧૯૮૧માં એ સંખ્યા ૩ કરોડ, ૩૦ લાખ, ૬૩ હજાર, ૨૬૭ થઈ. તે પછીનાં દસ વર્ષમાં ૨૩.૦૨ ટકાનો વધારો થયો અને ૧૯૯૧માં સંખ્યા થઈ ૪ કરોડ, છ લાખ, ૭૩ હજાર, ૮૧૪. પણ તે પછીનાં દસ વર્ષમાં માત્ર ૧૩.૩૨ ટકાનો વધારો થયો. એટલે કે ૧૯૭૧થી આજ સુધીમાં ગુજરાતી બોલનારાની સંખ્યા વધતી રહી છે, પણ જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ વધારાની ટકાવારી ઘટતી જાય છે.

મરાઠી ભાષાનું ચિત્ર જરા જુદું છે. ૧૯૭૧માં ૪ કરોડ, ૧૭ લાખ, ૬૫ હજાર, ૧૯૦ મરાઠીભાષીઓ હતા. દસ વર્ષમાં ૧૮.૪૧ ટકાનો વધારો થઈ ૧૯૮૧માં તેમની સંખ્યા ૪ કરોડ, ૯૪ લાખ, ૫૨ હજાર, ૯૨૨ની થઈ, પણતે પછીનાં દસ વર્ષમાં ૨૬.૩૫ ટકાનો વધારો થઈને સંખ્યા ૬ કરોડ, ૨૪ લાખ, ૮૧ હજાર, ૬૮૧ની થઈ, પણ તે પછીનાં દસ વર્ષમાં માત્ર ૧૫.૧૩ ટકાનો વધારો નોંધાયો. મરાઠીભાષીઓની મોટી વસ્તી ઈઝરાયલ અને મોરિશિયસમાં છે, એમ 'એથ્નોલોગ' જણાવે છે, તો આ છે બે 'માશી ભાષાઓ'ની સ્થિતિ. ■

(સદ્દભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૫.૬.૦૮)

# વેળાવેળાની છાંયડી

○ ધનજી કાનજી ગાંધી

પાસંઠ વર્ષ પહેલાંનો એ કાળ (સન ૧૯૧૩?) યાદ આવે છે …

એ દિવસોમાં એક છોકરડો - વિદ્યાર્થી ઉછળી ઉછળીને તરુણબુલંદ સ્વરે લલકારે : *‘જયમંગળ પ્રિય જન્મભૂમિનું ગજવીએ.’*

એના લલકારમાં હતું જખ્મી જિગરનું દર્દ અને ભારતમાતાની ગુલામીની જંજીરો તોડવાની લલક. પોતે ફોજદાર પિતાનો પુત્ર અને જાણે વણિક. પોતડીદાસ વણિકો પોલિસના ધંધાને તુચ્છ માને એટલે આ છોકરાની શી વિસાત ? પણ આ છોકરો જન્મથી નહીં, કર્મથી મહાન બન્યો, અખિલ ગુજરાતમાં ઘેર ઘેર માનીતો અને જાણીતો બન્યો, રાષ્ટ્રપિતા ગાંધીજી પાસેથી રાષ્ટ્રીયશાયરનું બિરુદ લઈ આવ્યો. અદમાં અદનો ગુજરાતી પણ હવે તેને ઓળખે છે. એ હતા ઝવેરચંદ મેઘાણી.

મેઘાણીનાં તમતમતાં શબ્દશરોએ અનેક યુવાનોની જેમ મને પણ વીંધ્યો. મારા ઘટમાં કશુંક કરી છૂટવાના અશ્વો થનગનવા લાગ્યા. બસ ત્યારથી જ મારા જીવનમાં એક જબ્બર અજંપો ઘુંટાયો અને ઘેરો બનતો રહ્યો.

એવામાં મહાત્માજીની હાકલ પડી કે કૉલેજ તજો. વિદેશીશિક્ષણ છોડો. હું મેટ્રિક્ની પરીક્ષામાં બેસવાનો હતો, પણ ન બેઠો. નેશનલ કૉલેજની પ્રવેશ પરીક્ષા પાસ કરી અને એક વર્ષે ઉતીર્ણ થયો. તે પછી એડવાન્સ એકાઉન્ટન્સીમાં ઉતીર્ણ થયો.

એ દિવસો જ એવા હતા કે ફના થઈ જવાના કોડ જાગે. વાતાવરણમાં વીજળિક આવેશ હતો, એની અસરમાં આવી એક લેખ લખ્યો અને મહાત્માજીને આપ્યો. તેઓ લેખ વાંચીને મલકાયા; કહ્યું : ‘તમે તો કંઈક કવિ જેવું લખો છો.’

એટલી વાત મારી પ્રેરણાનું અમૃતબિંદુ બની ગઈ. મારા ચિંતનમાં ચેતન પુરાયું, ધન પાછળની દોડ મિથ્યા છે. માનવદેહ કંઈ એને માટે મળ્યો નથી. માણસ તરીકે જન્મ્યો છું તો માણસાઈથી જીવી જવું, માણસ જાત માટે કંઈક કરી છૂટવું એવા સંકલ્પો જાગ્યા. આ જીવન કીર્તિ કે કલદાર માટે નહીં પણ કુરબાની માટે છે, સત્તા માટે નહીં પણ સેવા માટે છે, પરંતુ જ્યાં જવું છે એ માર્ગ વિકટ છે, આકરો છે. સાચુકલાં મોતી માટે મરજીવા બનવું પડે, મહાસાગરને નાથવો પડે, એકલા હાથે ઝૂઝવું પડે …

અને મેં એવો મરજીવો થવાનું નક્કી કરી લીધું.

ફિકરની ફાકી કરીને ફકીરી જીવન અપનાવ્યું …

“નવજીવન”નો પ્રથમ અંક અમદાવાદની ગલીએ ફેરિયો બની વહેંચવાનો સુભગ પ્રસંગ એ મારી જિંદગીનો લ્હાવો છે. પ્રત દીઠ અર્ધા પૈસાનું કમિશન મળતું એ પ્રસાદ જીવનનું સર્વોત્તમ ઉપાર્જન અને સંભારણું છે. એ દિવસોમાં જાત મહેનત ઝિંદાબાદનો પદાર્થપાઠ શીખ્યો. જિંદગીના નકશામાં ક્રાંતિની દીક્ષાના લાલચટ્ટાક રંગો પૂર્યા, જીવનસંગ્રામમાં અવિશ્રાંત ઝૂઝવાના શપથ લઈને, પામર જંતુની જેમ જન્મીને મરવું એના કરતાં ફના થઈ જવું, એવો નિર્ણય કર્યો.

**‘જીવનસંધ્યાએ વીતેલાં વર્ષોનું વિહંગાવલોકન’ નામે આ લેખ વરસો પછી ફરી જોવા સાંપડ્યો છે. સાથી લેખક ર.કા. ભટ્ટને તેનો યશ મુબારક છે. દિવંગત ધનજી કાનજી ગાંધીએ ૨૦ સપ્ટેમ્બર ૧૯૭૮ના અરસામાં આ લેખ અમરેલીમાં મુદ્રિત થયાની અને લંડનથી પ્રગટ કર્યાની નોંધ પત્રિકામાંથી જડે છે. ગઈ પેઢીના કર્મશીલ, લેખક અને પત્રકાર તરીકે ધનજીભાઈનું પ્રદાન ઝાઝેરું રહ્યું છે. તે સમયના જાહેરજીવનનાં તાણાં વાણાં સમજવા માટે આ લેખ સહાયક નીવડે જાણી, સ્મૃતિ વંદનાની અદબ જોડાજોડ, અહીં સાદર લઈએ છીએ : - તંત્રી**

આર્થિક હાલત એવી કે એક સાંધીએ ત્યાં તેર તૂટે. એક મહત્ત્વાકાંક્ષા હતી અને તે પાર પાડવા કરેંગે યા મરેંગેનો નિર્ધાર હતો. મુંબઈ ગયો. કોઈ ઓળખાણ કે ઓથ નહીં. આછુંપાતળું કામ મળે ને ગાડું ગબડે … કામ કરતાં કરતાં ભારતનાં તીર્થધામો, તથા ઐતિહાસિક સ્થળો જોવાના અને વિવિધ રીતે સમગ્ર જાહેર જીવનનો અભ્યાસ કરવાના કોડ જાગે, એ પૂરા કેમ કરવા ? પણ થયું એવું કે ટ્રાવેલિંગ સેલ્સમેનનું કામ જડ્યું ! દોડવું’તું ને ઢાળ મળ્યો. મારું કામ થઈ ગયું ! દિલ્હીથી શ્વેત બિન્દુ રામેશ્વર સુધી અને સિલોન, પૂર્વ પાકિસ્તાન (હાલ બાંગલાદેશ) અને બ્રહ્મદેશના શહેરેશહેરને ખૂંદી વળ્યો …

પેલો તરુણબુલંદ અવાજ *‘જયમંગળ પ્રિય જન્મભૂમિનું ગજવીએ’* અંતરતમમાં ગુંજ્યા જ કરતો હતો. દેશરપરદેશ જોયા ને ઘણા અનુભવ લીધા. પ્રવાસમાં ઠેરઠેર જોયું કે હિન્દુઓ વટલીને ખ્રિસ્તી કે મુસ્લિમ બની રહ્યાં છે, પણ હિન્દુધર્મના ઠેકેદારોનું રુંવાડું ય ફરકતું નથી. ધર્મગ્રંથોનાં પોલા શુકપાઠો છે, સાચી ધર્મભાવના નથી. મૂઠીભર મોગલોએ ચડાઈ કરી, કરોડો હિન્દુ ગાડરડાં પર વિજય મેળવી રાજ કર્યું. પણ કોઈનામાં એકાત્મકતા કે સંઘભાવના જાગી નહીં. આ કરુણતા અને ભારતવર્ષનો આ માનભંગ મને સદા ખૂંચતો.

આવા સમયે હાથ જોડીને બેસી રહે ય ન ચાલે. નાની મોટી ચળવળ કરી, સમાજના આત્માને ઢંઢોળવાની કોશિશો કરી, પણ બહેરા કાને મારી તતૂડીનો અવાજ કેમ પડે ? તો ય હિમ્મત હાર્યે કંઈ ચાલે ? મનમાં ઘુંટાતો અંજપો બેસવા પણ કેમ દે ?

મુંબઈને સલામ કરી આફ્રિકાની વાટ પકડી. ‘અલ્લા બેલી’ કહીને નૈરોબીમાં પગ મૂક્યો. ખિસ્સામાં એકાદ પૌંડ અને હૈયામાં આત્મશ્રદ્ધા અને ઈશ્વરનો ભરોસો કે, મારી ફિકર નંદલાલને છે. બાકી ન કોઈની ઓળખ, નહીં કોઈની ઓથ. ધર્મશાળામાં ધામા નાખ્યા. શું કરવું એની અવઢવમાં દિવસો જાય. ત્યાં અખબારમાં અંગ્રેજી પેઢીની જાહેર ખબર વાંચીને પહોંચ્યો ને નોકરીમાં દાખલ થયો. પરંતુ આ ગાળામાં પણ સમાજ અંગે વિવિધ પ્રકારના વિચારોનું તુમુલ યુદ્ધ ચાલ્યા કરતું એની અભિવ્યક્તિ પત્રિકાઓ છપાવી તેમાં કરતો. દુકાને દુકાને પત્રિકાઓ વહેંચતો. થોડીક સ્થિરતા આવતાં “કલ્યાણ” માસિક શરૂ કર્યું. પરંતુ એ સાહસમાં ખોટ ખાધી.

સમય જતાં આફ્રિકન મરકન્ટાઈલ કંપની લિમિટેડમાં ૪૦૦ શિલિંગ પગાર તથા કમિશનની શરતે નોકરી લીધી. સામાન્ય માણસ માટે આ ઘણા ગૌરવવાળી અને માનપ્રદ જગા હતી. એ કાળમાં બીજાઓ તો સો દોઢસો શિલિંગમાં ગમે તેટલું વૈતરું કરવા ખુશી હતા. એ સમયે આજની દૃષ્ટિએ જીવનધોરણ ઘણું સસ્તું. રૂમનું માસિક ભાડું અર્ધો પૌંડ, નોકરનો પગાર પણ એટલો. એક પેનીમાં પાંચેક રતલ બટાટા મળે. યુગાન્ડામાં તો પાંચ પેનીમાં એકસો નારંગી, અને એક પેનીમાં શેરડીનો સાંઠો મળતો. એકાવન વર્ષ (સન ૧૯૨૭ ?) પહેલાંનો પગાર આજની ગણતરીએ દસ ગણો લેખાય. પણ આવી આસાએશના દિવસોમાં પણ લોહીમાં બળવાખોરીની ચિનગારી હતી તે કંઈ બુઝાઈ નહોતી.

ઈસ્ટ આફ્રિકન નેશનલ કૉંગ્રેસની વર્કિંગ કમિટીમાં નિમાયો ત્યારે ‘પોલ ટેકસ’ નહીં ભરવાની ઝુંબેશ માટે આગના ભડકા જેવું પ્રવચન આપેલું તેને કારણે કબૂતરખાનામાં ફફડાટ મચી ગયેલો.

૧૯૩૦માં સત્યાગ્રહનો બૂંગિયો વાગ્યો. હું કેમ બેસી રહું ? જાહેર સભામાં મેં એલાન કર્યું કે, મારી આવડત અને શક્તિ પ્રચારમાં વિશેષ ખીલી શકે. ખાખી બાવો થઈ જાઉં તો ભલે, પણ વગર વેતને અમરેલી પ્રાંતમાં ચળવળ ચાલુ રાખીશ. અને બોલ્યું પાળ્યું ય ખરું. ભારત આવ્યો અને આ ચળવળમાં યૌવનનાં ફૂલગુલાબ જેવાં દસ વર્ષ ગાળ્યાં.

વ્યવહાર ડાહ્યા ગણાતા લોકોને આવી ચળવળ નર્યું ગાંડપણ લાગતી. તેઓ વણમાગી સલાહ પીરસતા : ‘કમાઓ, સંસાર માંડો અને પાનગુલાબ ચાવો.’

પણ સાધુને વળી સંસાર શા ?

નવરાશની પળોમાં કલમ ચલાવી અને ‘જાગૃતિ ગ્રંથમાળા’ની શ્રેણીમાં કેટલાંક પુસ્તકો લખ્યાં ને પ્રકટ કર્યાં. સાથે સાથે નવોદિત લેખકોને ઉત્તેજન આપ્યું, તેમની પાસે પુસ્તકો

લખાવ્યાં, પ્રકટ કર્યાં. પણ એ સાહસ પણ ખોટમાં પરિણમ્યું, ને ખીચડીનાં ફાંકાં પડ્યાં.

એવા કપરા દિવસો આવ્યા કે નરસિંહ મહેતાની જેમ હું પણ આર્ત સ્વરે ગાઈ ઊઠ્યો : *'મારી હૂંડી શિકારો મા'રાજ રે, શામળા.'* અને શામળાજીએ હૂંડી સ્વીકારી હોય તેમ એક તક ઊભી કરી આપી. "ટાઈમ્સ ઑવ્ ઇન્ડિયા"માં મેસર્સ સી. પારેખ એન્ડ કું. (ઇન્ડિયા) લિ.ની જાહેર ખબર વાંચી, મારી પસંદગી થઈ, અને વળી આફ્રિકા આવ્યો.

ત્રણેક વર્ષ અહીં ગાળ્યાં. એક વાર અખબારોમાં સમાચારો છપાયા તે વાંચી મારું અંતર કકળી ઊઠ્યું. કલકત્તામાં ગુંડાઓએ હિન્દીઓની મોટે પાયે કત્લેઆમ ચલાવી હતી. મને મરનારાઓનાં કુટુંબોનો અને નવવિધવાઓનો વિચાર આવ્યો. ... એ વિધવાઓનું શું ? બસ જિંદગીભર આંસુ સારતાં સારતાં વૈધવ્ય જ પાળ્યે રાખવાનું ? તેના જીવનમાં કોઈ આશાનું કિરણ, આનંદની એકાદ કણી પણ નહીં ? તેમણે પોતાના તમામ કોડ સંકેલીને અંતરમાં ભંડારી દેવાના ?

મારા આત્માને એ સ્વીકાર્ય નહોતું. જડબેસલાક જ્ઞાતિવાદ, ધર્મવાદ, પ્રાન્તવાદ અને ભાષાવાદનાં બંધનોને લાત મારીને મેં એક બંગાળી વિધવા સાથે લગ્ન કર્યું.

કાળ બદલે છે પણ માણસની વૃત્તિ બદલતી નથી. સૌને લાડી, ગાડી અને વાડીમાં જ રસ. એમાં જ સ્વર્ગ દેખાય અને એ મેળવવામાં જ પોતાનું ઇતિ કર્તવ્ય માને. ખૂણે બેસી આંસુ સારતી અનેક બાળવિધવાઓ છે, પણ એનાં આંસુ લૂછવાની કોને પડી છે ? પોતાની જાતને સંસ્કારી અને સુધારક લેખતા વકીલો, ડૉક્ટરો, ચાર્ટર્ડ એકાન્ટરો અને ઇજનેરો છે, પણ સમાજના જડ ચોકઠાની બહાર કોણ નીકળે છે ? બુદ્ધિજીવીઓ પણ વરવિક્રય અને કન્યાવિક્રય કરીને લોહીના વેપારીઓ બને છે. બધે જ પટલાઈના દાવપેચ છે, અંદરોઅંદર ખટપટ અને કુસંપ છે, ઈર્ષા છે અને અંદર અને બહાર નૈતિક અધઃપતન છે. ઉપરથી સમાજનું ખોખું ઉજળું છે, પણ એને અનાચારની ઉધઈ લાગી ગઈ છે. ...

આ સમાજ લેકચરબાજોથી ખદબદે છે. પણ હિંમતભર્યું એક પગલું ય આગળ આવીને કોણ મૂકે છે ? ધરમની ઘંટડી સૌ વગાડે પણ આચરણમાં ઉતારનારા કેટલા ? બે છોકરાં છતાં, વિધુર બેરિસ્ટરને પ્રેરણા માટે કુમારિકા શોધવી પડે છે. પ્રેમગીતડાં લલકારી ખ્યાત બને છે, ને એને તો વિરહવ્યથા પણ સાલે છે. આવી ઊલટી ગંગા ચાલે છે અહીં તો ...

મારું જીવન દોરંગુ ચાલે. પત્ની ઇંગ્લિશ જાણે નહીં અને હું બંગાળી સમજું નહીં. પણ હૈયાની ભાષા એક. એ પ્રેમાળ, આજ્ઞાંકિત અને પરગજુ બાઈ હતી. તેણે મારી જે સુશ્રૂષા કરી, તે અનુપમ હતી.

ફરી પાછો આફ્રિકા આવ્યો. પ્રાયમરી સ્કૂલમાં હેડમાસ્તર બન્યો. પણ અહીં બહુ સંકડાશ લાગી. કંપાલામાં પંચરંગી પ્રકારની અનેક પત્રિકાઓ પ્રસિદ્ધ કરી અને જનતામાં નામ કમાયો. પણ જીવ એવો અકોણો કે ઠેર બેસે નહીં. "મધપૂડો" (પૃષ્ઠ - ૭૨) માસિક શરૂ કર્યું અને એ દ્વારા યુગાન્ડાના ઇતિહાસમાં સાહિત્યની પ્રથમ જ્યોત પેટાવી. વળી બીજા વરસે "દંપતી" (પૃષ્ઠ - ૭૨) પણ પ્રસિદ્ધ થવા માંડ્યું. બન્ને નિયમિત પ્રકટ કરું મારા હિસાબે ને જોખમે. એમાં વળી અડપ ચડી તે "લોહાણા બંધુ" (પૃષ્ઠ - ૭૨) જેવું પરજ્ઞાતિનું માસિક શરૂ કર્યું, જે બાર માસ નિયમિત ચાલ્યું. આ માસિકમાં જન્મ, લગ્ન, કે મૃત્યુના સમાચારો નહીં, વિદેશગમનના ખબરો નહીં, મૃતાત્માને શાંતિ આપવાનાં લખાણો છાપી ધર્માદો લીધેલો નહીં. રસભોગ્ય સામગ્રી પીરસીને હરખાઉં. બધી જવાબદારી એકલ પંડે પહોંચી વળાય નહીં, નોકરનો પગાર પોસાય નહીં, એટલે નુકસાની ભોગવી, ને ચાલ્યું ત્યાં સુધી ચલાવ્યું. એને કારણે પછી એવો તો અકિંચન બની ગયો કે ભગવાન કૃષ્ણ બાંય પકડે તો જ ઉગારો થાય.

## ત્યાં સુગંધી લ્હાવો છે

*સમાજને ખપે બલિદાન, ખપે હિંમતનું દીવેલ,*
*ત્યાગવિહોણાં હાલરડાં, ફોગટ ઠેલંઠેલા છે.*
*આફ્રિકે સાહિત્ય દીવો, કોણે પ્રથમ પ્રગટાવ્યો ?*
*સાહિત્યે કુરબાની કોની, કોની સખાવત મોટી છે?*
*ઈશ્કમાં લાડુ નથી, ઈશ્ક હાટડે નથી,*
*આચરણ સાચું નથી, જીભના લબકારા છે.*
*કોયલના ટહુકા નથી, મંદમંદ લહરી નથી,*
*આનંદ ઝરણું નથી, કાગળ શીદ બગાડે છે.*
*રોમાંચક વાતું નથી, કશું માર્ગદર્શન નથી,*
*અહો રૂપં અહો ધ્વનિ, નામચીન થવા દોડે છે.*
*કુરબાની જિગર જ્યાં, ત્યાં દિલરૂબી સંગીત છે,*
*પરાક્રમી જીવન જ્યાં, ત્યાં સુગંધી લ્હાવો છે.*

**- ધનજી કાનજી ગાંધી**

ઈશ્વરે જ પ્રેરણા આપી હોય તેમ નૈરોબીના મહમદઅલી રતનશીના સુપુત્રે મારી પત્નીને હજાર શિલિંગની ભેટ ધરી. એ સમયે સોનાનો ભાવ એક તોલાના નેવું શિલિંગ જેટલો. હજાર શિલિંગમાંથી પત્નીનો ચંદનહાર ઘડાવી શકાય, પણ મેં માસિકમાં એ નાણાં નાંખ્યાં ને ૧૪૪ પાનાંના દળદાર અંક પ્રસિદ્ધ કર્યા. લક્ષ્મીદેવી જાણે પ્રસન્ન થઈ ગયાં હોય તેમ કાકુભાઈ રાડિયા તરફથી ૧૦૦૦ શિલિંગનો ચેક પોસ્ટમાં આવ્યો, વી.વી. બોકરે ૧૦૦૦ શિલિંગ બક્ષીસમાં દીધા, દામોદર જીણાભાઈએ ૧૦૦૦ની ભેટ દીધી, બેરિસ્ટર સી. કે. પટેલે ૧૦૦૦ શિલિંગનો ચેક મોકલ્યો. આ પૈસા આવતા ગયા તેમ ઉમંગ વધતો ગયો. ૧૪૪ પાનાંનો એક એવા અંકો એક પછી એક પ્રસિદ્ધ કરતો ગયો. (બેરિસ્ટર પટેલનો ચેક મળ્યો તેમાં એક દગાબાજ કવિએ એકસો પૌંડની ગોલમાલ કરી મને નવરાવી નાખ્યો એટલે ઉત્સાહ ઓસરી ગયો. આ ઠગ હજુ હયાત છે.)

પચીસ વર્ષ અગાઉ હજાર શિલિંગનું મૂલ્ય આજની દૃષ્ટિએ પાંચ હજાર જેટલું લેખાય. એ જમાનામાં આટલી ભેટ અધધધધ લેખાતી. મારી સાહિત્યિક પ્રવૃત્તિ અંગે મને જે ભેટ / સન્માન મળ્યાં તેવા કોઈ સાક્ષર / કવિને મળ્યાં નથી. આજ જોઉં છું કે કહેવાતા સાહિત્યકારોમાં, જનતા પાસેથી સાહિત્યને નામે ભિક્ષા માગી, પોતાને માથે માનનું છોગું ચડાવવાની વૃત્તિ દેખાય છે. આ બધાં વરવાં પ્રદર્શનો છે, પોલી આત્મશ્લાઘા છે; દેવી સરસ્વતીનું અવમાન છે.

(એક મિથ્યાભાષીએ "ગુજરાત સમાચાર"માં ગુલબાંગ ફેંકેલી કે કંપાલામાં "જાગૃતિ" સામયિક પ્રથમ શરૂ થયેલું, પરંતુ એ હળાહળ જૂઠ છે.)

જ્યાં પોલંપોલ છે, જ્યાં સ્વાર્થ છે, જ્યાં બનાવટ અને અન્યાય છે. ત્યાં મારી કલમ, કોઈની ય શેહશરમ રાખ્યા વિના તાતી તલવારની છડેચોક વીંઝાણી છે. મેં ટોળાવાદ ઊભો કર્યો નથી, કોઈ સંસ્થાનું શરણું કે ઓઠું લીધું નથી.

વગોવણીઓના ઘા ખમી ખાધા છે, હાંસીને પાત્ર પણ બન્યો હોઈશ, પણ નમ્યો નથી.

મારું જીવન ઘડતર, જીવનદર્પણ કે જીવનદર્શન જે કહો તે આ છે.

મેં ક્યાં ય ફોટા છપાવ્યા નથી. કીર્તિના ધજાગરા ફરકાવ્યા નથી, છેતરપિંડી કરી સુવર્ણચંદ્રકો સેરવ્યા નથી. ઘરમાં રેડિયો કે ટી.વી. કે ટેલિફોન નથી. કશાની ખેવના પણ નથી, કોઈ આસક્તિ પણ નથી, પણ નિવૃત્તિ એટલે મરણ એ મારું દર્શન છે, અને વફાદાર રહી હું જીવનની છેલ્લી ક્ષણ સુધી મારું કામ કરતો રહીશ.

નૈરોબી, કંપાલા, અમરેલી અને લંડનમાં જુદા જુદા વિષયો પરત્વે પાંચસોએક પત્રિકાઓ (ચારેક લાખ પ્રતો) આ પચાસ વર્ષના ગાળામાં પ્રકટ કરી છે, અને મેદાન ગુંજતું રાખ્યું છે. ગાંઠના નાણાં અને શક્તિ ખર્ચ્યાં છે. એટલું જ નહીં સ્વહસ્તે ઘેર ઘેર ફરીને પત્રિકાઓ પણ વહેંચી છે.

**કરકસરપૂર્વક જીવ્યો છું. ઓછામાં ઓછો પરિગ્રહ સેવ્યો છે. મારી પરસેવાની કમાઈનો જરૂરથી વધુ પૈસો પણ મેં સંઘર્યો નથી. મારી તમામ બચત રકમ મેં નીચે જણાવેલી વિગતે સમાજના ઉત્કર્ષ અને કલ્યાણ માટે વાપરી છે :**

**પૌંડ ૨,૦૦૦ : શ્રી ધનજી કાનજી ગાંધી મેમોરિયલ, લંડન**

**પૌંડ ૫૨૫ : વિવિધક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારાઓને પાંચ સુવર્ણચંદ્રકો**

સાયન્સ, એન્જિનિયરીંગ, એગ્રીકલચરના ફર્સ્ટ ક્લાસ અનુસ્નાતક વિદ્યાર્થીઓને તથા એક નાટ્યકાર તેમ જ એક સાહસિકને

પૌંડ ૫૦૦ : નવનાત વણિક મંડળને 'પ્રાર્થના મંદિર' માટે

રૂ. ૫,૦૦૦ : અમરેલી નગરપાલિકાને સામાજિક ઉન્નતિ માટે, ટ્રસ્ટમાં.

રૂ. ૨૦,૦૦૦ : સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદને ઓછી કિંમતે પુસ્તકો વેચવા સહાય અર્થે. (શ્રી ધનજી કાનજી સ્મારક ગ્રંથમાળા માટે.)

આ ઉપરાંત વૃદ્ધો માટે ફ્લેટની યોજના તળે 'હેલ્પ ધી એજેડ' (પિકાડેલી) સંસ્થાને એક ફ્લેટ અર્પણ કર્યો છે. (જેની અંદાજી કિંમત ચાળીસેક હજાર જેટલી થાય.) ફ્લેટ પર 'ધનજી કાનજી ગાંધી તરફથી અર્પણ'ની તક્તી છે.

સમાજ આજે દંભ અને કૃત્રિમતાથી ખોખલો થયો છે, અધઃપતન પામ્યો છે. ક્યાં અગાઉની પ્રામાણિકતાનાં જ્વલંત ઉદાહરણો ને ક્યાં આજની કીર્તિલોલુપતા ? માણસના જીવનમાં પ્રેમ, નિઃસ્વાર્થતા, માનવગૌરવ, ઉદારતા, નેકી, ટેકી, વફાદારી, આજે કશું ય નથી દેખાતું. દેખાય છે, નાણાં પાછળની અંધાધૂંધ આંધળી દોડ. યેનકેન પ્રકારેણ પોતાની કીર્તિલાલસા સંતોષવામાં કોઈને નામ નથી. પૈસાથી તેઓ પોતાને સાહિત્યકાર કહેવડાવે છે. પૈસાથી અખબારોમાં વાહવાહો કરાવે છે, પૈસાથી અકાદમીઓની પદવીઓ અને પારિતોષિકો હાંસલ કરે છે. ...

ક્યાં છે એ જીવનબલિદાનનો ધધકતો લાવા ? ક્યાં છે સંકટો સામે બાખડી લેવાની હિમ્મત અને ધૈર્ય ? ક્યાં છે પરસ્પરના ઘાવને મલમ ચોપડવાની સહિષ્ણુતા અને સદ્દભાવના ?

છ દાયકાની રામાયણ છે, આ જીવન ફૂલવાડીની. આ બાગને રુધિરથી સિંચ્યો છે, ધૈર્ય અને નિષ્ઠાથી ઉછેર્યો છે, ઝંઝાવાતોની સામે અડગ બનીને રક્ષણ કર્યું છે.

હાથમાં જે કંઈ રળતર આવ્યું તે સખાવતમાં આપીને હાથ ખંખેરી નાખ્યા છે, સમાજનું સમાજને અર્પણ કરી કૃતાર્થતાની લાગણી અનુભવી છે. મારી પાસે હવે કશું જ નથી. મારા મૃતદેહને કફન નહીં હોય, ઘીની દીવડી યે નહીં હોય, એકાદ બે ફૂલો ય નહીં, કોઈ ડાઘુ નહીં, કોઈ મરશિયાં ગાનાર નહીં, કોઈ પાદરી કે ધર્મગુરુના આશીર્વાદ નહીં, કોઈ પ્રાણપોક નહીં, કોઈ ભગિનીનું છાતીફાટ રૂદન નહીં. બસ, ઈશ્વર દોરી ખેંચી લેશે ને આંખ મીંચાઈ જશે. શોકસભા ને શોક ઠરાવો અને જીવન ઝરમરોની જાહેરાત પણ નહીં.

મારા તીખા પરંતુ સત્યનિષ્ઠ સ્વભાવથી દાઝેલા મને ઘણીવાર ખોટી રીતે સમજ્યા છે. પરંતુ એ મારું નસીબ અને કુદરતનો સંકેત હશે તેમ માનું છું.

આ જીવનસંધ્યાએ મારા વ્યતિત થયેલા જીવનનું વિહંગાવલોકન કરું છું ત્યારે થાય છે કે હું મારી રીતે મારા આદર્શ મુજબનું, મારાથી શક્ય તેટલું શ્રેષ્ઠ અને નીડર જીવન જીવ્યો છું.


કલાપિની પંક્તિઓ મુજબ, *'માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું',* તેમ કડવાંમીઠાં સ્મરણોને વાગોળું છું. મારાથી કોઈકનું કંઈયે સારું થયું હશે તો તે કૃતજ્ઞતાપૂર્વક મારા મરણ પછી, એના હ્રદયને ખૂણે મારી સુખદ સ્મૃતિ જાળવશે. એ જ મારું સાચું સ્મારક છે. કોઈક કદરદાન બોલશે કે 'સાહિત્યનો ભેખધારી મસ્તફકીર ગયો, પણ આર્ય સંસ્કૃતિની ધજા ફરકાવીને અને ડંકા નિશાન વગાડીને ગયો. ... ' એ હશે મારા ભવની કમાઈ, મારી માણસાઈની કમાઈ.

મૃત્યુ પછી મારું હાડપિંજર તથા કિડની મેડિકલ કાઉન્સિલને અર્પણ કર્યાં છે. એ રીતે મૃત્યુ પછી યે સમાજનું યત્કિંચિત ઋણ ઉતારવા પ્રયત્ન કર્યો છે. ભલાઈનો આનંદ છે, અન્યાય અને અમાનવીય વૃત્તિઓનો વસવસો છે. ઈશ્વર સૌને સદ્દબુદ્ધિ આપે, સત્કૃત્યની પ્રેરણા આપે, અને સાચા અર્થમાં માણસ બનાવે તેવી પ્રાર્થના છે. ૐ શાંતિઃ.

•

## પુરુષાર્થની પ્રતિમા ■ દીપક મહેતા

કહેવાય છે કે પાણામાંથીય પાણી કાઢે એનું નામ કચ્છી માડુ. આ વાત છે એવા કોઈ પાણીકળાની નહીં, પણ એક પુસ્તકકળાની.



ભણતર એસ. એસ. સી. સુધીનું, પણ જિંદગીનું ગણતર એકદમ પાકું. બાળપણ વીત્યું કચ્છના મુંદરા ગામમાં,પછી ભણવા માટે ગયા અમદાવાદ. ભણતરની સાથે જ ત્યાંના એક પ્રકાશકને ત્યાં કામ શરૂ કર્યું અને દસેક વર્ષનો અનુભવ મેળવ્યો. પાછલાં વર્ષોમાં પિતાની આર્થિક સ્થિતિ નબળી પડેલી એટલે સાહસ કરવાનું મન થયું, અને કેટલાક મિત્રોના આગ્રહથી નોકરીની શોધમાં છેક ધનબાદ અને રાઉરકેલા સુધી ગયા. પણ નોકરી ન મળી એટલે આવ્યા મુંબઈ. મનમાં મનસૂબો લઈને કે પોતાની પુસ્તકોની દુકાન કરવી. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને ઊતર્યા ત્યારે ગુંજામાં હતી બસો રૂપિયાની માતબર મૂડી!

પહેલાં તો રોટલો ને ઓટલો મેળવવામાં જ લગભગ અડધા પૈસા ખર્ચાઈ ગયા. નોકરી તો ન જ મળી. મનમાં દહેશત થવા લાગી કે નીચી મૂંડીએ ઘરે પાછા ફરવું પડશે કે શું? ત્યાં એક દિવસ સાવ અચાનક એક જૂનો મિત્ર મળી ગયો. ખુશાલ લક્ષ્મીચંદ એનું નામ. ત્રીજા-ચોથા ધોરણમાં મુંદરામાં સાથે ભણેલા. મિત્રને મૂંઝવણ કહી. એ મિત્રે પાંચ હજાર રૂપિયાની મુલતાની હૂંડી પોતાની ઓળખાણથી અપાવી અને પેલા કચ્છી માડુએ પ્રિન્સેસ સ્ટ્રીટમાં ચોપડીઓ વેચવાની દુકાન શરૂ કરી. દુકાન શેની? સો-બસો ચોપડીઓ રહી શકે એવો નાનકડો બાંકડો. દુકાનદારે પોતેય આખો દિવસ ઊભા રહેવું પડે એવો. એ દુકાનદાર તે ધનજીભાઈ શાહ અને એ દુકાન તે નવભારત સાહિત્ય મંદિર. ગુજરાતી પુસ્તકોના પ્રકાશકો અને વિક્રેતાઓની નાની દુનિયામાંના આજે મસમોટાં બની ગયેલાં બે નામ.

પ્રારબ્ધવાદીઓ કહેશેઃ આ તો બધા પ્રારબ્ધના ખેલ. તે દિવસે બાળપણનો મિત્ર અચાનક ન મળી ગયો હોત તો? પણ એ પાંચ હજારને બળે કાંઈ શૂન્યમાંથી સર્જન ન થાય. એ તો થયું બાવડાંના બળે, તનતોડ મહેનતે, ડાહી કોઠાસૂઝે, વેપારી કુનેહ, કુટુંબીજનોના સાથ-સહકારે. આ બધાને એક ભારે બાંધવા હોય તો તેને 'પુરુષાર્થ' એવું નામ આપી શકાય અને એવો પુરુષાર્થ કરનારને કહી શકાય પુરુષાર્થની પ્રતિમા.

મૂળ વિચાર તો હતો માત્ર પુસ્તકો વેચવાનો. પણ થોડા વખતમાં જ સમજાઈ ગયું કે પ્રકાશક બન્યા વિના માત્ર વિક્રેતા તરીકે ધંધો ચાલે નહીં. એટલે પુસ્તકોનું પ્રકાશન કરવાનું નક્કી કર્યું. પણ સાવ નવા નિશાળિયાને છાપવા માટે કયો લેખક પોતાનું પુસ્તક આપે? પણ એવામાં જિતુભાઈ મહેતાનો પરિચય થયો. એ વખતે 'મુંબઈ સમાચાર' અને 'ચિત્રલેખા'ના એ અત્યંત પ્રિય કટાર-લેખક. તેમણે પોતાની 'નવલકથા પ્રીત કરી તેં કેવી' છાપવા આપી. નવભારતનું એ પહેલું પ્રકાશન. શુકનિયાળ નીવડ્યું એ પુસ્તક. આજે તો ત્રણ પેઢીના બારેક જણનો કાફલો કામ કરે છે. નીકળ્યા હતા તો એકલા, પણ પછી આવો મોટો કાફલો કઈ રીતે થઈ ગયો એની તો ધનજીભાઈનેય ખબર નહીં પડી હોય.

નવભારત પરિવારના બધા સભ્યો ભેગા મળીને જાહેરમાં ઋણસ્વીકાર કરવા, રવીન્દ્ર નાટ્ય મંદિરમાં યોજાયેલા કાર્યક્રમમાં ધનજીભાઈ વિષેના લેખોનું પુસ્તક 'પુરુષાર્થની પ્રતિમાઃ ધનજીભાઈ શાહ' પ્રગટ થયું. કોઈ ગુજરાતી પ્રકાશકને તેમના વારસદારો જાહેરમાં સન્માને અને તેમને વિષેનું પુસ્તક પ્રગટ કરે એવો આ કદાચ પહેલો પ્રસંગ છે. આ લખનારનો જેમની સાથે લગભગ ૪૫ વર્ષનો નિકટનો સંબંધ છે તે ધનજીભાઈને આ પ્રસંગે અભિનંદન ને શુભેચ્છા.

# ગુજરાતી ડાયસ્પોરા પત્રકારત્વના સંદર્ભમાં ઈંગ્લૅન્ડસ્થિત વિચારપત્ર "ઓપિનિયન" : એક અધ્યયન

○ આશા વિહોલ

## પ્રકરણ - ૩
## વિચારપત્રોનો ઈતિહાસ : એક નજર

(ગતાંકથી ચાલુ)

### ગુજરાતી ડાયસ્પોરાનું પ્રથમ વિચારપત્ર : "ઈન્ડિયન ઓપીનિયન"

ગુજરાતી ડાયસ્પોરિક પત્રકારત્વ ક્ષેત્રે વડેરું નામ ઈન્ડિયન ઓપીનિયન". હરીશ વ્યાસની નોંધ મુજબ : ઈ.સ. ૧૯૦૩માં "ઈન્ડિયન ઓપીનિયન" નામે સાપ્તાહિક ગાંધીજીએ મદનજીતની સહાયથી શરૂ કર્યું. મનસુખલાલ નાજર એના અધિપતિપદે હતા. એમાં ગાંધીજી સ્વતંત્રલેખો તથા અગ્રલેખો લખતા. આ છાપું ગુજરાતી, હિન્દી, તમિળ અને અંગ્રેજી એમ ચાર ભાષાઓમાં પ્રગટ થયું હતું. એને પોતાની લડતોનું અને પ્રવૃત્તિઓનું મુખપત્ર બનાવીને, અખબારી ક્ષેત્રે ગાંધીજીએ સત્ય, સંયમ અને સેવાભાવનાની નવી પગદંડી શરૂ કરી.

*પત્રકારત્વની અનુપારંગત (એમ.ફિલ.)ની પદવી માટેના અભ્યાસક્રમના ભાગરૂપ કરવામાં આવેલો સંશોધનનિબંધ; વર્ષ : ૨૦૦૫ - ૨૦૦૭*

*સંશોધનકર્તા – **આશા વિહોલ***
*વિદ્યાર્થિની અનુપારંગત (પત્રકારત્વ)*

*માર્ગદર્શક – **અશ્વિન ચૌહાણ**, વ્યાખ્યાતા*

*પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૪*

*આ નિબંધને હપ્તાવાર અહીં, "ઓપિનિયન"માં, સદ્ભાવે, આપવાનો ઉપક્રમ રાખ્યો છે. : તંત્રી*


આપણા મુઠ્ઠી ઊંચેરા વિદ્વાન ચી.ના. પટેલ 'ગુજરાતી વિશ્વકોશ'ના ખંડ-૨ના પૃષ્ઠ ૬૯૯ પર "ઈન્ડિયન ઓપીનિયન" વિશે વિગતે લખે છે :

મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં ચલાવેલું પત્ર એટલે "ઈન્ડિયન ઓપીનિયન". ગાંધીજીના ઉત્તેજનથી મદનજીત નામના ગુજરાતીએ દક્ષિણ આફ્રિકાની હિંદી કોમના મુખપત્ર તરીકે ઈ.સ. ૧૯૦૩ના જૂન માસમાં તે શરૂ કર્યું હતું. ગાંધીજીએ ઈ.સ. ૧૯૧૪માં દક્ષિણ આફ્રિકા છોડ્યું તે પછી પણ તે ચાલુ રહ્યું હતું.

મદનજીત પહેલાં મુંબઈમાં શિક્ષક હતા અને દક્ષિણ આફ્રિકા જઈ તેમણે ઈ.સ. ૧૮૯૮માં 'ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ' શરૂ કર્યું હતું. "ઈન્ડિયન ઓપીનિયન" તે પ્રેસમાં છપાતું. તેના મુદ્રક અને પ્રકાશક તરીકે મદનજીતનું નામ મુકાતું. જૂન ૧૯૦૪માં ગાંધીજીએ મદનજીત પાસેથી પ્રેસ ખરીદી લીધું અને તે વર્ષના ઑક્ટોબર માસમાં મદનજીત દક્ષિણ આફ્રિકાથી વિદાય થતાં, "ઈન્ડિયન ઓપીનિયન"ની બધી જવાબદારી ગાંધીજીએ પોતાને માથે લઈ લીધી પણ મુદ્રક અને પ્રકાશક તરીકે મદનજીતનું નામ છપાતું, તે ઈ.સ. ૧૯૦૭ના ફેબ્રુઆરીની બીજી તારીખના અંક સુધી રહ્યું. ઈ.સ. ૧૯૦૪ના ડિસેમ્બર માસમાં ગાંધીજીએ ડરબનની ઉત્તરે ફિનિક્સ આશ્રમ સ્થાપ્યો ત્યારે 'ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ પ્રેસ' ત્યાં ખસેડ્યું અને "ઈન્ડિયન ઓપીનિયન" ત્યાંથી છાપવાનું શરૂ થયું. ('સત્યના પ્રયોગો' : પ્રકરણ - ઈન્ડિયન ઓપીનિયન, પૃ. ૨૬૧)

"ઈન્ડિયન ઓપીનિયન" સાપ્તાહિકનાં મુખ્ય અંગ્રેજી લખાણો જ્હોનિસબર્ગથી ગાંધીજી લખી મોકલતા અને તેનું તંત્રીપદ ડરબનમાં રહેતા મનસુખલાલ હીરાલાલ નાજર (નામના ગુજરાતી વકીલ) સંભાળતા. જો કે તંત્રી તરીકે તેમનું કે તેમના પછી આવેલા બીજા તંત્રીઓમાંથી કોઈનું નામ નહોતું છપાતું. લંડનમાં નાજર બ્રધર્સ નામની મનસુખલાલની વ્યાપારી પેઢી હતી. ત્યાંથી તેઓ ઈ.સ. ૧૮૯૬માં ડરબન આવ્યા હતા અને ત્યાંની હિંદી કોમના સેવક રહ્યા હતા. તા. ૨૦-૧૦-૧૯૦૬ના રોજ તેમનું મૃત્યુ થતાં સાપ્તાહિકનું તંત્રીપદ ફિનિક્સમાં રહેતા હર્બર્ટ કિચિન નામના અંગ્રેજ થિયોસૉફિસ્ટે સંભાળ્યું. પણ તેમણે માર્ચ માસમાં ફિનિક્સ છોડતાં તે ગાંધીજીના બીજા અંગ્રેજી સહાયકર્તા હેન્રી પોલોકે સંભાળવાનું શરૂ કર્યું. તેઓ ઈ.સ. ૧૯૦૯ના જુલાઈ માસથી ઈ.સ. ૧૯૧૦ના ઑગસ્ટ માસ સુધી ભારતના પ્રવાસે હતા. તે દરમિયાન તંત્રીપદે જોસેફ ડોક નામના હિંદી કોમ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા અને ગાંધીજીનું પ્રથમ જીવનચરિત્ર લખનાર ખ્રિસ્તી પાદરીએ સંભાળ્યું હતું. ઈ.સ. ૧૯૧૩ના છેલ્લા સત્યાગ્રહ વેળા પોલોક જેલમાં ગયા, ત્યારે થોડો સમય સાપ્તાહિકનું તંત્રીપદ ફિનિક્સનિવાસી બીજા અંગ્રેજ કાર્યકર્તા આલ્બર્ટ વેસ્ટે સંભાળ્યું હતું. "ઈન્ડિયન ઓપીનિયન"નું તંત્રીપદ જ્યારે કોઈ સંભાળનાર ન હોય ત્યારે ગાંધીજીની ટાઈપિસ્ટ કુમારી સ્લેશિન તે સંભાળતી. ઈ.સ. ૧૯૧૪માં ગાંધીજી ભારત આવવા નીકળ્યા ત્યાર પછી "ઈન્ડિયન ઓપીનિયન" આલ્બર્ટ વેસ્ટ દોઢેક વર્ષ સુધી છગનલાલ ગાંધી અને પછી ગાંધીજીના બીજા પુત્ર મણિલાલ ગાંધીના સહકારથી ચલાવતા. ઈ.સ. ૧૯૧૭થી ઈ.સ. ૧૯૨૪ના સમયગાળા દરમિયાન આલ્બર્ટ વેસ્ટ નાતાલ છોડી ઈંગ્લૅન્ડ ગયા તે પછી મણિલાલ ગાંધી સ્વતંત્ર રીતે સાપ્તાહિક ચલાવતા. તેઓ તા. ૫.૪.૧૯૫૬ના રોજ મૃત્યુ પામ્યા પછી ઑગસ્ટ ૪, ૧૯૬૧ સુધી "ઈન્ડિયન ઓપીનિયન" ચાલ્યું.

ડાયસ્પોરા પત્રકારત્વ ક્ષેત્રે વિચારપત્રોમાં પહેલ પાડનાર "ઈન્ડિયન ઓપીનિયન" અંગ્રેજી, ગુજરાતી, હિંદી અને તમિળ એમ ચાર વિભાગમાં શરૂ થયું હતું. પણ તા. ૨૦.૧.૧૯૦૭ના અંકથી હિંદી અને તમિળ વિભાગો બંધ કરવામાં આવ્યા હતા. જો કે ઈ.સ. ૧૯૧૩ના છેલ્લા સત્યાગ્રહ વેળા ગિરમીટિયા મજૂરોએ તેમાં ભાગ લીધો હોવાથી અને તેમાંના મોટા ભાગના તમિળનાડુ પ્રદેશના હોવાથી તમિળ વિભાગ થોડા માસ માટે ફરી શરૂ કરવામાં આવ્યો હતો. ગુજરાતી વિભાગ ગાંધીજીની સાથે તેમના ભત્રીજા છગનલાલ ગાંધી સંભાળતા, પણ હીરાલાલ ઠક્કર નામના એક બીજા ગુજરાતી પણ તેમાં મદદ કરતા અને છગનલાલ થોડા માસ માટે હિંદુસ્તાન અને લંડન ગયા હતા ત્યારે ગુજરાતી વિભાગની જવાબદારી હીરાલાલે સંભાળી હતી.




"ઈન્ડિયન ઓપીનિયન" એક સાથે સમાચારપત્ર અંગે જાહેર મત કેળવવાનું તથા લોકકેળવણીનું સાધન હતું અને તે બંને ક્ષેત્રોમાં તેણે નવી ભાત પાડી હતી, જે પત્રકાર તરીકે ગાંધીજીના નામ સાથે કાયમની સંકળાયેલી રહી છે. તેમાં હિંદી કોમને લગતા, દક્ષિણ આફ્રિકાના નાતાલ, કેપ પ્રોવિન્સ, ટ્રાન્સવાલ અને ઓરેન્જ ફ્રી સ્ટેટ એ ચારે પ્રદેશોમાં ગોરાઓના રંગદ્વેષના કારણે હિંદી કોમને જે હાડમારીઓ સહન કરવી પડતી, હિંદીઓ વિરુદ્ધ જે કાયદાઓ થતા, કોર્ટોમાં મુકદ્દમા ચાલતા એ બધાંના સમાચાર આપવામાં આવતા. એ સમાચારમાં લેશ માત્ર અતિશયોક્તિ ન થાય તેની ગાંધીજી ખૂબ કાળજી રાખતા. સમાચાર આપવાની સાથે એમાં સંકળાયેલા પ્રશ્નો અંગે ગાંધીજી અથવા તેમને મદદ કરતા બીજા લેખકો જે ટીકા કરતા તેમાં પણ અતિશયોક્તિ કે આક્રમક્તાની લેશ માત્ર છાપ ન રહેતી. ગાંધીજીનો ઉદ્દેશ ગોરાઓ વિરુદ્ધ લોકલાગણી ઉશ્કેરવાનો નહીં પણ ગોરાઓની ન્યાયબુદ્ધિ જાગૃત કરવાનો હતો અને તેથી એ પ્રશ્નોની ચર્ચામાં ગાંધીજી વારેવારે બ્રિટિશ જાહેરજીવનની પરંપરાનાં પ્રશંસનીય મૂલ્યોનો

ઉલ્લેખ કરતા. નાતાલ અને ટ્રાન્સવાલમાં અંગ્રેજી છાપાં પણ ગાંધીજીના આ સંયમગુણની કદર કરતાં. રંગદ્વેષની લગતી હકીકતો અને કાનૂન વિધિઓને લગતા સમાચાર આપવાની સાથે ગાંધીજી હિંદી કોમની નિર્બળતાઓ અને ખામીઓનો પણ એકરાર કરવાનું અને ગોરા શુભેચ્છકો હિંદી કોમને સહાય આપવા કે તેના પક્ષે બોલતા તેનો ઉલ્લેખ કરવાનું પણ ચૂકતા નહીં. ઈ.સ. ૧૯૦૬માં સત્યાગ્રહના આંદોલનની શરૂઆત થઈ તે પછી ગાંધીજી "ઇન્ડિયન ઓપીનિયન"નો ઉપયોગ હિંદી કોમને તેને લગતા સમાચાર આપવામાં અને કોમને સત્યાગ્રહની શિસ્ત અને તેના સિદ્ધાન્તોની કેળવણી આપવામાં કરતા. તેમાં તેઓ એટલા સફળ થયા હતા કે ગાંધીજીએ ભારતમાં સત્યાગ્રહની જે લડતો ચલાવી તેના કરતાં દક્ષિણ આફ્રિકાની લડત સત્ય અને અહિંસાની દૃષ્ટિએ ઘણી શુદ્ધ રહી હતી. હિંદી કોમની સામાજિક અને નૈતિક ઉન્નતિ અર્થે ગાંધીજીએ "ઇન્ડિયન ઓપીનિયન"ના ગુજરાતી વિભાગમાં પશ્ચિમના કેટલાક પ્રખ્યાત લોકસેવકોનાં ટૂંકાં પણ મુદ્દાસર જીવનચરિત્રો આપ્યાં અને વાચકો સમક્ષ, સત્યપ્રેમ કર્તવ્યનિષ્ઠા અને લોકસેવાનો ઉચ્ચ આદર્શ રજૂ કર્યો. જેલનિવાસ દરમિયાન તેમણે રસ્કિનનું 'અન ટુ ધ લાસ્ટ' પુસ્તક વાંચ્યું. તેનો તેમણે 'સર્વોદય' શીર્ષકની એક લેખમાળામાં અને ગ્રીક ચિંતક સૉક્રેટિસ ઉપર એથેન્સના નાગરિકોએ યુવાનોને ખોટા રસ્તે દોરવવાનો અને પ્રજાની પરંપરાગત ધાર્મિક માન્યતાઓને શિથિલ કરવાનો આરોપ મૂકી જાહેર મુકદ્દમો ચલાવ્યો તે પ્રસંગે સૉક્રેટિસે પોતાના બચાવમાં જે વક્તવ્ય રજૂ કર્યું હતું તેનો 'એક સત્યવીરની કથા' નામની લેખમાળામાં સારાનુવાદ આપ્યો. ઈ.સ. ૧૯૧૩માં તેમણે 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન'ની લાંબી લેખમાળા આપી. તે ઉપરાંત તેમના ત્રણ જેલનિવાસના અનુભવોનું જરા ય કડવાશ વિના, ક્યારેક નર્મદૃષ્ટિની રમૂજવાળું વર્ણન કરતી લેખમાળાઓ આપી. આમ, ગાંધીજીએ "ઇન્ડિયન ઓપીનિયન"નો દક્ષિણ આફ્રિકાની હિંદી કોમની સર્વલક્ષી ઉન્નતિ માટે ઉપયોગ કર્યો અને માત્ર વેપાર અર્થે દક્ષિણ આફ્રિકા ગયેલા હિંદીઓમાં સ્વમાનભાવના અને નવા પ્રાણનો સંચાર કર્યો.

"ઇન્ડિયન ઓપીનિયન"ના અંગ્રેજી અને ગુજરાતી બંને વિભાગોની ભાષાશૈલી સાહિત્યિક દૃષ્ટિએ નોંધપાત્ર હતી. ગાંધીજીનાં અંગ્રેજી લખાણોમાં શિષ્ટ અંગ્રેજી ગદ્યમાં રૂઢિપ્રયોગો તથા બાઈબલમાં 'નવા કરાર'ના કાવ્યમય ગદ્યની છાયાઓ એવી સ્વાભાવિક્તાથી વણાઈ ગયેલી દેખાય છે કે અંગ્રેજી ગાંધીજીની માતૃભાષા હોય એવો ભાસ ઉત્પન્ન થાય છે. ગાંધીજીનું ગુજરાતી ગદ્ય એ સમયે પ્રમાણમાં નિર્બળ હતું. એમાં દક્ષિણ આફ્રિકાના અલ્પશિક્ષિત મુસ્લિમ વેપારીઓ અને હિંદુ મહેતાઓમાં પ્રચલિત ગુજરાતીની અસર જણાય છે. પરંતુ તે ધીમે ધીમે ઓછી થતી જાય છે અને સત્યાગ્રહના આંદોલનમાં ભરતી આવી ત્યારે ગાંધીજીના ગદ્યમાં લોકબોલીના તત્ત્વમાં નવું તેજ પ્રગટ્યું અને ભારતમાં વિકાસ પામેલી તેમની વિશિષ્ટ ગદ્યશૈલીની શરૂઆત થઈ એમ કહી શકાય.

આની સાથે હવે 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'માં મોહનદાસ કરમચંદ ગાંધીએ "ઇન્ડિયન ઓપીનિયન" વિશે લખ્યું છે, તે જોવાનું રસપ્રદ નીવડશે.

'જેમ કોમમાં લડતને અંગે અને અનુભવો લેતાં લેતાં પરિવર્તનો થયાં તેમ જ "ઇન્ડિયન ઓપીનિયન"માં પણ બન્યું. એ અખબારમાં પ્રથમ જાહેરખબરો લેવામાં આવતી. છાપખાનાને અંગે બહારનું પરચૂરણ છાપવાનું કામ લેવામાં આવતું. મેં જોયું કે એ બંને કામમાં સારામાં સારા માણસોને રોકવા પડતા હતા. જાહેરખબરો લેવી જ તો પાછી કઈ લેવી અને કઈ ન લેવી એનો વિચાર કરવામાં હંમેશાં ધર્મસંકટો પેદા થતાં. વળી, અમુક જાહેરખબર ન લેવાનો વિચાર થાય ને છતાં જાહેરખબર આપનાર કોમનો આગેવાન હોય, તેને દુઃખ લગાડવાના ભયથી પણ ન લેવા યોગ્ય જાહેરખબર લેવાની લાલચમાં ફસાવું પડે. જાહેરખબરો મેળવવામાં અને તેનાં દામ વસૂલ કરવામાં સારામાં સારા માણસનો વખત જાય અને ખુશામતો કરવી પડે તે નોખું, અને તે સાથે એ પણ વિચાર આવ્યો કે જો છાપું કમાઈ અર્થે નહીં પણ કેવળ કોમની સેવાને અર્થે ચાલતું હોય તો તે સેવા જબરદસ્તીથી નહીં થવી જોઈએ. પણ કોમ ઈચ્છે તો જ થવી જોઈએ અને કોમની ઈચ્છાનો ચોખ્ખો પુરાવો તો એ જ ગણાય કે કોમ ઘટતી સંખ્યામાં ઘરાક થઈ તેનું ખર્ચ ઉપાડી લે. વળી એમ પણ વિચાર્યું કે છાપાને ચલાવવા સારુ માસિક ખર્ચ કાઢવામાં, થોડા વેપારીઓને સેવાભાને નામે પોતાની જાહેરખબરો આપવા સમજાવવા, એ લલચાવનાર અને લલચાનાર બન્ને સારુ કેટલી બધી સુંદર કેળવણી થઈ પડે ? વિચાર થયો અને તરત અમલમાં મૂક્યો. પરિણામ એ આવ્યું કે જેઓ જાહેરખબર વગેરેની ભાંજગડમાં પડ્યા હતા તેઓ અખબાર સારું બનાવવાની મહેનતમાં ગૂંથાયા. કોમ તરત સમજી ગઈ કે "ઇન્ડિયન ઓપીનિયન"ની માલિકી અને તે ચલાવવાની જવાબદારી બન્ને તેને હસ્તક રહ્યાં. અમે બધા કામદારો નિશ્ચિત થયા. કોમ છાપું માગે તો પૂરેપૂરી મહેનત કરી છૂટવા જેટલી જ ફિકર અમારે વેઠવી રહી અને હરકોઈ હિંદીને તેને બાંય પકડી "ઇન્ડિયન ઓપીનિયન" લેવાનું કહેતાં શરમ તો ન જ રહી, એટલું જ નહીં પણ કહેવું એ અમે ધર્મ સમજવા લાગ્યા. "ઇન્ડિયન ઓપીનિયન"ના આંતરિક બળ અને સ્વરૂપ ફર્યાં અને એ એક મહાશક્તિ થઈ પડ્યું. તેની સામાન્ય ઘરાકી ૧,૨૦૦ – ૧,૫૦૦ સુધી હતી તે દિવસે દિવસે વધવા લાગી. તેનો દર વધારવો પડ્યો હતો તેમ છતાં લડાઈએ જ્યારે ઉગ્ર સ્વરૂપ પકડ્યું તે વખતે ૩,૫૦૦ નકલો સુધી ગ્રાહકો વધ્યા હતા. "ઇન્ડિયન ઓપીનિયન"નો વાચકવર્ગ વધારેમાં વધારે ૨૦,૦૦૦ ગણી શકાય. કોમે એ વખતે એ છાપું એટલે સુધી પોતાનું કરી મૂક્યું હતું કે જો ધારેલે વખતે તેની નકલો જ્હોનિસબર્ગમાં ન પહોંચી હોય તો મારી ઉપર ફરિયાદની ધાડ આવેલી જ હોય. ઘણે ભાગે રવિવારે સવારે એ જ્હોનિસબર્ગમાં પહોંચતું. મને ખબર છે કે ઘણાં માણસો છાપું આવે ત્યારે પ્રથમ કામ પહેલેથી છેલ્લે સુધી તેનો ગુજરાતી ભાગ વાંચી લેવાનું કરે. એક જણ વાંચે અને પાંચ પંદર તેને વિંટળાઈને બેઠા હોય તે સાંભળે. આપણે ગરીબ રહ્યા એટલે કેટલાક એ છાપું ભાગમાં પણ લેતા.'

છાપાનો હું અધિપતિ નહોતો, છતાં હું તેના લખાણને સારુ જવાબદાર હતો, એમ હિંદી અને ગોરા બંને જાણતા થઈ ગયા હોત. છાપું ન જ નીકળ્યું હોત તો અડચણ નહોતી, પણ કાઢ્યા પછી બંધ થાય તો તેમાં કોમની નામોશી થાય એમ હતું ને કોમને નુકસાન થતું હતું એમ મને લાગ્યું.

હું "ઇન્ડિયન ઓપીનિયન"માં પૈસા રેડતો ગયો, ને છેવટે જેટલું બચ્યું હતું તે બધું તેમાં જ જતું એમ કહેવાય. એવો સમય મને યાદ છે કે જ્યારે મારે દર માસે ૭૫ પાઉન્ડ મોકલવા પડતા. "ઇન્ડિયન ઓપીનિયને" કોમની સેવા સારી કરી છે. તેમાંથી પૈસા પેદા કરવાનો ઈરાદો તો કોઈનો મૂળથી જ નહોતો.

**– 'સત્યના પ્રયોગો', "ઇન્ડિયન ઓપીનિયન", પૃ. ૨૬૨**

"ઇન્ડિયન ઓપીનિયન"માં હું પ્રતિ સપ્તાહ મારો આત્મા રેડતો, ને હું જેને સત્યાગ્રહ રૂપે ઓળખતો હતો તે સમજાવવા પ્રયત્ન કરતો હતો. ઈ.સ. ૧૯૧૪ની સાલ સુધીના "ઇન્ડિયન ઓપીનિયન"ના એવા અંકો ભાગ્યે જ હશે જેમાં મેં કંઈ નહીં લખ્યું હોય. આ છાપા વિના દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડત ન ચાલી શકત. વાંચનાર વર્ગ એ છાપાને પોતાનું સમજી તેમાંથી લડતનું ને દક્ષિણ આફ્રિકાના હિંદીઓની હાલતનું ખરું ચિત્ર મેળવતો.

વર્તમાનપત્રો સેવાભાવનાથી જ ચાલવાં જોઈએ એ હું "ઇન્ડિયન ઓપીનિયન"ના પહેલા માસની કારકિર્દીમાંથી જ જોઈ ગયો. વર્તમાનપત્રો ભારે શક્તિ છે. પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામ ડુબાડે છે ને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.

આ વિચારસરણી સાચી હોય તો દુનિયામાં કેટલાં વર્તમાનપત્રો નભી શકે ? પણ નકામાંને બંધ કોણ કરે ? કોણ કોને નકામું ગણે ? કામનું ને નકામું સાથે સાથે ચાલ્યા જ કરવાનાં. તેમાંથી મનુષ્યે પોતાની પસંદગી કરવાની રહી.

**– મો.ક. ગાંધી, 'સત્યના પ્રયોગો', પ્ર. ૧૩, "ઇન્ડિયન ઓપીનિયન", પૃ. ૨૬૩**

તેનું કદ રોજિંદા પત્રના જેવું હતું. ફિનિક્સમાં મોટું યંત્ર અટકે તો તેને સમારી છાપું કાઢી શકાય તેવી સગવડ ન હોવાથી આ અગવડને પહોંચી વળવા "ઇન્ડિયન ઓપીનિયન"નું કદ બદલીને સામાન્ય સાપ્તાહિક જેવડું કરવામાં આવ્યું, કે જેથી નાના યંત્ર ઉપર પણ પગ વતી થોડાં પાનાં છાપી શકાય.

**– 'સત્યના પ્રયોગો', પ્ર. ૨૦, 'પહેલી રાત', પૃ. ૨૭૮**

ગમે તે અડચણ કે કારણ હોય છાપું નિયમસર તારીખે બહાર પાડવું નિયમ થઈ પડ્યો. આવા આગ્રહને પરિણામે છાપાની નિયમિતતાની છાપ પડી. "ઇન્ડિયન ઓપીનિયન"ના સંપાદક તરીકે તો મનસુખલાલ નાઝર જ ગણાતા હતા. ડરબનમાં "ઇન્ડિયન ઓપીનિયન"ની એક નાનકડી શાખા પણ હતી.

**– 'સત્યના પ્રયોગો', પ્ર. ૨૧, 'પોલોકે ઝંપલાવ્યું', પૃ. ૨૭૮**

## "નવજીવન" ને "યંગ ઇન્ડિયા"

ગાંધીજી ઈ.સ. ૧૯૧૫માં ભારત પાછા ફર્યા. તે જ્યારે ભારત પાછા ફર્યા ત્યારે ગોપાળકૃષ્ણ ગોખલેએ તેમને અસલ ભારતનાં દર્શન કરવા ભારતપ્રવાસ કરવા આગ્રહ કર્યો. તે દરમિયાન, પંજાબ, બંગાળ વગેરે પ્રાંતોમાં અંગ્રેજોની દમનનીતિએ માઝા મૂકી હતી. બી.જી. હોર્નિમન, જેમણે "ઇન્ડિયન ક્રોનિકલ"ને એક પ્રચંડ શક્તિ બનાવી મૂક્યું હતું. મિ. હોર્નિમન અંગ્રેજોની દમનનીતિને તેમના છાપામાં ખુલ્લી પાડતા હતા. તેમને પ્રજાને સૂતી મૂકી સરકારે હોર્નિમનને દેશનિકાલ કરી દીધા. આમ, થવાથી "ક્રોનિકલ"ના વ્યવસ્થાપકોએ તે ચલાવવાનો બોજો ગાંધીજી પર મૂક્યો.

"ક્રોનિકલ"ના વહીવટમાં કર્તાહર્તા હતા ઉમર સોબાની અને શંકરલાલ બૅન્કર. તેઓ જ "યંગ ઇન્ડિયા"ના વહીવટી કર્તાહર્તા હતા. આ બંને ભાઈઓએ "યંગ ઇન્ડિયા"ની જવાબદારી ઓઢવાનું મને સૂચવ્યું, ને "યંગ ઇન્ડિયા"ને "ક્રોનિકલ"ની ખોટ કંઈક કરવા સારુ અઠવાડિયાના એક વખતને બદલે બે વખત કાઢવાનું તેમને અને મને ઠીક લાગ્યું. "યંગ ઇન્ડિયા" દ્વારા સત્યાગ્રહનું રહસ્ય સમજાવવાની મને હોંશ હતી.'

**– મો. ક. ગાંધી**




"યંગ ઇન્ડિયા" દ્વારા ગાંધીજીએ ભારતમાં વૈચારિક ક્રાંતિ જગાવી. જે કામ તેમણે "ઇન્ડિયન ઓપીનિયન" દ્વારા દક્ષિણ આફ્રિકામાં કર્યું હતું, તે જ કામ અહીં "યંગ ઇન્ડિયા" દ્વારા શરૂ થયું હતું.

ગાંધીજીને લાગ્યું કે સત્યાગ્રહ અને અન્ય પોતાની વાતો સામાન્ય માનવીને પહોંચાડવા "યંગ ઇન્ડિયા"નું અંગ્રેજી માધ્યમ જોઈએ એટલું કારગત નથી તેથી તેમને ગુજરાતી ભાષાના એક છાપાની જરૂરિયાત લાગી.




'ગુજરાત મારા કાર્યનું મુખ્ય ક્ષેત્ર હતું. ઇન્દુલાલ યાજ્ઞિકની પાસે તે સમયે માસિક "નવજીવન" હતું. તે છાપું ભાઈ ઇન્દુલાલ યાજ્ઞિકે અને એ મિત્રોએ મને સોંપ્યું. આ માસિકને સાપ્તાહિક કર્યું.

દરમિયાન, "ક્રોનિકલ" સજીવન થયું એટલે "યંગ ઇન્ડિયા" ફરી સાપ્તાહિક થયું ને મારી સૂચનાથી તેને અમદાવાદમાં લઈ ગયા. બે છાપાં નોખે નોખે ઠેકાણે ચાલે તેમાં ખર્ચ વધારે થાય ને મને અગવડ વધારે થાય. "નવજીવન" તો અમદાવાદમાં જ નીકળ્યું હતું. મારે જે વિચારો પ્રગટ કરવા હોય તે વ્યાપારદૃષ્ટિએ ચાલતા છાપાવાળા છાપતાં સંકોચાય, એ પણ છાપખાનું વસાવવાનું પ્રબળ કારણ હતું અને તે અમદાવાદમાં જ સહેલાઈથી થઈ શકે તેમ હતું, એટલે "યંગ ઇન્ડિયા" અમદાવાદમાં લઈ ગયા.

આ છાપાં મારફત મેં સત્યાગ્રહની તાલીમ પ્રજાને આપવાનો યથાશક્તિ આરંભ કર્યો. બંને છાપાંની નકલો જૂજ ખપતી હતી તે વધતી વધતી ૪૦,૦૦૦ની આસપાસ પહોંચી હતી.

આ છાપાંમાં જાહેરખબર ન લેવાનો મારો આગ્રહ અસલથી જ હતો. તેથી કશો ગેરલાભ થયો નથી એવી મારી માન્યતા છે, અને છાપાંની વિચાર-સ્વતંત્રતા જાળવવામાં આ પ્રથાએ બહુ મદદ કરી છે.

'આ છાપાંઓથી હું મારા વિચારો છૂટથી પ્રગટ કરી શક્યો : જેઓ સલાહસૂચન માટે મારા તરફ જોઈ રહ્યા હતા તેમને આશ્વાસન આપી શક્યો, ને મને લાગે છે કે, બંને છાપાંએ તે અણીને સમયે પ્રજાની ઠીક સેવા કરી અને લશ્કરી કાયદાના જુલમને હળવો કરવામાં ફાળો ભર્યો.'

**– મોહનદાસ ગાંધી, 'સત્યના પ્રયોગો', પ્ર. ૩૪, 'નવજીવન અને યંગ ઇન્ડિયા', પૃ. ૪૩૩, ૪૩૪, ૪૩૫**

## ૩.૪ વિચારપત્ર વિશે વાડીલાલ ડગલીના વિચારો

મારા અમેરિકન મિત્રોને ક્યારેક હું આમ કહું છું : 'હું ભણ્યો અમેરિકન યુનિવર્સિટીમાં પણ મારું ખરું ભણતર ચાલે છે બ્રિટનનાં સાપ્તાહિક વિચારપત્રો વાંચીને.' અમેરિકા તો સામયિકોનું સ્વર્ગ. પણ ત્યાં મુખ્યત્વે સમાચારપત્રો અને માહિતીપત્રોનું સામ્રાજ્ય છે. અમેરિકાના વિશ્વવિખ્યાત સામયિકો "ટાઈમ" અને "ન્યૂઝવીક"માં તમને સુંદર રીતે રાંધેલી સમાચારોની મિજબાની મળે. પણ તમે રાજી થઈને સાપ્તાહિક છાતીએ ચાંપો કે સામયિકનો ડૂચો કરીને કચરાપટીમાં ફેંકી દો એવા હૈયું હલમલાવતા વિચારો તમને બ્રિટિશ વિચારપત્રોમાંથી જ મળશે.

વ્યક્તિની જેમ પ્રજાને પણ અંતરાત્મા હોય છે. સરકાર, રાજકીય પક્ષો, સહકારી મંડળીઓ, કામદાર સંઘો, વેપાર ઉદ્યોગનાં મંડળો અને જાહેર ટ્રસ્ટો જેવી સંસ્થાઓ પ્રજાના અંતરાત્માને કેટલીયે વાર ગૂંગળાવતાં હોય છે. આ અંતરાત્માને વાચા આપે છે વિચારપત્રો. કોઈ પણ દેશમાં અનુકંપાશીલ લોકશાહીનો કેટલો વિકાસ થયો છે તેનો માપદંડ ત્યાંનાં વિચારપત્રો છે. "લંડન ટાઈમ્સ" કે "ગાર્ડિયન" જેવાં દૈનિકોથી જેટલું બ્રિટન દીપે છે તે કરતાંયે વધુ દીપે છે "ન્યૂ સ્ટેટ્સમૅન", "ટ્રિબ્યુન", "સ્પેક્ટેટર" અને "લિસનર" જેવાં સાપ્તાહિક વિચારપત્રોથી. આ વિચારપત્રોમાં બ્રિટિશ અંતરાત્મા મોકળા મને વહેતો હોય છે.

વ્યક્તિને અંતરાત્મા હોય તે સમજી શકાય તેવી વાત છે. પણ પ્રજાનો અંતરાત્મા એટલે શું ? હું માનું છું કે સમાજ બાંધીને રહેતા માણસમાં ચારિત્ર્યબળ હોય તે પૂરતું નથી. માણસે ઊભી કરેલી સંસ્થાઓને પણ ચારિત્ર્ય હોવું જોઈએ તે સંસ્થા પોતાનું મકાન ભાડે આપતાં રોકડા રૂપિયા પાઘડી જેવા દાન રૂપે લે તો આપણા પેટનું પાણી પણ ન હલે. એટલું જ નહીં, પણ આપણે એ વાતનો ગર્વ કરીએ કે સંસ્થાને થોડું વધારે નાણું મળ્યું. આપણે એમ એમ માનીએ છીએ કે વ્યક્તિ ભગવાનનો ભય રાખે તે બરાબર છે; પણ સંસ્થા માટે તો કોઈ ભગવાન નથી. જે પ્રજામાં થોડી વ્યક્તિ ચારિત્ર્યશીલ હોય અને સંસ્થાઓ ચારિત્ર્યહીન હોય તે પ્રજામાં આવી ચારિત્ર્યશીલ વ્યક્તિઓનું ચારિત્ર્ય પણ સરવાળે અર્થહીન છોગાં જેવું બની જશે.

ચારિત્ર્ય વિશે જેટલું વિચારીએ તેટલું ઓછું છે. આથી અમે પરિચય પુસ્તિકા પ્રવૃત્તિની શરૂઆત કરી ત્યારે આપણા એક સાંસ્કૃતિક નેતા નાનાભાઈ ભટ્ટને મેં એવી વિનંતી કરી કે આ પ્રશ્ન ઉપર તેમણે પુસ્તિકા લખી આપવી. તેમને વિચાર ગમ્યો અને લાંબા સમય સુધી સાચવવા

જેવી એક પુસ્તિકા 'સંસ્થાનું ચારિત્ર્ય' લખી આપી. નાનાભાઈએ પુસ્તિકામાં આવી શીખ આપી : આપણે સામાન્ય રીતે માનતા હોઈએ છીએ કે માણસના અંગત જીવનમાં આપણે નીતિનું ધોરણ ઊંચું રાખવું જોઈએ અને રાખીએ પણ ખરા, પરંતુ સંસ્થાના વ્યવહારમાં એવું ધોરણ ન રાખીએ તો પણ ચાલે. આનો અર્થ એ થયો કે મારા અંગત જીવનમાં હું અપ્રામાણિકતા કરું એ સારું નહીં અને ન કરવી જોઈએ, પરંતુ મારી લોકભારતી જેવી સંસ્થા માટે જો હું અપ્રામાણિકતા સંસ્થાની સેવા માટે હું કરી શકું એવું હું પોતે પણ માનું તેમ બીજાઓને પણ માનવું. આ પ્રકારનો ભ્રમ સમાજમાં ચારે તરફ ફેલાયેલો દેખાય છે એ કેટલાયે નિષ્ઠાવાન કાર્યકર્તાઓ પણ આવા ભ્રમમાંથી મુક્ત નથી હોતો એમ દેખાય છે. ...

ખરી રીતે ચારિત્ર્યના જે નિયમો વ્યક્તિને લાગુ પડે છે તે જ નિયમો સંસ્થાને લાગું પાડવા જોઈએ. જો કાળાં બજાર કરવાં એ મારા ચારિત્ર્યમાં દોષ ગણાય તો સંસ્થાના ચારિત્ર્યમાં તે દોષ ગણાવો જ જોઈએ. સંસ્થા એ કોઈ લોકોત્તર વસ્તુ નથી કે જે ચારિત્ર્યની હીનતાને પણ ચારિત્ર્યશીલતા બનાવી શકે. ખોટું એ ખોટું છે. લુચ્ચાઈ એ લુચ્ચાઈ જ છે. છેતરપિંડી એ છેતરપિંડી જ છે. પછી એ મારા અંગત જીવનમાં હોય કે તે સંસ્થામાં હોય.

સંસ્થાના ચારિત્ર્ય વિશે એક વધુ સ્પષ્ટતા કરવી જોઈએ. જીવનમાં જે મૂલ્યો અંગત જીવન માટે અનિવાર્ય છે તે મૂલ્યો સંસ્થાની કાર્યવાહી માટે પણ અનિવાર્ય છે. ઓછામાં ઓછું અસત્ય બોલવું, ઓછામાં ઓછી હિંસા કરવી અને ઓછામાં ઓછો પરિગ્રહ કરવો એ જેટલું વ્યકિત માટે જરૂરી છે તેટલું જ સંસ્થા માટે જરૂરી છે. મનની બારી ઉઘાડી રાખી આપણને અણગમતા વિચારો રજૂ થાય તેવી સગવડ-પકડ વ્યકિત પર વધતી જાય છે. આધુનિક સંસ્કૃતિમાં માણસ પોતાની જાતને પરદેશી જેવો એટલા માટે માને છે કે સંસ્થાઓના સંચાલનમાંથી મૂલ્યોને વાળીચોળી બહાર કાઢવામાં આવ્યાં છે. સમાજ સંસ્થાઓ વગર ટકી શકતો નથી. સમાજ એટલે જ સંસ્થા. પણ સમાજ યંત્રથી ચાલતા રોબોટનો નહીં પણ માણસોનો બનેલો આથી જે સંસ્થાને અંતરાત્મા ન હોય તે સંસ્થા સમાજ માટે અપ્રસ્તુત બની જવાની.

વહીવટી તંત્રથી માંડી જાહેર ટ્રસ્ટ સુધીની સંસ્થાઓનું ચારિત્ર્ય જળવાય અને એમનો અંતરાત્મા ઊંઘી ન જાય તેની કોણ ચિંતા કરે ? મારું એવું માનવું છે કે સંસ્થાના અંતરાત્માના સંત્રી વિચારપત્રો છે. વ્યક્તિના ચારિત્ર્યના અંતરાત્મા માટે જે કામ ધર્મોએ કર્યું છે તે કામ સંસ્થાઓ માટે વિચારપત્રો કરે છે. લોકોને જે સાંભળવું ન ગમે તે છાપવાની હિંમત વિચારપત્રો કરતાં હોય છે. હું હમણાં બ્રિટનમાં બનેલા એક બનાવનું ઉદાહરણ આપું : યુગાન્ડામાંથી ત્યાંના સરમુખત્યાર જનરલ અમીને બ્રિટિશ પાસપૉર્ટ ધરાવતા હિંદીઓને લગભગ રાતોરાત બ્રિટન ભેગા થવા કહ્યું ત્યારે બ્રિટનના બે મુખ્ય પક્ષો રૂઢિચુસ્ત અને સમાજવાદીમાં રંગદ્વેષની ભાવના પ્રસરી ગઈ. આ વખતે સમાજવાદી વિચારપત્ર "ન્યૂ સ્ટેટ્સમૅન" અને રૂઢિચુસ્ત વિચારપત્ર "સ્પેક્ટેટર" એ બન્ને પત્રોએ એકબીજાથી સહમત થઈ બ્રિટિશ સરકારને જણાવ્યું કે યુગાન્ડામાંથી આવેલા હિન્દીઓને સ્વીકારી લેવાની બ્રિટિશ સરકારને એટલા માટે ફરજ છે કે આ કમભાગી લોકો બ્રિટિશ નાગરિકો છે. આમ સામાન્ય રીતે એકબીજાથી જુદા પડતાં આ વિચારપત્રોને મૂલ્યોની જાળવણીની સૌથી વધારે ચિંતા હોય છે. વિચારપત્ર હંમેશાં સામા પૂરે તરે.

વિચારપત્રની એક મોટી વિશેષતા એ હોય છે કે તે સાવ શાબ્દિક અર્થમાં તંત્રીનું પત્ર હોય છે. "ન્યૂ સ્ટેટ્સમૅન" એટલે કિંગ્ઝલી માર્ટિન, "ઓપિનિયન" એટલે એ. ડી. ગોરવાળા, "હરિજનબંધુ" એટલે મહાત્મા ગાંધી કે કિશોરલાલ મશરૂવાળા, "જ્યોતિર્ધર" એટલે ગટુભાઈ ધ્રુ, "સત્યાગ્રહ" એટલે મગનભાઈ દેસાઈ અને "પ્રબુદ્ધ જીવન" એટલે પરમાનંદ કાપડિયા કે ચીમનભાઈ ચકુભાઈ શાહ. આ વિચારપત્રમાં એક વિચારક પલાંઠી વાળીને બેઠો હોય છે. એ. ડી. ગોરવાળા એવું લખતા હોય કે જે મને કે તમને ન ગમે પણ ગોરવાળા જેવા નિર્ભય વિચારકો આપણી વચ્ચે વસે છે તે આપણું જેવુંતેવું સદ્ભાગ્ય નથી. ક્યારેક વિચારપત્રોમાં કોઈ તંત્રી કેન્દ્રસ્થાને હોતા નથી અને તેમાં પરસ્પર વિરોધી વિચારોના અવળાસવળા વાયરા વાતા હોય છે. આપણું "નિરીક્ષક" આવું વિચારપત્ર છે. આ રીતે તેણે એક જુદો ચીલો પાડ્યો છે.

અત્યારે વર્તમાનપત્રો મોટા કારખાનાં જેવાં થઈ ગયાં છે. નફાના ત્રાજવે ત્યાં ઘણી વાર વિચારો પણ જોખાય છે. આનું કારણ એ નથી કે જાહેરખબર આપનારાઓ વર્તમાનપત્રોના વિચારોને ગૂંગળાવે છે. "ન્યૂ સ્ટેટ્મૅન" જ્યારે પોલાદ-ઉદ્યોગના રાષ્ટ્રીયકરણની માગણી કરતું હતું ત્યારે બ્રિટનનો ખાનગી પોલાદ ઉદ્યોગ ઠંડે કલેજે તેમાં જાહેરખબરો આપતો હતો. વિચારપત્રોમાં જાહેરખબર ન આવે તે વિચાર જ મને અતાર્કિક લાગે છે. વિચારપત્રનો તંત્રી કોણ છે એ પર બધો આધાર છે. જેનું મન વિચારોના નવા નવા સીમાડા શોધે છે અને જેનું મન વ્યક્તિ અને સંસ્થાઓના દંભનું ભયમુક્ત વિશ્લેષણ કરે છે તેના પર કોઈ દબાણ ફળીભૂત થશે નહીં.

આધુનિક સંસ્કૃતિ એટલે સર્વજ્ઞાનકોશની સંસ્કૃતિ. માહિતી એટલી બધી મળે કે મનને અપચો થાય. માહિતી વગર ચાલે નહીં અને આટલી બધી માહિતી મળે ત્યારે મનને કંઈક જાણ્યાનો કેફ ચડે. ખરી રીતે માહિતી અફીણ જેવી છે. માહિતી શા માટે ? માણસનું મન વધારે વિશદતાથી, નિર્ભયતાથી વિચારે તે માટે જેટલી માહિતી મળે તેટલી માહિતી નરવી. બીજી બધી માહિતી કેવળ આભાસી જ્ઞાનનો ભાર છે.

વિચારપત્રો માહિતીને ચાળવાનું કામ કરે છે. આવું ધૂળધોયાનું કામ તે જ કરી શકે જેને કંઈ જોઈતું ન હોય. આવા વિચારપત્રો તેવા લોકો જ ચલાવી શકે કે જેમની પરિગ્રહવૃત્તિ સંસારમાં રહેતા સંન્યાસી જેવી હોય. વિચારપત્રના તંત્રીના ચિત્ત પર હંમેશાં આ પંક્તિ અંકિત થયેલી હોય છે : *'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને.'*

**– પુસ્તક : 'શિયાળાની સવારનો તડકો', લેખક - વાડીલાલ ડગલી, પ્રકરણ 'વિચારપત્રો', પૃ. ૧૬૭ થી ૧૭૨**

(વધુ આવતા અંકે)

# – ગુફતગૂ

## અભિવાદનનો અતિરેક તો નથી થતો ને ?

**○ મહેન્દ્ર મેઘાણી**

ગુજરાતમાં ખાદી - ઉત્પાદન - વેચાણના કામમાં જીવનના પાંચ દાયકા અર્પણ કરનાર એક સેવકનું અભિવાદન કરવા માટે રચાયેલી સમિતિ તેમના જીવનકાર્ય અંગેના ગ્રંથનું પ્રકાશન કરવા માગે છે. તે માટેનું લખાણ તેને 10 એપ્રિલ સુધીમાં મળી જાય, એવી વિનંતી 28 માર્ચના પરિપત્રથી તેણે કરી છે. 20મી એપ્રિલ સુધીમાં ગ્રંથનું પ્રકાશન પૂર્ણ કરવાનું સમિતિનું આયોજન છે.

અભિવાદન માટે સુયોગ્ય વ્યક્તિનું પણ સન્માન આવી દોડધામથી કરવામાં આપણે તેને ક્યાંક અન્યાય તો નથી કરી બેસતા ને ? આટલી ટૂંકી મુદ્દતમાં કોઈ પણ માણસના જીવનકાર્ય વિશે સુવાચ્ય સામગ્રી એકઠી કરવી ને તેને વ્યવસ્થિતરૂપે પ્રજા પાસે મૂકવી, તે સહેલું નથી. ભલભલા લોકો તેમાં સફળ થયા નથી. પરિણામે જે ગ્રંથો તૈયાર થાય છે તે ભાગ્યે જ વંચાય છે ને તેની પાછળ ખરચાયેલાં નાણાં તથા સમયશક્તિ વેડફાઈ જાય છે. છેલ્લા દાયકામાં બહાર પડેલા આ જાતના ગ્રંથોમાંથી કેટલા આજે આપણને યાદ હશે ?

અમુક ક્ષેત્રની સેવા કરનાર વ્યક્તિના સાથીઓ ને સ્વજનોને તેને માટે લાગણી હોય તે સ્વાભાવિક છે. પણ એક મર્યાદિત વર્તુળની બહાર તેની ઘોષણા કરવામાં વિવેક જળવાવો જોઈએ.

આવા અભિવાદનગ્રંથો ને સન્માસમારંભો પાછળ ખરચાતાં નાણાં કોઈ નક્કર કાર્ય માટે આપણે ન વાપરી શકીએ ? કોઈ સંસ્થા પાસે નાણાંનું ભંડોળ હોય કે શુભેચ્છકો પાસેથી તે મળી રહેતું હોય તો પણ એ ભૂલવું ઘટે નહીં કે આખરે તો આપણી ગરીબ પ્રજા પાસેથી એ ધન આવેલું છે. આવા કાર્યક્રમોથી તેને કશો લાભ થવાનો છે ?

નાણાં ઉપરાંત સમયશક્તિનો જે વ્યય આવા કાર્યક્રમો પાછળ આપણે કરીએ છીએ તેમાં સરકારની નઘરોળ પદ્ધતિનું પ્રતિબિંબ ઘણી વાર પડતું હોય છે. વડનગરના આજીવન સેવાવ્રતધારી દાક્તર વસંત પરીખ મારે મન ભાઈ જેવા હતા, એટલે નામ પાડીને એમને અંગેના

તાજેતરના પ્રસંગનો ઉલ્લેખ કરતાં સંકોચ થતો નથી. એમની પુણ્યતિથિએ વલ્લભવિદ્યાનગર અને અમદાવાદમાં થોડા દિવસના અંતરે બે કાર્યક્રમો યોજાયા. તેમાં અમદાવાદનો કાર્યક્રમ તો સાડા ત્રણ કલાકનો અગાઉથી જાહેર થયેલો. ભાષણો સાંભળવા જવાનો અવકાશ મને ભાગ્યે જ મળી શકે છે, અને કોઈ સભામાં ક્યારેક જાઉં તો કલાક પછી ત્યાંથી નીકળી જાઉં છું. વસંતભાઈ અંગેની આ સભામાં છેવટનો એક કલાક ગાળીને પછી તેમનાં સ્વજનોને મળવાનું વિચારીને ગયો.

બેત્રણ લાંબાંલચ ઉદ્બોધનો સાંભળીને થાકી ગયો. પછી વસંતભાઈની નાની બહેન સમાં એક સન્નારી બોલતાં હતાં ત્યાં સંચાલકોને ખ્યાલ આવ્યો હશે કે સમય બહુ વીતી ગયો, એટલે અરધેથી એમને અટકાવ્યાં. આવાં ખેદજનક દૃશ્યો જાહેરમાં જોવા ન મળે તે માટે સંચાલકો દરેક વક્તાને અમુક મિનિટો અગાઉથી ફાળવી આપી શકે અને પછી તે મુજબ સભાનું સંચાલન કરી શકે. મોંઘા કાગળ પર આકર્ષક છાપકામવાળો એક દળદાર ગ્રંથ ત્યાં મળ્યો. તે જોઈ મને થયું કે ગરીબો માટે જેને આટલી બધી દાઝ હતી ને જાતે કેટલીક ગરીબી જેમણે વેઠી હતી તે વસંતભાઈનો આત્મા આ બધા ખરચથી દુભાયો નહીં હોય ?

ગાંધીજીના પુણ્યપ્રતાપે દેશને અનેક સમર્પિત સેવકો સાંપડેલા છે. તેમને લીધે તો સમાજમાં કાંઈકેય મૂલ્યો હજી ટકી રહ્યાં છે. એમનું સન્માન કરવામાં આપણે અતિ પ્રશંસા ન કરવા જેટલો વિવેક જાળવીએ. રવીન્દ્રનાથે કહ્યું છે તેમ, મરનારની અતિ પ્રશંસા થાય ત્યારે મૃત્યુ પોતે હસતું હોય છે.

[Lok Milap Trust, P.B. No. 23, Sardarnagar, BHAVNAGAR - 364 001, India]

## બાળ મજૂરી કે ભૂખ મજૂરી ... ???

○ યતિશ મહેતા

કુમળી વયનાં નાનાં બાળકોએ જીવન જરૂરિયાતની ચીજો ઉપલબ્ધ કરવા માટે પોતે કાર્યશીલ થવું એ યોગ્ય છે કે અયોગ્ય, એ આજની વિચારશીલ વ્યક્તિઓ માટે એક ગંભીર પ્રશ્ન બની ગયો છે.

દુનિયાનું હરેક બાળક જ્ઞાન મેળવવા માટે પૂરેપૂરું હકદાર છે અને તેને માટે દરેકે ઈમાનદારીપૂર્વક પોતાનાથી બનતી બધી સહાય આપવી એ ફરજ જ નહીં, પણ ધર્મ છે. આ સત્ય હકીકતને અવગણી શકાય નહીં. પરંતુ પ્રશ્ન એ થાય છે કે શું ભૂખ્યા પેટે એ બાળક જ્ઞાન પ્રાપ્ત કરી શકશે ? અને માની લો કે કદાચ જ્ઞાન પ્રાપ્ત કરી પણ લે, તો આજનો સમાજ, આજની સરકાર અને સ્વતંત્ર રીતે ચાલતી સેવાભાવી સંસ્થાઓ અને એ બાંયધરી આપવાને સમર્થ છે કે જ્ઞાન મેળવી લીધા પછી એ બાળકને બે ટંકની રોટી નસીબ થશે ?

હાલના સંજોગો જોતા અને સમજતા આનો ઉત્તર સંપૂર્ણપણે સંતોષકારક આપી શકાય તેમ લાગતું નથી. તો પછી કોઈ પણ નીતિપૂર્વકનું, સચ્ચાઈને માર્ગે દોરી જતું કાર્ય જો બાળક કરે અને પોતાનું તથા પોતાના પરિવારનું ભરણપોષણ કરવામાં મદદરૂપ થાય તો એમાં ખોટું શું છે ? એવું કામ કરાવનાર વ્યક્તિએ કયો મોટો ગુનો કર્યો ગણાય ?

માત્ર ભાષણો કરવાથી કે એની વિરુદ્ધનું પ્રદર્શન કરવાથી જ આ પ્રશ્નનો ઉકેલ લાવવો મુશ્કેલ જ નહીં, અશક્ય પણ છે. બાળકના પેટનો ખાડો કાયમ માટે પૂરતો રહેશે તો જ એ જ્ઞાન મેળવવા માટે લાયક બનશે. અને તો જ આવનારા સમયમાં ધીમેધીમે, કામ કરતાં કરતાં એ બાળક જ્ઞાન મેળવવાને પણ સમર્થ થશે.

એ બાળક કોઈ અયોગ્ય, પોતાને કે સમાજને નુકસાનકારક કાર્ય કરતું હોય કે કોઈ કરાવતું હોય તો એને રોકવાનો દરેક નાગરિકનો ધર્મ પણ છે, અધિકાર પણ છે અને ફરજ પણ છે. પરંતુ સાચી મહેનત કરી કમાતા બાળકને રોકવું એ બિલકુલ વ્યાજબી નથી. મારા મતે કોઈના હાથમાંથી સચ્ચાઈનો રોટલો છીનવી લેવો એ પણ પાપ છે. એ બાળક એનું અને એના પરિવારનું ગુજરાન ચલાવવામાં પોતાનું યોગદાન આપી રહ્યું છે એવો એને આત્મસંતોષ થશે તો ભણતર તરફ પણ એનું લક્ષ્ય જરૂર ખેંચાશે. વળી એનો યોગ્ય વિકાસ પણ થશે. જો આ રીતે એના વિકાસમાં બાધાઓ ઊભી કરવામાં આવશે તો કાં તો બાળક ભિખારી બનશે અથવા ચોર બનશે. શું આપણે આપણી ભાવિ પ્રજાને વધુ ને વધુ ભિખારી થતી જોવી છે ? શું ચોરી કરતાં અટકાવવાની આપણી ફરજ નથી ?

માનું છું કે ક્યાંક બાળકોનું શોષણ પણ થાય છે. પરંતુ એવો કયો વ્યવસાય છે કે જ્યાં સ્ત્રીઓનું, બાળકોનું, અરે, પુરુષોનું પણ ક્યારેક ને ક્યારેક શોષણ ન થતું હોય ? આનો અર્થ કહેવાતા જ્ઞાનીઓ ખોટો ન કરે કે શોષણ વ્યાજબી છે. કોઈ પણ ક્ષેત્રે થતું શોષણ ધિક્કારને જ પાત્ર નહીં, પણ કડકમાં કડક સજાને પાત્ર પણ છે જ. અને તેનો ભયંકર, લાયક બદલો શોષણકર્તાઓને આપવા ઈશ્વર સર્વશક્તિમાન બેઠો છે. પોતાને પ્રભુથી પણ શક્તિશાળી સમજવાની નાદાનિયત સેવાકર્મીઓ સમજે તો તો તે તેમની ભયંકર ભૂલ જ છે.

કોઈ કુમળી વયનું બાળક ઝાડી નાંખતી કૃત્રિમ રોશનીમાં એક કલાકારની હેસિયતથી કામ કરતું હોય તો તેને અને તેના કુટુંબીજનોને સમાજ પૈસા તથા પુરસ્કારોથી નવાજતો હોય છે. તેનું ભણતર ભલે ઠેબાં ખાતું. કોઈ રમતગમતના ક્ષેત્રે પરીક્ષાઓમાં ન બેસે તો તેને ગૌરવ દૃષ્ટિથી જોવામાં આવે છે. ત્યારે પહેલાં રમત અને પછી ભણતર એમ માનવામાં આવે છે. આ ક્યાંનો અને કોનો ન્યાય ?

માટે બાળ-મજૂરીની વિરુદ્ધમાં નારાઓ લગાડનારા એટલો તો વિચાર જરૂર કરે કે જ્યાં સુધી દરેક નાગરિકને સન્માનપૂર્વકનું કાર્ય સોંપવાની સમાજની, દેશની કે સ્વતંત્ર સંસ્થાઓની તૈયારી ન હોય ત્યાં સુધી આ બધા બખડજંતરથી દૂર રહી સારું ને સાચું કાર્ય કરનાર દરેકને પૂરતું માર્ગદર્શન અને પ્રોત્સાહન મળતાં રહે એ તરફ પોતાના સહકારનો હાથ લંબાવવો વધુ ઉચિત લેખાશે.

અંતમાં, આવી દોહરી નીતિ માટે જરૂરિયાતમંદ બાળક શું વિચારતો હશે ? શું મારા નસીબે માત્ર ભાષણો જ ?? શું મારે માત્ર કાગળો ઉપર જ ભવિષ્યના, સુંદર ભવિષ્યના, ઉજ્જવળ ભવિષ્યના ચિત્રો જ નિહાળવાના ???

[Kunal Diamonds, 516-517, Parekh Market, 39 J.S.S. Road, Kennedy Bridge, Operha House, MUMBAI - 400 004, India]

# એતાનશ્રી –

## સંખ્યા નહીં, બાબા, ગુણવત્તા !

○ ચોવીસ મેનો એ દિવસ હતો. સ્થળ વિલ્સડન ગ્રીન લાયબ્રેરીનો સંકુલ. "આવાઝ" માટેનો કાર્યક્રમ હતો. "ઓપિનિયન", ગુજરાતી સાહિત્ય અકાદમીના વાચકવૃંદ અને બ્રેન્ટ લાયબ્રેરી સેવાઓ હેઠળ સહિયારો કાર્યક્રમ હતો. શ્રોતાઓને જણાવાયું કે "આવાઝ"ના સંપાદકો ઝરીનાબહેન પટેલ અને ઝાહિદ રાજન ભેગા મળી "આવાઝ" તૈયાર કરે છે, અન્યની મદદ વિના. શ્રોતાઓએ સ્વાભાવિક તાળીના ગડગડાટથી હોલ ભરી દીધો. કોઈએ કહ્યું હોત કે, ભલા, અમારા લંડનમાં "ઓપિનિયન"ના તંત્રી પણ એકલે હાથે અંક ગ્રાહકોને પહોંચતો કરે છે. "ઓપિનિયન"ના તંત્રીને અભિનંદન.

દરેક અંકમાં ગ્રાહકોની સંખ્યા જણાવવામાં આવે છે એ તેમની સચ્ચાઈ સૌ જાણે છે. "ઓપિનિયન" વિચાર - ચિંતનનું માસિક છે. તેણે ગ્રાહકો નથી તૈયાર કર્યા; તેણે તૈયાર કર્યા છે નાગરિકો અને વાચકો.

"ઓપિનિયન"ના વાચકો, લેખક-કવિઓ પેટ ભરીને અંકના વખાણ કરે છે. એ જાણીને અમને ય અવશ્ય આનંદ થાય. સાથે પ્રશ્ન પણ થાય છે, એ મિત્રોએ, નક્કર શાબાશીના રૂપમાં, દર બે વર્ષે એક વધુ ગ્રાહક "ઓપિનિયન" સારુ મેળવી આપ્યો હોત તો ?

ગૂજરાત વિદ્યાપીઠનાં બહેન, આશા વિહોલે "ઓપિનિયન" પર અનુપારંગતની પદવી હાંસલ કરી. "ઓપિનિયને" કાઠું કાઢ્યું, તેમ કહી શકાય. ગુજરાતમાંથી કે ગુજરાત બહારથી, આજ સુધીમાં, ગુજરાતી ભાષામાં જે સમસામયિકો પ્રકાશિત થયાં છે કે થાય છે, તેના પર, ભલા, આવાં અનુપારંગત સ્તરના કે પારંગત સ્તરના કેટલા અભ્યાસ નિબંધો તૈયાર થયા હશે ? જવાબ આપણી પાસે હોય પણ ખરો. માટે : not the quantity, but that quality that counts.

- શશીબહેન અને રમણભાઈ ડી. પટેલ

[62, Orchard Gate, GREENFORD, Middlesex UB6 0QW, U.K.]

## માનસપટની છબિ

○ ૨૬ માર્ચ ૨૦૧૦ના દિવસે “ઓપિનિયન”ને સમેટી લેવાનો કાર્યક્રમ નિશ્ચિત છે. એ ખેદજનક તો છે. હા, “ઓપિનિયન” આંખોથી ઓઝલ થશે, છતાં પણ એની એક નિષ્ઠાવાન, સમદર્શી અને સુસંસ્કૃત સાહિત્યિક સામયિક તરીકેની ઓળખ રહેવાની જ. વળી, સમભાવ અને સમાનતાની વિચારધારાએ જીવનનાં મૂલ્યોને મૂલવવાના “ઓપિનિયન”ના પ્રયાસોની કદર પણ રહેવાની જ. માનવીને માનવજાત પરિવારના સદસ્ય તરીકે સમજવાની ભાવના અને પરમ દૃષ્ટિ કેળવવાના તમારા અને “ઓપિનિયન”ના ઉચ્ચતમ પ્રયાસોની પણ મુજ માનસપટ પર એક ઊંડી છાપ રહેવાની છે.

**- અહમદ ‘ગુલ’**

[27 James Street, BATLEY, West Yorkshire, WF17 7PS, U.K.]

## થૅન્ક યુ ઈંગ્લૅન્ડ !

○ “ઓપિનિયન” દ્વારા મારે મારાં શ્રોતાઓનો આભાર માનવો છે. તારીખ ૧૦મી મે ૨૦૦૮ના દિવસે વેમ્બલીના માંધાતા હૉલમાં, “ઓપિનિયન”, ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ અને ‘માંધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી ઍસોશિયેસન’ના સહકારથી, યોજાયેલ હાસ્યોત્સવમાં ભાગ લેવા મિત્રો દૂર દૂરથી આવ્યા હતાં. અને પોતાનો અમૂલ્ય સમય મારા માટે ફાળવ્યો હતો તે બદલ હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ ત્રણે સંસ્થાના કાર્યકરો, વિપુલ કલ્યાણી, ભદ્રા વડગામા તેમ જ રતિલાલ પટેલ, રમણીકલાલ પટેલ અને કેશવલાલ જે. પટેલનો દિલથી આભાર માનું છું.

બીજે દિવસે, પ્રિય મિત્ર નીરુબહેન દેસાઈના ‘હેરો વિમેન્સ ગ્રુપ’ને ‘પ્રદીપ સ્વીટ્સ’માં કાઉન્સિલર નવીન શાહના સન્માન પ્રસંગે, હસાવવાનો મોકો મળ્યો, તે બદલ નીરુબહેનનો આભાર માનું છું. લંડનના સૌ શ્રોતામિત્રોનો ખૂબ ખૂબ આભાર. આમ જ તમારો પ્રેમ મળતો રહે એ જ પ્રાર્થના.

આમાં લેસ્ટરને કેવી રીતે ભૂલાય? સૌ પ્રથમ ખૂબ જ પ્રેમાળ મિત્ર સાધના વૈદ્યનો ખૂબ ખૂબ આભાર. જેમણે ઉમળકાથી મારા દરેક કાર્યક્રમ ગોઠવ્યા હતા. મારા પ્રોગ્રામમાં અહીં પણ દૂર દૂરથી, ખાસ તકલીફ લઈને, પધારી અને મારો જોસ્સો બિરદાવવા બદલ શાયરો, અદમ ટંકારવી, અહમદ ગુલ, હારૂન પટેલ, ઈસ્માઈલ દાજી વગેરેનો દિલથી આભાર. સ્થાનિક કવિ વિનય કવિ અને જાણીતા સંગીતકાર ચંદુભાઈ મટ્ટાણીને કેમ કરી ભૂલાય? તેમેનો પણ આભાર. ગુજરાતી લિટરરી ગ્રુપના હોદ્દેદારો બેદાર લાજપુરી અને દિલીપ ગજ્જરનો પણ આભાર. બીજે દિવસે એમ–ટી–એ ટી વી પર ઈન્ટરવ્યુ ગોઠવવા બદલ રાજેન્દ્ર બ્રહ્મભટ્ટનો અને ખૂબ જ પ્રેમથી સબરસ રેડિયો પર મારા વાર્તાલાપ માટે હોસ્ટ શોભા જોષીનો ખાસ આભાર.

અમારી રહેવાની સગવડ માટે, લંડનમાં જયોત્સ્ના અને દિનેશ પટેલનાં અને લેસ્ટરમાં વિમલ અને સોનિયા ભટ્ટનાં અમે ઋણી છીએ. મારાં પત્ની હંસા જાની પણ મારી સાથે આભાર માનવામાં જોડાય છે. છેલ્લે,ઈંગ્લૅન્ડની આ ટ્રીપ સફળ બનાવવા માટે બે દોસ્તોનો તો આભાર માનવો જ પડે. એક તો લંડનના વિપુલ કલ્યાણીનો અને બીજાં લેસ્ટરનાં સાધના વૈદ્યનો. એમની મદદ વિના કશું જ શકય નહોતું. થૅન્ક યુ ઈંગ્લૅન્ડ !

**- હરનિશ જાની**

[4 Pleasant Drive, YARDVILLE, NJ 08620, U.S.A.]

## સ્વપનની સહુ ક્ષણ ...

○ ટાગોરનાં કાવ્યોને તમે “ઓપિનિયન”નાં બે પાનાં ફાળવ્યાં ! આ કાવ્યોના ગુજરાતીકરણનો મારો પ્રયાસ લગભગ પાંસઠ વર્ષે કંઈક લેખે લાગ્યો ખરો ! (હું એને ભાષાંતર કે પદ્યાનુવાદ નહીં પણ ગુજરાતીકરણ લેખું છું. પણ એની ચર્ચામાં ઉતરવાનો મારો ઈરાદો નથી.) એને પ્રગટ કરવા માટે તમે મારી પરવાનગી માગી - જે માગવી જરૂરી નહોતી – ત્યારે એ આપવાની સાથે મેં ટપાલ દ્વારા બીજાં થોડાંક કાવ્યો મોકલવાનો વાયદો કર્યો. એ પાળવામાં થયેલી ઢીલ બદલ દરગુજર કરશો.

હવે થોડીક ભૂલો તરફ ધ્યાન ખેંચું. ‘કૃતાર્થ ક્રંદન’માં સાતમી પંક્તિમાં ‘બજી રા ...’ નહીં, પણ ‘બની રહ્યા’ જોઈએ. એ જ કાવ્યમાં ‘એની ન રહી શક્તિ લેશ મારી’ને બદલે ‘એની ન શક્તિ રહી લેશ મારી’ હોય તો પિંગળનું માન જળવાય. આ મારી લેખન-ભૂલ કે તમારી છાપભૂલ હોઈ શકે છે. થોડે આગળ જતાં ‘વિદીર્ણ હે પ્રિયા !’માં ‘પ્રિયા’ નહીં પણ ‘પ્રિય !’ વધુ ઉચિત લાગે છે. એ સિવાય “હર્ષ અને સ્રોત” ટાઈપભૂલ કે ફોન્ટની ખામીને કારણે વિકૃત થઈ ગયા હશે, એમ લાગે છે. ‘પ્રતીક્ષા’ કાવ્યમાં ‘વહી જાતા ધીમા અનિલ તણી’માં ‘શ્વાસ’ને બદલે ‘ઘાસ’ પણ એવી જ ટાઈપ-ભૂલોનું પરિણામ હશે, એમ જણાય છે.

*(મે ૨૦૦૮ના અંકમાં ૧૨મે પાને લખાયું છે તેમ, મૂળ કાવ્યોનું અક્ષરાંકન ઉત્તમભાઈ ગજ્જરે કર્યું છે. એમના સદ્ભાવે આ કાવ્યો સીધાં “ઓપિનિયન”ને મળ્યાં છે. છેલ્લું કાવ્ય, ‘છોડી સમાધિ’નું અક્ષરાંકન ખુદ કર્યું છે. અને છતાં ય સહૃદય ક્ષમસ્વ, કવિરાજ હયદરભાઈ : તંત્રી)*

‘દરદવેદના’માં ‘દરદવેદના જાગૃતિ’ કંઈક બેસૂરું લાગે છે. આ ભૂલ તો મારી પોતાની છે. હવે પાંસઠ વર્ષ પછી લાધેલું ડહાપણ સૂચવે છે કે આ ધ્રૂવપંક્તિઓ (?) આમ હોય તો વિશેષ શોભે :

*ભૂલું દરદવેદના ન પળવાર; હો જાગૃતિ*
*અને સ્વપનની સહુ ક્ષણ જેવું સૂઝતું નથી.*

**- હયદરઅલી જીવાણી**

[9760 Ryan Crescent, RICHMOND, BCV7A 2H2, Canada]

## ઈન્ટરનેટી વાંચનસામગ્રીનું એક ઉમદા સાધન

○ લોકોને દોરવા માટે, સર્જનાત્મક ક્રાંતિ જગવવા સારુ તેમ જ વિવિધ સભ્યતાઓ સંગાથે તંતુ જોડવા શબ્દોમાં અજબગજબી શક્તિ છે. ચૂંટી ચૂંટીને લેવાયેલા ઉચિત શબ્દોથી સર્જાયેલી સુંદર અભિવ્યક્તિ દ્વારા આત્માને સારુ ઉત્તમ ખોરાક મળી રહે છે. આવો કોઈ એક આનંદ આ “સન્ડે મહેફિલ” વાટે મળ્યા કર્યો છે. નિમકહલાલ ટપાલીની પેટે, શુક્રવારે સાંજે અથવા શનિવારે સવારે, હસતે મોંએ આપણું કમાડ ખખડાવ્યા કરતું જાણે કે તે સ્વાગત કરવાને સારુ ઊભું જ હોય. છતાં, આપણું ધ્યાન ખેંચવા તેના કોઈ બૂમબરાડા સાંભળવા મળે જ નહીં. પરંતુ સિપાહી પત્નીની જેમ, અઠવાડિયે અઠવાડિયે, સેંકડો વાચકોને તેની તડપ રહ્યા કરી છે.

પસંદ કરેલી રોચક ગુજરાતી સાહિત્યની વાનગીને ‘પી.ડી.એફ.’ ઢાંચામાં રજૂ કરવામાં આવતું આ ઈન્ટરનેટી વાંચનસામગ્રીનું એક ઉમદા સાધન બની ગયું. માતૃભાષાની ખિદમત કરતાં કરતાં સાહિત્યનાં જરજવાહિરને ખોળી ખોળીને વાચક સમક્ષ મૂકવાનો તેનો નિષ્ઠાવાન પ્રયાસ રહેતો. જગત ભરમાં ઠેર ઠેર વિસ્તરેલી ગુજરાતી જમાતને મૈત્રીની ગાંઠે બાંધવાનો ય તેનો નક્કર આશય રહેલો. પોતાના આ પાયાના ધ્યેયને આ સામયિકી વાટે ચરિતાર્થ જ કરાયા નથી, બલકે, તેણે ચાહકોની એક મસમોટી સેના ઊભી કરેલી છે. માનો કે, બહુ જ જૂજ સમયગાળામાં, તેની ચાહના ક્યાં ય વધી ગયેલી અને આઠ હજાર ઉપરાંત લોકોના સતત સંસર્ગમાં આવવાનું તેને નસીબ મળ્યું. અને ટૂંકા સમયગાળામાં અનેકોએ વળી સંપર્કના, સંસર્ગના, સંબંધના મજબૂત સેતુ બાંધી દઈ એક નવો ઉન્મેષ પેદા કર્યો છે.

આ “સન્ડે મહેફિલ”ની પાછળ રતિલાલ ચંદરિયા, ઉત્તમ ગજ્જર તથા બળવંત પટેલની દૃષ્ટિ રહેલી છે. ગુજરાતી લિપિનું રોમન લિપ્યિંતર કરવાની ચર્ચામાંથી રતિભાઈ અને ઉત્તમભાઈને આ સામયિકનો પ્રયોગ કરવાનો વિચાર સૂજેલો. તે બંનેએ બળવંતભાઈ સમેતના મિત્રોમાં વિચારને વહેતો મૂક્યો અને પછી ત્રિપુટી તેને ચરિતાર્થ કરવામાં લાગી પડેલી. તેમણે ચોમેરથી ઇ.મૈલી સરનામાં એકઠાં કરવા માંડ્યાં. અને આમ સામયિકીનો વિચાર અમલમાં મૂકેલો. લેખનની પસંદગીની જવાબદારી ઉત્તમભાઈએ લીધી. બળવંતભાઈ અને રતિભાઈની સહાયથી કર્તાની પરવાનગી મેળવવાની ક્રિયા, પી.ડી.એફ. ફાઈલ માટે અક્ષરાંકન સુધીની સઘળી જવાબદારીઓ, લોકો સુધી પછી તેને મોકલી આપવાની વિતરણ વ્યવસ્થા ઉપરાંત વાચકોના સવાલોના જવાબ આપવા બાબતની સવલતનો પણ તેમાં સમાવેશ થતો.

આરંભના દિવસોમાં તે બે કોલમનું ગુજરાતી તથા ‘ઇ.ભારતી’ (રોમન લિપિમાં ગુજરાતી) લખાણ રહેતું. આ સામૂકી પ્રક્રિયા કંટાળાજનક નીવડવાને કારણે તેને છાંડવામાં આવી. અને પછી અંત સુધી ગુજરાતી લિપિમાં જ આ સામયિક પ્રગટતું રહેલું. ગુજરાતી ભાષાનાં લખાણની

ઝંખના સેવનારા અનેક ડાયસ્‌પોરિક ગુજરાતી વાંચકોને પણ તેમાં સમાવી લેવામાં આવ્યાં. આવી તક દર સપ્તાહે મળ્યા જ કરતી. ભારતના અને ખાસ કરીને ગુજરાતના પરિસરમાં પણ આ સાપ્તાહિકીની લોકચાહના પણ વિશેષ રહેલી જોવા અનુભવવા મળી છે.

મુખોન્મુખ પ્રચાર - પ્રસાર દ્વારા જ તેની કલ્પનાતીત ચાહના બંધાઈ રહી. આ સાપ્તાહિકી દરેકને ઈ.મૈલ વાટે મોકલવામાં આવતી અને તમારા 'બોક્સ'માં તે તમારી રાહ જોતી બેઠી જ હોય. આવી સફળતા બીજે ક્યાં જોવા મળે ? કેમ કે આ સાપ્તાહિકીનો બીજો કોઈ ચંચુપ્રવેશ હતો જ નહીં. તે વળી વેબસાઈટ પણ હતી જ નહીં અને તમારે તેના ઉંબરા દર અઠવાડિયે ઠોકવાના ય આવતા નહીં. કમ્પ્યુટરની કરામત વાટે એક નવું વિધેયક વાતાવરણ પેદા થયું. વળી, ઈ.મૈલની સગવડથી ઘડીના છઠ્ઠા ભાગમાં જ સંપર્ક - સંસર્ગ થઈને રહેતો. દર અઠવાડિયે વિસ્તરતા રહેલા વાચકને સારુ, વળી, તેની સમૂળી ફાઈલ આજે પણ ઈન્ટરનેટની કૃપાથી 'ગુજરાતીલેક્સિકૉન'ની સાઈટ પર જોવા વાંચવા મળી શકે છે. આ પણ એક અદ્વિતીય કામગીરી સાબિત થઈ છે.

- અશોક કરણિયા

e.mail : ashok.karania@magnettechnologies.com

## વિદાય વંદના

○ મે અંક એકદમ વાચનપ્રચુર રહ્યો. આફ્રિકા તથા ઈંગ્લૅન્ડમાંના પત્રકારત્વ વિશેના બંને લેખો ભારે અગત્યના અને અભ્યાસુ રહ્યા. તેમાં માહિતીઓ છે અને દૂરંદેશીની સમજણ પણ છે. રતિલાલ ચંદરિયા, ઉત્તમ ગજ્જર તેમ જ તેમના નિષ્ઠાવાન સાથીઓ દ્વારા "સન્ડે મહેફિલ" વાટે વીજળિક સાધનવાળી દુનિયામાં જબ્બર પ્રયોગ કર્યો. વાચનસામગ્રીથી સતત પ્રસન્ન રહેવાતું હતું. તેમની આ વિદાયને હું વંદન કરું છું. તેમની ખોટ સાલશે જ. શ્રદ્ધા છે કે તે કંઈક નવું કરશે. ડાયસ્‌પોરાને સાંકળીને આપણાં સાહિત્યને સારુ નવાં ઉન્મેષો જાગશે, એમ ખાતરી છે.

- પ્રવીણ ન. શેઠ

e.mail : pravinsheth@hotmail.com

## વાચનસામગ્રીનો ટેકેદાર છું

○ "ઓપિનિયન"નો મે અંક મેળવીને રાજી થયો. મને તે વાંચવું હંમેશ ગમ્યું છે. કેશવભાઈ ચંદરિયા પાસેથી મને નિયમિત વાંચવા મળતું રહે છે. આ અંકમાં રવીન્દ્રનાથ ટાગોરના હસ્તાક્ષરવાળી ડાકટિકિટ સંગાથે અપાઈ કવિતાઓ વાંચવી બહુ જ ગમી. "સન્ડે મહેફિલ" સમેટી લેવાની ઘટના દુઃખદ છે. તે ચાલુ રહી શક્યું હોત તો વિશેષ ગમત. જો કે મને કારણો સમજાય છે. તેનું પખવાડિક કે માસિક રૂપાંતર કરવાનું વિચારાયું હોત તો ! મને આ સામયિકની વાચનસામગ્રી ગમી છે માટે નિયમિત વાંચતો રહ્યો છું. જો કે ઊંઝા જોડણીનો ટેકેદાર હું નથી. સામયિક વાંચવું એટલે તેની નીતિરીતને ટેકો વાંચક આપે છે તેમ તો લગીર હોતું નથી.

- પ્રકાશ મોદી

e.mail : 4prakash@gmail.com

## નવાં આદરણની રાહ છે

○ "સન્ડે મહેફિલ"ના સંપાદકોની સામે એક મિશન રહ્યું હતું. જેમ "ઓપિનિયન"ના તંત્રીને છે તેમ. આરંભથી તમારા બંનેનો મને પરિચય રહ્યો છે. તમારી પ્રાપ્તિનો હું ય ભોક્તા છું અને તેનું મને ય ગૌરવ છે. અલબત્ત, "સન્ડે મહેફિલ" તો ખૂબ વિસ્તરી ગયેલું અને મારી પેઠે અનેકોને તેની મીઠી યાદ સતત રહેવાની છે. તેના તંત્રીઓની દેણગી બાબત વિપુલભાઈએ ખરેખર સાચું લખ્યું છે. સાચા કાર્યક્રમોને હૂંફાળો ટેકો આપવાની સ્વાભાવિક પ્રકૃતિ તેમનામાં છે.

અબીહાલ ત્રણત્રણ જગ્યાએ લખવાનું થાય છે અને સમયમર્યાદાઓ જા ળવવાની આવે છે, એથી મને સંપાદકોની મૂંઝવણ સમજાય છે અને પરિસ્થિતિની સમજણ છે. મહેફિલના સંપાદકો લાંબો વખત ચૂપ રહી નહીં શકે, તેની પણ મને ખાતરી છે. તેમનાં આદરણની રાહ છે.

- પ્રવીણ પટેલ 'શશી'

e.mail : pcpatelxshashi@aol.com

## … , તો હું કઈ વાડીની મૂળો ?

○ એપ્રિલ ૨૦૦૮ના "ઓપિનિયન"ના પાંચમા પાને અનુસંધાન ક્ષતિ છે. તે અંગે હકીકત આમ હોવી જરૂરી છે. લંડનનું "ગુજરાત સમાચાર" ૫ મે ૧૯૭૨ના રોજ પ્રારંભ થયેલું. ત્યારથી તે બ્રિટનનું સૌ પ્રથમ ગુજરાતી સાપ્તાહિક રહ્યું છે. જ્યારે "ગરવી ગુજરાત" ૧ એપ્રિલ ૧૯૬૮થી પખવાડિક હતું; જે "ગુજરાત સમાચાર"ને અનુસરીને પાછળથી સાપ્તાહિકમાં પરિવર્તન પામ્યું હતું.

આ અંકના 'એતાનશ્રી' વિભાગમાં, રમણીકલાલ કા. ભટ્ટે મને યાદ કર્યો ! અમૃત દેસાઈની ભાષામાં કહું તો એ 'લેખકના માનસનું પરિવર્તન છે' જેને 'ફોબિયા' [phobia] પણ કહી શકાય. આ પ્રકારના લોકો સૃષ્ટિમાં બધું તેમના એ કાચ વડે નિહાળે છે. પરિણામે પછી તેમાં સ્વસ્થ સમજણ અને વિવેકભાન ઊગતાં નથી. કદાચ, આવા કોઈ કારણને લીધે વિસ્મય આનંદના લેખનો ર.કા. ભટ્ટને અપચો થયો હોય તેમ લાગે છે ! પોતાના વિચારનો વિકલ્પ હોઈ શકે છે તેમ કેમ નહીં જણાતું હોય કે સમજાતું કેમ નથી ?! હું તો કહીશ કે એપ્રિલ ૨૦૦૮ના અગ્રલેખના બીજી કોલમનનો બીજો ફકરો પણ એમના જેવાએ મનમાં કોતરી રાખવા સમ છે !

ગુજરાત અને ગુજરાત બહારના પ્રથમ હરોળના લેખકોને ર.કા. ભટ્ટે છોડ્યા નથી તો હું વળી કઈ વાડીનો મૂળો ? તે તો જેવું અન્ન તેવો ઓડકાર.

- જિગર નબીપુરી

[3, Shernhall Street, Walthamstow, LONDON E17 3EU, U.K.]

## સમજણની ક્ષિતિજો વિસ્તારી શકીએ તો … !

○ ફેબ્રુઆરી અંકના લેખો તંત્રીએ ખૂબ વિચારને અંતે પ્રકાશિત કર્યા હશે, તેમ લાગે છે. તેમાં ય કુમાર વિસ્મય આનંદનો અગ્રલેખ, 'શોષણમૂલક ચારિત્ર્ય ને મિથ્યાભિમાની હીણપતનો ચકરાવો' તેમ જ 'કેન્યા : આપણું ત્રિશંકુ શું ભાવિ ?' - મનસુખ શાહના મૂળ અંગ્રેજી લેખનો ભદ્રા વડગામાએ કરેલો લેખ સવિશેષ સ્પર્શી ગયા. પૂર્વ આફ્રિકાના દેશો પૈકી યુગાન્ડામાં મારા જીવનનાં કેટલાંક મૂલ્યવાન વર્ષો - શૈશવ, તરુણાઈ અને યૌવનનાં છૂટક છૂટક રીતે પસાર થયાં છે. વળી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પ્રાપ્તિનાં વર્ષોની સ્મૃતિ, સંવેદનાઓ તેમ જ અનેક સંભારણાંથી સભર માનસ આજે ય વાઘર્ક્ય, વાસંતી લહેર જન્માવી જાય છે. જીવનની દડમજલે સમયનાં પોલાણો મધ્યે માણેલી સંવેદનાઓ અને સ્મૃતિઓથી કંઈ કેટલાના વિચાર વલયો ઉમટતા ભાળી રહ્યો છું.

સન ૧૯૫૮-૬૦ના આફ્રિકાનિવાસનાં છેલ્લાં ત્રણ વર્ષોમાં અમે એશિયન - આફ્રિકન યુવાવિદ્યાર્થીઓએ એક જ શાળામાં એક જ પાટલી પર સાથે બેસીને સહશિક્ષણ મેળવ્યું હતું. અને અમે એકમેકની સાથે આત્મીય સંબંધો પણ કેળવ્યા હતા. તેમાં ય મારા પિતાજીના ગ્રામ્યવિસ્તારના વ્યવસાયને કારણે કંઈ કેટલા ય આફ્રિકન કુટુંબ કબીલાઓ સાથે આંતરિક વ્યવહારો પણ વિકસાવ્યા હતા, છતાં ય સમગ્રતાની દૃષ્ટિએ વિચારતા આપણા પૂર્વજોએ અને વડીલોએ દાખવેલી શોષણમૂલક ચારિત્રની અસર તળે, આફ્રિકન માનસ સાથે આપણે સમધારણ સ્થિતિ પ્રાપ્ત કરી શક્યા નહોતા તેનો ઈતિહાસ સાક્ષી છે. પહેલી બે કે ત્રણ પેઢીના વલણોની અવળી અસર ત્રીજી કે ચોથી પેઢીના વંશજોને ભોગવવી તો પડી ને ! ઈદી અમીનના વિસ્થાપિત કાયદાને કારણે ફક્ત ત્રણ જ માસના ગાળામાં જ જે દેશને વતન માની બેઠેલા તમામને દેશ છોડવાનો વારો આવ્યો તેનાં દુઃખ કે વિષાદ આજે ય કંઈ કેટલાં ય કુટુંબોને હૈયે છે.

કુમાર વિસ્મય આનંદનો યક્ષપ્રશ્ન : શા માટે ગુજરાતીઓને આફ્રિકન પ્રજા ધિક્કારે છે ? ભગાડે છે ? તેનો પ્રત્યુત્તર આપતા એ લખે છે, આપણા વડીલોએ પરિવારોએ આફ્રિકન કોમ પર કરેલા આર્થિક, સામાજિક શોષણનો એક અથવા બીજી રીતે ફળો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ આયોજિત વંશવાદ વિરુદ્ધ વૈશ્વિક પરિષદ દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં યોજાઈ હતી. તેમાં ગુજરાતના પ્રતિનિધિઓ સાથે કુમાર વિસ્મય આનંદને ડરબનમાં થયેલ માઠા અનુભવને આધારે થયેલા વિચારવલોણાંના અંતે લખેલ લેખ વાંચન અને વિચારવા યોગ્ય ગણાય. મારા માનવા પ્રમાણે શિક્ષણનો વ્યાપ વધે અને આંતરબાહ્ય સંબંધો

સમધારણ રીતે સ્થપાય તે પહેલાં તો ... કદાચ એ દેશ અમારા માટે પરદેશ બની ગયો અને રહી ગઈ થોડી સુખદ ને વધારે દુઃખદ યાદીઓ સ્મૃતિ પટે!

હા, બીજી રીતે વિચારીએ તો આપણે આજે આધુનિક સમાજના, બહુવિધ સમાજના સભ્યો હોવાની નાતે અને વસતા પણ હોવાથી, સમાનતા, સભ્યતાના સાનુકૂળ વાતાવરણમાં સહયોગ અને સાનિધ્ય સાધવા માટે આપણા જ વંશજોને ... પાંગરતાં આપણા જ બાળમાનસમાં સમજણ સ્થાપીને તેમને સક્ષમ બનાવવા સાથ સહકાર આપવા પ્રેરક બળ તો બનીએ.

પરિવર્તનને પામવા, સૌ પ્રથમ આપણે ઘેરથી જ પ્રારંભ કરવો જોઈએ. પર્યાય ઉપાયો શોધવા માટે દુર્લક્ષ તો ન જ અપાય. હા, ઉપરના પ્રશ્નોના પ્રત્યુત્તરો વાદવિવાદથી તો ક્યારે ય ન જ સાંપડે. છેવટે સંવાદિતા તો સાધવી જ પડે. શાસકો પાસે કઈ આશાઓ રખાય ? ગુરુ કે સંતની દોરવણી માર્ગદર્શક બની શકે છતાં ય પોતાનો રસ્તો પોતાની મેળે જ આત્મસાત્ કરવો પડે. રૂઢિચુસ્ત માનસિક્તા, પરિવર્તનને પામવા મથે તેવું વાતાવરણ સર્જવા વ્યક્તિએ તૈયાર તો થવું જ પડે.

આ જ અંકના પાન ૧૧ પરે વિપુલ કલ્યાણીનના એક લેખમાં, પાનબીડુંમાં દર્શાવાયું છે તેમ, ઘણા આફ્રિકી અમેરિકીઓને ગુલામી તેમ જ તેની દેણગી આજે ય કોરી ખાય છે. તેમને લાગે છે કે તે અંગે જરૂરી માત્રામાં માફી મંગાઈ જ નથી.

રેવરન્ડ જેસી જેકસનના કહેવા મુજબ ખોટું કર્યાના તીવ્ર પશ્ચાતાપની લાગણી થવી જરૂરી છે. તે પ્રત્યે સક્રિય રીતે વિચારવું જોઈએ. સત્ય અને સમાધાનનો મેળ પાડવાનું ટાણું છે. જેમને સમાધાન જોઈએ છે તે આ શોષણ વિષયક સત્ય છાવરવા માંગે છે. યુરોપ તથા અમેરિકાની આજે જે દોલત છે તેના પાયામાં આફ્રિકા ધરબાયું છે. આફ્રિકા દેણદાર છે તો યુરોપ અને અમેરિકા લેણિયાતો છે. પ્રશ્ન અને પ્રત્યુત્તર ભલે સમય અને સંજોગ સાથે જુદો હોય, પણ ... મૂળભૂત વાત તો એક જ છે. ક્યારેક તો સમજણની ક્ષિતિજો વિસ્તરશે તો ખરીને ?

ડાહ્યાભાઈ મિસ્ત્રીનો લેખ પણ આવા જ સંદર્ભમાં મનનીય બન્યો છે. ઈન્દુભાઈ દવેને મનોમન ભાવાંજલિ આપતા મનસુખ સલ્લાના શબ્દોને વાગોળી તો લઈએ. ઈન્દુભાઈ એવું જીવન જીવી ગયા એવું દૃષ્ટાંતરૂપ કાર્ય પણ કરી ગયા જે અનેકને પ્રેરણારૂપ છે. આવા શિક્ષકો સંસ્કારમય જીવનની શોભા છે. ઉજ્જવળ ભવિષ્યની આશા છે. એમનો વારસો ઝીલીને, કાર્યને આગળ ધપાવનારા કાર્યકરોની ફરી ખોટ ન પડે.

ઈન્દુભાઈ દવેને આ જ સાચી અંજલિ છે. ફેબ્રુઆરી અંક આફ્રિકાવાસીઓ સાથેના સાથ સંપર્કની સાચી સમજણ ક્ષિતિજો વિસ્તારી શકે તેવા સક્ષમ માનસધારીઓ યોગ્ય વાતાવરણ સર્જે એવી આશા અસ્થાને તો ન જ ગણાય. સબ કો સન્મતિ દે ભગવાન!

- ઉપેન્દ્ર ગોર
[24 Fernbank Avenue, Sudbury Hill, WEMBLEY, Middlesex HA0 2TR, U.K.]

## ઈલિંગ્ રૌડનું મંદિર : એક દષ્ટિપાત

૦ ઈલિંગ રૌડ, વેમ્બલીના મંદિરનો ઈતિહાસ કાંઈક આવો છે. રમણભાઈ પટેલ, સ્વ. રતિલાલ જોબનપુત્રા અને સ્વ. નલિનીકાન્ત પંડ્યા – એ ત્રિપુટીએ મળીને આ મંદિરની કલ્પના ઘડી હોય એમ લાગે છે. તેનું મુખ્ય કારણ એ જણાય છે કે, પૂર્વ લંડનમાં સ્વ. કૃષ્ણશંકર શાસ્ત્રીની પ્રેરણાથી સ્થપાયેલી હવેલી પશ્ચિમ લંડનના અમુક ભક્તો માટે જરા દૂર જણાતી હતી. એ ત્રણમાંથી જોબનપુત્રા હયાત નથી. પંડ્યા ગયા વરસે મરણ પામ્યા. અહીંના એક ગુજરાતી તંત્રીએ સ્વ. ડૉ. રૂઘાણી અને સ્વ. પંડ્યાને આ વિષે અનેક સવાલો પૂછ્યા હતા. તેમણે રમણભાઈ પટેલનો ઉલ્લેખ સરખો કર્યો નથી. કારણ કે, 'એ આપણા છ ગામના ભૈ છે. એમને કસું ન પૂછાય!'

મંદિરની રચનાનો નકશો પ્રભાસ પાટણના સોમપુરા બ્રાહ્મણોને પૂછીને ઘડવાની પરંપરા છે. અને બે હજાર વરસ જૂની ચોપડીને આધારે નિર્ણય થતા હોવા જોઈએ! દુનિયા બદલતી રહે છે એ યાદ રાખવાની અમુક લોકોને ફુરસદ હોતી નથી! સોમપુરા બ્રાહ્મણો મોહંમદ ગઝનવીનો સામનો કરવામાં ૧૭ વાર નિષ્ફળ ગયા હતા એ નજીવી બાબતનો અહીં ઉલ્લેખ કરવો જોઈએ! હરનિશ જાની ભલે હસાવે, હું કોઈ ઉપર ચીડાયો નથી! જો લોકહિતનું કાર્ય પોતાનું જ છે એમ માનીને કાળજી, કરકસર, ભાવિનો વિચાર કરીને, સમય પ્રમાણે પૂરું કરવાની દાનત ન હોય તો, પોતાના ઘરમાં, પગ ઉપર પગ ચડાવીને, નિરાંતે ટીવી જોવાથી વધારે જનસેવા થઈ શકશે એમ હું માનું છું! અમુક લોકો નેતા બને તો જ તેમને ચેન પડે છે; એનું આ પરિણામ છે.

આ મંદિર બનાવતી વખતે સ્વ. કૃષ્ણલાલ શ્રીધરાણીની કવિતા *'ઘંટના નાદે ...'* વાંચી જવાની ખાસ જરૂર હતી. આવી મોકાની જમીનનો બરાબર ઉપયોગ થયો નથી. આની સરખામણીએ સાઉથૉલમાં શીખ ગુરુદ્વારાની (ગુરુદ્વારાનો અર્થ જુદો જ થાય છે !) યોજનામાં હજારોની સગવડનું જે આયોજન થયું છે તે પ્રત્યે ધ્યાન દેવાની સંચાલકોએ પરવાહ કરી નથી.

મંદિરની આધુનિક વ્યાખ્યા બદલવી જ રહી. હિન્દુ સમાજની અનેકવિધ જરૂરિયાતોને લક્ષ્યમાં ન લઈ શકાય તો, મંદિર બાંધવાની કોઈ જરૂર નથી. મંદિર બાંધવાથી ભગવાનને નામે ટંકશાળ ચાલુ થાય છે. માત્ર પૈસાના વહીવટ માટે મંદિર બાંધવાનો કોઈ અર્થ નથી. પૈસાના વહીવટના કારણે અદમ્ય ઘમંડ જાગે છે.

આપણા મંદિરોના સંચાલનમાં સભ્યપદ લગભગ આજીવન હોય છે! અમુક લોકો પોતાના મરણ પહેલાં કોને સભ્યપદ મળશે એની ગોઠવણ પણ કરતા જાય છે! બ્રિટનમાં ૧,૩૫૦ મસ્જિદો છે અને ૮૦૦ ઈસ્લામી કેન્દ્રો છે. એની તુલનામાં ૧૪૫ મંદિરો કઈ રીતે ચાલે છે એ ઈતિહાસ કરુણ છે. અમુક મંદિરો વ્યક્તિગત માલિકીનાં છે. જ્યાં ટ્રસ્ટો છે ત્યાં પણ લોકોનો અવાજ સંભળાતો નથી. માત્ર પૈસા મેળવવા માટે જ સામાન્ય દર્શનાર્થીની સંભાળ લેવાય છે. કેટલાંક ટ્રસ્ટો ખરેખર બનાવટી છે. ૨-૪ જણ ફાવે તેમ વહીવટ કરે છે. આ બાબતમાં ગુજરાત કે અન્યત્ર નજર દોડાવવાનો કોઈ અર્થ નથી. કારણ કે, સર્વત્ર ઘોર અંધકાર છે.

અમદાવાદની ભાગવત વિદ્યાપીઠને આ મંદિર સાથે ભેદી સંબંધ છે. મંદિરના સંચાલકો અને મંદિર બાંધવા માટે રચાયેલી ખાનગી કમ્પની વચ્ચેના સંબંધને આજ સુધી સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. આવો તાજમહાલ બાંધવાની કઈ જરૂર હતી એ સવાલ પણ પૂછી શકાય તેમ નથી. જો માત્ર પૈસાને જોરે ભગવાનને ખુશ કરી શકાય તો, જ્ઞાન, ભક્તિ અને તપસ્યાની કોઈ કિંમત રહેતી નથી. બ્રિટનના મંદિરોમાં વેપારીઓની બોલબાલા છે. તે ગંભીર સમસ્યાઓ ઊભી કરે છે. સરેરાશ હિન્દુના સ્વસ્થ વિકાસમાં ફાળો આપી શકે એ રીતે જ મંદિર ચાલવું જોઈએ. પૂજારીને અંગ્રેજી ન આવડે તો પણ ચાલે. એમ માનવામાં આવે છે ત્યાં સુધી એ કેવી રીતે શક્ય બને ?

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદને હિન્દુઓનું પ્રતિનિધિત્વ કરવાનો કોઈએ ઈજારો આપ્યો નથી. તેઓ માત્ર રાજકીય ગણતરીએ કામ કરતા હોય એમ જણાય છે. મંદિરોના સંચાલન માટે બહુમાન્ય આચારસંહિતા ઘડી કાઢવી જોઈએ. કહેવાય છે કે, બ્રિટનમાં ૪૫,૦૦૦ ગુજરાતી કુટુમ્બો છે. ઉપરાંત, બીજા હિન્દુઓ પણ ખરા. સમગ્ર હિન્દુ સમાજની ધાર્મિક એકતાનો આ પ્રશ્ન છે. પૂજારીઓની નિમણૂક અને મુલાકાતી પંડિતો તેમ જ કથાકારોના આચાર-વિચાર અંગે પણ ચર્ચા થઈ શકતી નથી. હિન્દુઓની ધાર્મિક ટીવી ચૅનલ્ અને બીજાં પ્રચાર-માધ્યમો સમાન વલણ અપનાવે એ અતિ આવશ્યક છે. બ્રિટિશ્ સરકારમાં અને યૂરોપીઅન્ ધોરણે વ્યાપક સંગઠન, સંરક્ષણ અને પ્રચાર અંગે સુસંગત પ્રયાસો થઈ શકતા નથી. પરિસ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે ત્યારે નિઃસ્વાર્થ અને સેવારત પરિબળો આગળ આવશે એવી આશા છે.

### નેપાળી રાજા

તારીખ ૨૮.૫.૨૦૦૮ના દિને નેપાળમાં ૨૪૦ વર્ષ પછી નૃપશાસનનો અંત આવ્યો. રાજાને પંદર દિવસમાં વીજળીનું બીલ ભરીને મકાન ખાલી કરવાની ચેતવણી મળી! રાજાજી રાજસ્થાનમાં વસી શકે એવી સગવડ છે એવા વાવડ છે. એમના પૈસા બ્રિટન્માં જમે પડાવ્યા ન હોય તો ભારે નવાઈ લાગશે. લોકોનું માન અને વિશ્વાસ મેળવવા માટે રાજાએ કદી પણ યત્ન ન કર્યો એ ખેદકારક છે. સ્વ. રાજકુમારે કોકેનના નશામાં વીસેક જેટલા કુટુમ્બીઓને ઉડાવી દીધા હતાં. તે ઉપરથી લોકમાનસ ઉપર રાજવંશની રહી સહી પ્રતિષ્ઠા પણ નાશ પામી હતી.

આવું પરિણામ અનિવાર્ય હતું એમ ભાગ્યે જ કહી શકાશે. બ્રિટનમાં ભણેલાં રાજસંતાનોને લોકતંત્રની હવા ન સ્પર્શી શકી એ એક કરુણતા છે. રાજા કાશીવિશ્વનાથને ગંગાજળનો લોટો ચઢાવવા અવારનવાર આવતા. તે મંદિરના મહંતની ફરજ હતી કે, રાજાને બે શબ્દો કહેવા. 'જુઓ રાજાસાહેબ ! સમયનું વહેણ બદલાઈ ગયું છે. લોકહિતનાં કાર્યો કરીને જ રાજગાદી બચાવી શકાશે.' દક્ષિણના એક શંકરાચાર્યને દર્શને પણ રાજકુળના સભ્યો અવારનવાર જતા. યહૂદીઓ અને હિન્દુઓ ઇતિહાસનો બોધપાઠ લેવા માગતા નથી એવી છાપ ઊઠે છે.

દુનિયાના ૨૫ જેટલા અતિ દરિદ્ર દેશોમાં નેપાળનો સમાવેશ થાય છે. ૧૯૫૭માં નેપાળના રાજા વીરેન્દ્ર ધામધૂમથી પરણ્યા ત્યારે સાત કરોડ રૂપિયા ખરચવામાં આવ્યા હતા. એ રકમ ત્યારે ઘણી મોટી હતી. આખો દેશ ધોવાઈ ગયો હતો. ૧૦૦-૧૫૦ કિલોમિટર પહાડી રસ્તે ચાલે ત્યારે વૈદ્યકીય સારવાર મળે છે. નિર્ધનતા વ્યાપક છે. નેપાળની ગામઠી કન્યાઓને મુમ્બઈ, કલકત્તા અને દિલ્લીના ભડવા (વેશ્યાના દલાલને ભડવો કહે છે.) પાંચ હજાર રૂપિયામાં ખરીદી શકે છે. રાજા સાહેબે આ ચિંતાનો વિષય ગણ્યો નહોતો. નેપાળ હિન્દુરાષ્ટ્ર છે એ દાવો પણ પોકળ છે. કારણ કે, ત્યાં હિન્દુઓની બહુમતી રહી નથી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘવાળા નેપાળના રાજાનાં વખાણ કરવામાં ઘણો સમય બરબાદ કરતા હતા. નેપાળને એશિયાનું (ઍઝિયાનું) સ્વિટ્ઝર્લૅન્ડ્ બનાવી શકાય એવી શક્યતા હતી. એ દિશામાં કોઈ પ્રગતિ ન થઈ શકી. દસ વરસની માઓવાદી પ્રવૃત્તિમાં તેર હજારનાં મોત થયાં છે. રાજાવાદી તત્ત્વો પાસે પણ હથિયારો છે. એટલે હિંસાકાન્ડ સમાપ્ત થયો છે એવી આશા રાખી શકાશે નહીં. એડ્મન્ડ્ બર્કે ૨૦૦ વરસ પહેલાં લખ્યું છે : 'સમાજ એક કરાર છે. ... જે લોકો જીવે છે એમની વચ્ચે, જે મરણ પામ્યા છે અને જેઓ જન્મવાના છે તેમની વચ્ચેની ભાગીદારી છે.' નેપાળી રાજા મધ્યકાલીન સામંતશાહીથી આગળ ન જઈ શક્યા એ અફસોસની વાત છે. હિન્દુસ્તાનના સમાજવાદીઓ અને સામ્યવાદીઓએ આ કરુણાંતિકામાં [tragedy] કેટલો ભાગ ભજવ્યો છે એ ઇતિહાસરસિકોના અભ્યાસનો વિષય છે.

બે હજાર વરસ પહેલાં જૂલિયસ્ સીઝરે લખ્યું છે : 'રાજ્યતંત્ર ભ્રષ્ટતમ્ હોય ત્યારે કાયદા અસંખ્ય હોય છે.' ઉપખન્ડના અનેક દેશો આ રોગથી પીડાઈ રહ્યા છે. દારુણ ધરતીકંપથી પણ બર્માનું ૪૦ વર્ષ જૂનું લશ્કરી કુશાસન હચમચી ન ઊઠ્યું એ પણ એમ જ સૂચવે છે. હિંસાથી આવેલું પરિવર્તન કડવાશ મૂકી જાય છે. એટલા માટે સમયનો વરતારો અવગણી શકાય નહીં. ઉપખન્ડના અનેક દેશો દારૂગોળાની કોઠી ઉપર બેઠા છે. સર્પના મોઢામાં ફસાયેલો દેડકો પોતાના ઊજળા ભવિષ્યની કલ્પના કરીને મલકાય છે ! એટલે હસવું કે રડવું એ સવાલ ઊભો થાય છે ! દૈનિક જરૂરિયાતને આધારે જીવવું એ મજૂર અને વામણા નેતાનું સમાન લક્ષણ છે. લાખોના જીવનમાં ઉજાસ પાથરવાની તક નેપાળના રાજાએ ગુમાવી. સારા સલાહકારોથી વીંટળાયેલો નેતા ઊંડા પાણીને તરી જાય છે.

૧૯૪૭ પહેલાંનાં ૬૦૪ રજવાડાંઓમાંથી કોઈએ ઇતિહાસને સમજવાની કોશિશ ન કરી. ખટપટ અને કુસંપમાં જીવ્યા. શત્રુને નમીને દિવસો કાઢ્યા. અજ્ઞાનમાં આનંદ માન્યો. સંસારની અન્યાયી વિકૃતિઓ સહન ન થવાથી સાને ગુરુજી ઝેર પીને સૂઈ ગયા. ભાગ્યની લીલા જોઈને હસવા માગું છું !

- ૨. કા. ભટ્ટ

[87 Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

'ડૉક્ટર, તમે કહેશો તે બધી ટેસ્ટ કરાવવા હું તૈયાર છું.'

જુઓ પ્રિયંકા, સ્ત્રીની તપાસ લાંબી અને અટપટી છે. પુરુષની તપાસ થોડી સરળ છે. એટલે આપણે પહેલાં તમારા પતિની તપાસ કરાવી લઈએ. જો એ નોર્મલ હોય તો પછી તમારી તપાસ કરીશું.'

રાતે પ્રિયંકાએ વિશાલને કહ્યું, 'વિશાલ, આપણાં ઘણાં પ્રયત્નો પછી હજી સુધી કંઈ પરિણામ આવતું નથી. જો તું સાંભળ, ગુસ્સે ન થતો. પણ હું તને પૂછ્યા વગર જ ભાભીને લઈને ગાયનેકોલોજિસ્ટને બતાવવા ગઈ હતી.'

'ઓ ગૂડ ! સારું કર્યું. શું કહ્યું ડૉક્ટરે ?'

એમણે પહેલાં તારી તપાસ કરાવવાનું કહ્યું છે.'

વિશાલ ચમક્યો. 'કેમ ? મારામાં શું ખામી છે ? ના. એ બધું મને નહીં ફાવે.'

'વિશાલ, તારા સાથ વગર હું શું કરી શકીશ ?' પ્રિયંકા રડી પડી.

આખરે વિશાલ સ્વતપાસ કરાવવા તૈયાર થયો. બીજે દિવસે રિપોર્ટ લાવવાનું કામ પ્રિયંકાએ જ માથે લીધું.

ધીરજ ન રહેતાં પ્રિયંકાએ લેબોરેટરિઝમાં જ રિપોર્ટ ખોલીને વાંચ્યો. એ સ્તબ્ધ થઈ ગઈ. 'એઝોસ્પર્મિયા' [asospermia] ! 'સ્પર્મ કાઉન્ટ શૂન્ય !' એ તરત પેથોલોજિસ્ટ ડૉક્ટરને મળી. 'ડૉક્ટર, રિપોર્ટમાં કોઈ ભૂલ તો નહીં હોય ને ?'

'ના, બેન. આ રિપોર્ટ બિલકુલ બરાબર છે. અમે પોતે જ આવા શંકાસ્પદ રિપોર્ટને 'રીચેક' કરીએ છીએ.' તરત તો પ્રિયંકા ભાંગી જ પડી. શું એ ક્યારે ય માતા નહીં બની શકે ? શું બાવળિયે ફૂલ ક્યારે ય નહીં બેસે ? થોડી વારે એ સ્વસ્થ થઈ. એણે વિચાર્યું કે આવે વખતે જો એ પોતે જ ભાંગી પડે તો કેમ ચાલે ? એણે તો હવે વિશાલને હિંમત આપવી જોઈએ. રાત્રે પ્રિયંકાએ વિશાલને રિપોર્ટ વિશે વાત કરી. એ તો માનવા જ તૈયાર નહોતો. તે એકદમ બૂમ પાડી ઊઠ્યો : 'હેં ? વૉટ નોન્સેન્સ ! ના. ના. આ રિપોર્ટ જ ખોટો છે. એવું તે કંઈ હોય ? મને તો કોઈ 'પ્રોબ્લેમ' છે જ નહીં. હું બીજી કોઈ લેબમાં ચેક કરાવીશ.'

પ્રિયંકાએ શાંતિથી એને પેથોલોજિસ્ટ સાથે થયેલી વાત સમજાવી. 'વિશાલ, જે રિપોર્ટ છે તેને તું સ્વીકારી લે.'

બીજે દિવસે પ્રિયંકા અને વિશાલ ડૉ. કુસુમ પાસે ગયાં. રિપોર્ટ વાંચી એમણે વિશાલને યુરોલોજિસ્ટ ડૉ. ફડકેને બતાવવા કહ્યું. ડૉ. ફડકેએ બધા ટેસ્ટ કર્યા. સોનોગ્રાફીમાં પણ કંઈ ન આવ્યું. એટલે વૃષણની બાયોપ્સી કરાવી. એ ટેસ્ટમાં નિદાન આવ્યું કે વૃષણમાં શુક્રાણુ ઉત્પન્ન થતાં જ નથી. ડૉક્ટરે ઊંડાણપૂર્વક અને વિગતવાર વિશાલની ભૂતકાળમાં થયેલી બીમારીઓનો ઇતિહાસ નોંધ્યો. તેમાં જણાયું કે પંદરેક વર્ષની ઉંમરે વિશાલને ગાલપચોરિયાં (મુમ્સ) થયા હતાં. તેને કારણે તેનાં બંને વૃષણો પર સોજો આવતા શુક્રાણુ ઉત્પન્ન કરવાની શક્તિ નાશ પામી હતી. આ વાતનો કોઈને ખ્યાલ જ ન આવ્યો. કારણ આવી કોઈને ખબર જ નહોતી.

ડૉક્ટર કહે : 'આની કોઈ જ ટ્રીટમેન્ટ નથી.'

'તો અમારે શું કરવું ? ડૉક્ટર, અમને બાળક જોઈએ જ છે.'

'હવે આ માટે બે જ ઉપાય છે વીર્યબેન્કમાંથી શુક્રાણુ લઈ કૃત્રિમ ગર્ભાધાન કરાવી શકાય. જેને કૃત્રિમ શુક્રાણુરોપણ એટલે કે આર્ટિફિશિયલ ઈનૂસેમિનેશન કહે છે. અને બીજો ઉપાય છે કે કોઈ બાળકને દત્તક લઈ લો. 'અૅડોપ અૅચાઈલ્ડ'. આમાંથી તમારે જે નિર્ણય લેવો હોય તે લઈ શકો છો.'

વિશાલ અને પ્રિયંકા ઉદાસ ચહેરે ઘેર આવ્યાં. બધી વાત મમ્મી-પપ્પાને કરી. ઘર જાણે કે સ્મશાનવત્ બની ગયું. કોણ કોને સથવારો આપે ?

પ્રિયંકા અને વિશાલ પોતાના બેડરૂમમાં ગયાં. બંનેની ઊંઘ જાણે કે હરામ થઈ ગઈ. વિશાલે ટી.વી. ચાલુ કર્યું. એ ચેનલો બદલબદલ કરતો હતો. બધી ન્યૂસચેનલો પર બે દિવસ પહેલાં મુંબઈની લોકલ ટ્રેનોમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બધડાકાના સમાચારો વહેતા હતા. એક વૃદ્ધાના ખોળામાં બે વર્ષની માસૂમ બાળકી હતી. એ પોક મૂકીને રડતી હતી, 'યહ અનાથ બચ્ચી કો મૈં કૈસે પાલૂંગી ?' બોમ્બધડાકામાં કેટલા ય નિર્દોષ જીવો આતંકવાદના શિકાર બન્યા, જેમાં આ બાળકીનાં માતાપિતા પણ હતાં. તેઓ બાળકીને પારણાંઘરમાં મૂકી ચર્ચગેટ નોકરી કરવાં જતાં હતાં. રોજ સાંજે વિરાર શટલમાં સાથે જ પાછાં આવતાં. સમાચારના અંતે જાહેરાત થઈ : 'અધિક જાનકારી કે લિયે આપ 79044344155 પર ફોન કર સકતે હૈ.'

વિશાલે પ્રિયંકા તરફ જોયું. પ્રિયંકાએ પાંપણ પલકાવી હામી ભરી. વિશાલે તરત જ રિસીવર હાથમાં લઈ ઘોષિત નંબર ડાયલ કર્યો.

[401 B, Dhiraj Kunj, 4/A Bajaj Road, Vile Parle (West), MUMBAI - 400 056, India]

# બાવળિયે ફૂલ

○ પ્રીતિ જરીવાળા

'પ્રિયંકાબેન, ઊઠો, હવે. ઓફિસ નથી જવાનું ?' સુરભીભાભીએ રૂમના પડદા ખોલતાં પ્રિયંકાને ઊઠાડી. 'ભાભી, બસ, પાંચ મિનિટ. ઊઠું જ છું,' કહી પ્રિયંકાએ આંખ પર આવતા પ્રકાશથી બચવા રજાઈ માથા સુધી ઓઢી લીધી. આજે પ્રિયંકાને વિશાલના વિચારો કરતાં, બસ, પથારીમાં જ પડ્યા રહેવું હતું. પણ ઓફિસે જવાનું મોડું થશે એ વિચારે આળસ મરડીને બેઠી થઈ. બારીની બહાર નજર કરતાં પ્રભાત ખૂબ રંગીન લાગ્યું. મન પ્રફુલ્લિત હતું એટલે સમસ્ત વાતાવરણ એને હૃદયંગમ લાગતું હતું. એટલામાં તો બારીમાંથી પ્રવેશેલી ઠંડી હવાની લહેરખીએ જાણે એને ચૂમી ભરી. એની સુસ્તી દૂર થઈ અને એ સફાળી ઊભી થઈ.

બ્રેકફાસ્ટ ટેબલ પર ભાઈ-ભાભી પ્રિયંકાની રાહ જોતા હતાં. બંને આજે એને ખાસ વાત કરવા માગતા હતાં. તૈયાર થઈને પ્રિયંકા આવી. ભાભીએ નાસ્તો પીરસતાં કહ્યું, 'પ્રિયંકાબેન, હવે તમારે લગ્ન કરવા માટે વિચાર કરવો જોઈએ. એમ.બી.એ.નો અભ્યાસ કરવા તમે જીદ પકડેલીને, તે પણ હવે પૂરો થઈ ગયો.' સુધીરભાઈએ પણ કહ્યું, 'હા, પ્રિયંકા, એક બે સરસ છોકરા મારા ધ્યાનમાં છે. તું કહે તો વાત ચલાવું.'

'ભાઈ, તમારી વાત તો બરાબર છે. પણ જરા નવી નોકરીમાં સ્થિર થઈ જાઉં એટલે હું જ તમને કહીશ.' ભાઈ - ભાભીએ પ્રિયંકાની વાત માની લીધી, પણ પ્રિયંકાના મને તેની ટીખળ કરી : 'જૂઠ્ઠી, સરસ બહાનું કાઢ્યું. મને ખબર છે કે તું તો વિશાલના પ્રસ્તાવની રાહ જુએ છે. ખરું ને ?' અને પ્રિયંકાના હોઠ આપોઆપ મલકી પડ્યાં.

પ્રિયંકા અને વિશાલ એક જ ઑફિસમાં કામ કરતા હતાં. બંને સાથે જ લંચ લેતાં. આજે તે ઑફિસમાં વારંવાર ઘડિયાળ સામે જોઈ 'લંચ અવર'ની રાહ જોવા લાગી. આજે તો એ વિશાલને વાત કરી જ નાખશે, એમ નિર્ણય કરીને જ આવી હતી. આખરે પ્રતીક્ષા પૂરી થઈ. લંચ લેતાં લેતાં પ્રિયંકાએ વિશાલને કહ્યું, 'વિશાલ, મારાં ભાઈ-ભાભી હવે મારાં લગ્ન કરાવવા ઉત્સુક થઈ રહ્યાં છે.'

વિશાલે છેડતાં કહ્યું, 'હં ... , તો કરી નાખને લગ્ન ! મને પણ તારા લગ્નમાં મહાલવાનું મળશે. જોયો કોઈ મૂરતિયો ? કેવો છે ?'

પ્રિયંકા છંછેડાઈ, 'બસ. બસ, આમ હસવામાં બધું નહીં ઉડાવ. મને તું જવાબ આપ કે ... ' પ્રિયંકા સહેજ ખંચકાઈ.

વિશાલે કહ્યું, 'કે ... શું ? મારે વળી શેનો જવાબ આપવાનો છે ? તારે પસંદ કરવાનો છે. લગ્ન તારે કરવાનાં છે.'

'જો વિશાલ, આમ સાવ અજાણ્યો ન થા. હવે જરા ગંભીર થા. મને કહે કે, તને હું પસંદ છું કે ... ?'

'અરે, આ તો તેં મારા મનની વાત કહી. હું પણ તને પૂછવાનો જ હતો. હવે તો આપણે સેટલ થઈ જ જવું જોઈએ. હું આજે જ મમ્મીને વાત કરું છું.'

વિશાલ, અનંતા અને અશોકનો એકનો એક પુત્ર હતો. સાંજે વિશાલ ઑફિસેથી આવી, જરા ફ્રેશ થઈને મમ્મી પાસે બેઠો.

'મમ્મી, ભગવાન તને વરદાન માંગવા કહે તો તું શું માગે ?'

'તારા માટે સુંદર અને સુશીલ કન્યા,' અનંતાબહેને હસતાં હસતાં કહ્યું.

'તથાસ્તુ ! મમ્મી, આટલી સિમ્પલ વાતમાં ભગવાનને શું કામ તકલીફ આપે છે ? આ તારી ઈચ્છા હું જ પૂરી કરી દઉં તો ?'

'લે, તો ક્યારનો કહેતો કેમ નથી ?'

'મમ્મી, મારી સાથે ઑફિસમાં કામ કરતી પ્રિયંકા મને ગમે છે.'

પ્રિયંકાએ પણ એનાં સુરભીભાભીને કાને વાત નાંખી. 'ભાભી, સવારે તમે લગ્ન માટે વિચારવા કહ્યું હતું ને ? મેં વિચાર કરી લીધો છે. હું તૈયાર છું, લગ્ન કરવા ... '

'વાહ ! અચાનક ! ચાલો, ત્યારે આપણે મૂરતિયા જોવાનું શરૂ કરીએ.'

'પણ ભાભી, મારી વાત તો પૂરી સાંભળો. મેં તમારી મહેનત પણ બચાવી લીધી છે.'

'એટલે ?'

'એટલે એમ કે મેં છોકરો પણ પસંદ કરી લીધો છે.'

'હં. ... તો હવે, તમારી સવારની બધી વાત સમજાઈ મને. કોણ છે ?'

'મારી ઑફિસમાં જ કામ કરે છે. વિશાલ. અમે બંનેએ એમ.બી.એ. સાથે જ પાસ કરેલું.'

ભાભી તો ખુશ ખુશ થઈ ગયાં. 'પ્રિયંકાબેન, પહેલાં કેમ ન બોલ્યાં ?'

'પણ ભાભી, અત્યાર સુધી દોસ્તી જ હતી. લગ્નની વાત અમે નહોતી કરી ને !'

બંને કુટુંબો મળ્યાં. અને ધામધૂમથી પ્રિયંકા - વિશાલના લગ્ન થઈ ગયાં. પ્રિયંકા વિચારી રહી, હવે તેને વિશાલનાં સપનાં નહીં જોવાં પડે. વિશાલ હવે એની સાથે ને સાથે જ હશે. સાસરે આવીને પણ પ્રિયંકાએ નિર્વિરોધ નોકરી ચાલુ રાખી. પરિવારની પ્રસન્ન પ્રભાતો અને રમણીય રાતોમાં સરિતા સમા સરી જતા સમયે લગ્નજીવનના પાંચ વર્ષો તો જોતજોતામાં પસાર થઈ ગયાં. આવતી કાલે વિશાલ અને પ્રિયંકાની લગ્નતિથિ હતી. અશોક અને અનંતા દીકરા - વહુની રાહ જોતા હતાં. સાંજે ડીનર બધાં જ સાથે લેતાં. અશોકને અચાનક અનંતા સાથે ગુજારેલા ભૂતકાળનું સ્મરણ થઈ આવ્યું.

'અનંતા, તને યાદ છે, આપણાં લગ્નને પાંચ વર્ષ થયાં ત્યારે આપણે ગોવા ગયા હતાં ?'

'હા, યાદ છે ને. વિશાલ ત્યારે ત્રણ વર્ષનો. લગ્નના બીજાં જ વરસે વિશાલનો જન્મ.'

'કેટલા સુખદ દિવસો હતા એ !'

'તો અત્યારે તમને શું દુઃખ છે, અશોક ?'

'ના. દુઃખ તો જરા ય નથી. ઠાકોરજીની કૃપા છે. પણ વિશાલ અને પ્રિયંકાને હવે એક બાળક થઈ જાય તો – – '

'મને પણ એ ખોટ તો લાગી રહી છે. પાંચ પાંચ વર્ષ સુધી હજી ... પ્રિયંકામાં કોઈ ખામી તો નહીં હોય ને ? કે પછી કેરિયરના ભોગે એને બાળક નહીં જોઈતું હોય ?'

'ના, ના. એ એવી કેરિયર માઈન્ડેડ નથી. તું એના મનની વાત તો જાણ.'

'ભલે. હું મોકો મળતાં જ એને વાત કરું છું.'

આજે વિશાલ અને પ્રિયંકાના લગ્નને પાંચ વર્ષ થયાં. સવારથી જ 'હેપી મેરેજ એનિવર્સરી'ની શુભેચ્છાઓ દર્શાવતા મિત્રમંડળ અને સગાંવહાલાંઓના ફોન આવતા હતા. થોડી વાતચીત કરીને દરેક જણ છેલ્લે એક પ્રશ્ન તો અચૂક પૂછતું : 'પ્રિયંકા, હવે 'ગૂડ ન્યૂસ' ક્યારે આપે છે ?' પ્રિયંકા ઘડીક ગમ ખાઈને પોતાની વ્યથાને છૂપાવી હસતાં હસતાં જવાબ આપતી, 'બસ, નેક્સ્ટ ઈયર' ચોક્કસ. ફાઈવ ઈયર્સનો પ્લાન હતો.'

થાકીને રાતના પથારીમાં પડ્યાં પડ્યાં પ્રિયંકાના કાને સતત ગૂડ ન્યૂસ માટેના સવાલો અને પોતાના જૂઠાણાભર્યા જવાબો ભટકાતા રહ્યા. તે મનોમન વિચારી રહી કે બાળક થવા માટે સ્ત્રી અને પુરુષ બંને જવાબદાર હોય છે. તો પછી જ્યારે કોઈ સ્ત્રીને બાળક ન થતું હોય ત્યારે હંમેશ કેમ પહેલાં સ્ત્રીને જ કારણભૂત માનવામાં આવે છે ? વાંઝણીનું લેબલ કેમ ફક્ત સ્ત્રીને જ લાગે છે ?

બીજે દિવસે ઑફિસમાં પ્રિયકાનું ચિત્ત કામમાં નહોતું. પણ મનની વ્યથા કોને કહે ? સાંજે ઑફિસેથી થોડી વહેલી નીકળીને સીધી સુરભીભાભીને મળવા ગઈ. ભાભીએ પ્રિયંકાનો ઉદાસ ચહેરો પારખ્યો. પહેલાં તો ભાભીને ગળે વળગીને ગળે ભરાયેલા ડૂમાને ઠાલવ્યો, 'ભાભી, મને પ્રેગનન્સી રહેતી નથી તેનું જ ટેન્શન છે.'

'ઓ હો, એમાં શું મોટી વાત છે ? ઘણાંને મોડાં બાળક થાય છે. પાંચ વર્ષ કંઈ બહુ મોટો ગાળો ન કહેવાય. મારી બેનને જુઓને દસ વર્ષે બાબો આવ્યો. તેમ છતાં, ચિંતા કરો નહીં. મારી બેને જે ડૉક્ટરની ટ્રીટમેન્ટ લીધી હતી તેની એપોઈન્ટમેન્ટ લઈ લઉં છું.'

બે દિવસ પછી, બંને ડૉ. કુસુમની ઈન્ફર્ટીલિટી ક્લિનિકમાં ગયાં. બાળક ન થતાં હોય એવી બીજી સ્ત્રીઓને જોઈ પ્રિયંકાને થોડુંક આશ્વાસન મળ્યું. ડૉ. કુસુમે પ્રિયંકા પાસેથી બધી વિગતો જાણી.

(અનુસંધાન પાનાં ૨૩ પરે)

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 275 · ગ્રાહક : 190 · [18.06.2008]